અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

20 DECEMBER-2025 SATURDAY | Vol. : 17 | Issue : 169 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
પાકિસ્તાને કહ્યું- ભારતમાં મુસ્લિમ મહિલાનો હિજાબ ઉતારવો ખોટું : મુસ્લિમો પ્રત્યે નફરત વધી....

4 
બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય, કે જેનો અર્થ "વાતુલ "થાય છે.

6 
પ્લેન ક્રેશમાં દિગ્ગજ ખેલાડીનું પત્ની-બાળકો સહિત નિધન! ખેલ જગતમાં શોકની લહેર

7 
સોનામાં આગેકૂચ: ચાંદીમાં રેકોર્ડ તેજી આગળ વધી : વધુ રૂ.5000નો ઉછાળો

## SIR-2026ની ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર : 4.34 કરોડ મતદારો નોંધાયા, 73.73 લાખ વોટર્સના નામ કપાયા

**ગાંધીનગર, તા.19**

ગુજરાતમાં હાલ ખાસ મતદાર સુધારણા યાદી(SIR)ની કામગીરી ચાલી રહી છે. રાજ્યમાં મતદારોની ગણતરીની 100 ટકા કામગીરી પૂર્ણ થયા બાદ આજે ડ્રાફ્ટ મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. ડ્રાફ્ટ મતદાર યાદીમાં કોઈ મતદારનું નામ ન હોય અને તેની સામે વાંધો રજૂ કરવાનો હોય તો મતદાર 18મી જાન્યુઆરી સુધી એક મહિનાના સમયમાં વાંધો રજૂ કરી શકશે.

સતત દોઢ માસ ચાલેલી SIRની અસરકારક કામગીરી બાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. જમાં 4.34 કરોડ મતદારો નોંધાયા છે. જ્યારે 73.73 લાખ મતદારોના નામ મુસદ્દા મતદાર યાદીમાંથી કમી કરવામાં આવ્યાં છે. હવે તા.18મી જાન્યુઆરી,2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઈ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે.ત્યારબાદ તા.10મી ફેબ્રુઆરી,2026 સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે.

મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવાના પ્રસંગે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાએ જણાવ્યું કે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે 33 જિલ્લા ચૂંટણી અધિકારી, 182 મતદાર નોંધણી અધિકારી, 855 સહાયક મતદાર નોંધણી અધિકારી, 50,963 BLO તથા 54,443 BLA તથા 30,833 જેટલા સ્વંય સેવકોની સક્રિય ભાગીદારી રહી છે.

જો આપનું નામ મુસદ્દા મતદાર યાદીમાં ન હોય તો મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નં.6 ભરીને તેની સાથે ડેક્લેરેશન રજૂ કરીને તથા જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઈન/ઓફ લાઈન અરજી કરી શકો છો.

જો મુસદ્દા મતદાર યાદીમાં દર્શાવેલ વિગતોમાં કોઈ ભૂલ હોય તો ડેક્લેરેશન સાથે ફોર્મ નં.8 ભરીને જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઈન/ઓફ લાઈન અરજી કરી શકાય છે.

નિયત સમયર્યાદામાં કુલ 5,08,43,436 મતદારો પૈકી 4,34,70,109 મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા છે.આ તમામ ગણતરી ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઈઝેશન કરવામાં આવ્યું છે.શહેરી વિસ્તારોમાં મહાનગરપાલિકા, નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓને પણ જોડવામાં આવ્યાં હતા. ભારતના ચૂંટણી પંચ દ્વારા SIR માં સહયોગ માટે રાજ્યની તમામ મહાનગરપાલિકાઓના કમિશનરોને પણ અધિક જિલ્લા



ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં હતાં. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ 5,08,43,436 મતદાર નોંધાયેલા હતા. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા 4,34,70,109 રહેવા પામી છે.એટલે કે, SIRની ઝુંબેશ દરમિયાન કુલ 73,73,327 મતદારોના નામ મુસદ્દા મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.

વ્યાપક પ્રચાર પ્રસિધ્ધિ બાદ તથા BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યા છતાં BLOને ઉપર દર્શાવેલ મતદારો મળ્યાં નથી કે તેમના ગણતરી ફોર્મ પરત આવ્યા નથી. તેનું કારણ કદાચ તેઓ અન્ય સ્થળે સ્થાયી થઈને ત્યાનાં મતદાર બની ગયા હોય અથવા હયાત જ ન હોય અથવા નિયત સમયમાં ફોર્મ જમા ન કરાવી શક્યાં હોય અથવા તો મતદાર તરીકે નોંધણી કરાવવા ન માંગતા હોય.આવા મતદારોના નામ મુસદ્દા મતદાર યાદીમાં સામેલ નથી કરાયા. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં 5.08 કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન અવસાન પામેલા, કાયમી સ્થળાંતર કરી ગયેલા, ગણતરી દરમિયાન ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બૂથ લેવલ ઓફિસર અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે. 5.08 કરોડ ફોર્મ પૈકી ASD (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદીમાં ધ્યાને આવેલી 10.69 લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

સતત દોઢ માસ ચાલેલી કવાયત બાદ તા.1-1-2026ની લાયકાતની તારીખના આધારે આજરોજ મુસદ્દા મતદાર યાદી તમામ મતદાન કેન્દ્રો સહિત દરેક નિર્ધારીત સ્થળોએ પ્રસિધ્ધ કરવામાં આવી છે. મુસદ્દા મતદાર યાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ http://ceo.gujarat.gov.in ઉપર પણ પ્રસિધ્ધ કરવામાં આવી છે. જેની ઉપર મતદારો પોતાની વિગતો ચકાસી શકે છે.

દરેક જિલ્લામાં મુસદ્દા મતદાર યાદીની બે નકલો (1 ફોટાવાળી પ્રિન્ટેડ તથા 1 ફોટા વગરની સોફ્ટ કોપી) તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને સુપ્રત કરવામાં આવી છે. સાથે સાથે એવા મતદારો કે જેમની પાસેથી ગણતરી ફોર્મ પ્રાપ્ત નથી થયાં તેઓની યાદી પણ સુપ્રત કરવામાં આવી છે. જેથી BLA પણ જરૂર પડ્યે આવા મતદારોની સત્યતા પ્રસ્થાપિત કરી શકે. તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનીધીઓને પણ અપીલ કરવામાં આવી છે કે આ બંને યાદીની બારીકાઈથી ચકાસણી કરે અને તા.18મી ફેબ્રુઆરી,2026 સુધીમાં જો કોઈ વાંધા-દાવા હોય તો નિયત પ્રક્રિયા અનુસરીને મતદારોને સહાયરૂપ બને.નિયત સમયમાં મળેલા વાંધા-દાવાઓ વિશે ચકાસણી કરીને સબંધીત ચૂંટણી અધિકારી દ્વારા મતદારને નોટીસ મોકલીને તેની રૂબરૂ રજૂઆત બાદ જ સ્પષ્ટ હુકમ મારફતે મતદાર યાદીમાં નામ દાખલ કરવા કે ન કરવા અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે.

### સંસદના શિયાળુ સત્રમાં 8 બિલ પાસ

## કોંગ્રેસનો આરોપ- શરૂઆત ટાગોરના અને અંત મહાત્મા ગાંધીના અપમાન સાથે થયો, સત્ર બાદ પક્ષ-વિપક્ષની 'ચાય પે ચર્ચા'....

**નવી દિલ્હી, તા.19**



સંસદનું શિયાળુ સત્ર શુક્રવારે પૂર્ણ થયું. 1 ડિસેમ્બરથી શરૂ થયેલું આ સત્ર 19 ડિસેમ્બર સુધી ચાલ્યું. કેન્દ્ર સરકારે 14 બિલ રજૂ કરવાનું વચન આપ્યું હતું. વિપક્ષનો આરોપ છે કે ફક્ત 12 બિલ રજૂ કરવામાં આવ્યા હતા. બંને ગૃહોમાં આઠ બિલ પસાર થયા હતા અને બેને સમિતિમાં મોકલવામાં આવ્યા હતા. સરકારે કેટલાક બિલ બિલ રજૂ કર્યા ન હતા.

કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે આરોપ લગાવ્યો હતો કે, 'સત્ર રવિન્દ્રનાથ ટાગોરના અપમાનથી શરૂ થયું હતું અને મહાત્મા ગાંધીના અપમાન સાથે સમાપ્ત થયું હતું. પીએમ મોદીની રણનીતિ સ્પષ્ટ હતી: આધુનિક ભારત બનાવનારા ત્રણ લોકો (ટાગોર, મહાત્મા ગાંધી અને જવાહરલાલ નેહરુ)નું અપમાન કરવું.'

રમેશે કહ્યું, 'વંદે માતરમ પર ચર્ચાનો હેતુ સરકાર દ્વારા નેહરુની બદનામી અને ઈતિહાસનું વિકૃતિકરણ કરવાનો હતો. 1937માં ટાગોરની ભલામણ પર CWCએ નિર્ણય લીધો કે વંદે માતરમના પહેલા બે છંદ રાષ્ટ્રગીત તરીકે ગાવામાં આવશે. મનરેગા બિલને GRAMG બિલ સાથે બદલવા એ મહાત્મા ગાંધીનું અપમાન છે.'

સંસદ સત્ર પછી પક્ષ અને વિપક્ષ વચ્ચે ચાય પે ચર્ચા થઈ. ખાસ વાત એ છે કે, વાયનાડના સાંસદ પ્રિયંકા ગાંધીને રાજનાથ સિંહની બાજુમાં બેઠક આપવામાં આવી છે. પ્રિયંકા રક્ષા મંત્રી સાથે ચા પી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રક્ષા મંત્રીની બાજુમાં બેઠા છે. આ બેઠકમાં સમગ્ર વિપક્ષ દેખાઈ રહ્યો છે.

પક્ષ-વિપક્ષની ચાય પે ચર્ચા બાદ હવે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે કે આ બેઠકમાં શું-શું વાતો થઈ? સૂત્રોના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પ્રિયંકા ગાંધી વચ્ચે કોંગ્રેસના મહાસચિવના મતવિસ્તાર કેરળના વાયનાડ અંગે ચર્ચા થઈ છે.કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી અને વડાપ્રધાન મોદી વચ્ચેની વાતચીતને સૌહાર્દપૂર્ણ અને સકારાત્મક ગણાવવામાં આવી રહી છે, જે ગૃહમાં શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચેની કડવાશથી વિપરીત છે. બેઠક દરમિયાન, સભ્યોએ નવા સંસદ ભવનમાં સમર્પિત હોલની માંગણી વડાપ્રધાન સમક્ષ કરી. એક વરિષ્ઠ મંત્રીએ જવાબ આપ્યો કે જૂના સંસદ ભવનમાં આવી વ્યવસ્થા હતી, પરંતુ તેનો ભાગ્યે જ ઉપયોગ થતો હતો. સભ્યોએ વડાપ્રધાન મોદીને એમ પણ કહ્યું કે આ સત્ર ખૂબ જ મહત્વનું હતું, જો કે તેને વધુ લંબાવી શકાયું હોત.

સાંસદોએ પીએમ મોદીને જણાવ્યું હતું કે મોડી રાત્રે બિલ પસાર કરવાને આદર્શ માનવામાં આવતું નથી. સત્રની શરૂઆતથી જ, ઘણા સભ્યો, ખાસ કરીને વિપક્ષી પક્ષોના સભ્યો, ઓછામાં ઓછા એક અઠવાડિયાનો સમય લંબાવવાની માંગ કરી રહ્યા હતા.આ ચાય પે ચર્ચામાં હળવાશથી એવું પણ કહેવામાં આવ્યું હતું કે વિપક્ષના સતત વિરોધને કારણે સત્ર પ્રમાણમાં ટૂંકું રહ્યું. વડાપ્રધાન મોદીએ પણ આ વાત પર મજાકમાં કહ્યું કે તેઓ વિપક્ષના અવાજ પર વધુ ભાર મૂકવા માંગતા નથી. મોદીએ કેરળના લોકસભા સાંસદ એનકે પ્રેમચંદ્રન જેવા વિપક્ષી સભ્યોના યોગદાનની પણ પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ હંમેશા ગૃહમાં ચર્ચા માટે સંપૂર્ણ તૈયારી સાથે આવે છે. આ ચાય પે ચર્ચાને ગૃહમાં કડવાશથી દૂર, સૌહાર્દપૂર્ણ ગણાવવામાં આવી રહી છે.

શુક્રવારે સંસદના શિયાળુ સત્રનો છેલ્લો દિવસ છે, સત્ર 1 ડિસેમ્બરથી શરૂ થયું હતું. સત્ર દરમિયાન, વંદે માતરમ અને ચૂંટણી સુધારા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

## દિલ્હીમાં છઠ્ઠા દિવસે પણ હવા ઝેરી, AQI 387 : ધુમ્મસના કારણે ઘણી ફ્લાઈટ્સ રદ

**નવી દિલ્હી, તા.19**

દિલ્હીમાં ગુરુવારથી પ્રદૂષણ વિરુદ્ધ કડક નિયમો લાગુ થઈ ગયા છે. તેમ છતાં શુક્રવારે સતત છઠ્ઠા દિવસે હવા અત્યંત ખરાબ રહી. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) અનુસાર, સવારે લગભગ 8 વાગ્યે દિલ્હીમાં એર ક્વોલિટી (AQI) 387 નોંધવામાં આવી. શહેરમાં હવાની ગુણવત્તા ગુરુવારની સરખામણીમાં વધુ બગડી છે. ગઈકાલે સાંજે 4 વાગ્યે શહેરનો AQI 373 હતો. પ્રદૂષણની સાથે શહેરના મોટાભાગના વિસ્તારો ઝેરી ધુમ્મસ (સ્મોગ) ની ઝપેટમાં છે. ITO, ગાઝીપુર, પાલમ અને ગ્રેટર નોઈડાની આસપાસના વિસ્તારો પણ ગાઢ ધુમ્મસથી ઘેરાયેલા રહ્યા.

દિલ્હીના IGI એરપોર્ટ પર આજે સવારથી ઘણી ફ્લાઈટ્સ રદ



થઈ ગઈ છે. ઘણી કલાકો મોડી ચાલી રહી છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી ઘણી એરલાઈન્સે શુક્રવારે ફ્લાઈટ્સને અસર થવાની આશંકાને લઈને મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી છે. દિલ્હી એરપોર્ટે પણ કહ્યું કે ઓછી વિઝિબિલિટીને કારણે કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. આ પહેલા ગુરુવારે ધુમ્મસને કારણે એરપોર્ટ પર વિઝિબિલિટી 100 મીટરથી પણ ઓછી રહી ગઈ હતી. આને કારણે 27 ફ્લાઈટ્સ રદ કરવી પડી. 100થી વધુ વિમાનો મોડા ઉડ્યા. 80થી વધુ ટ્રેનો મોડી પડી.

દિલ્હીમાં ગુરુવારથી ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) નો ચોથો તબક્કો લાગુ થઈ ગયો છે. આ અંતર્ગત દિલ્હીમાં ફક્ત BS-6 એન્જિનવાળી ગાડીઓને જ એન્ટ્રી મળી રહી છે. BS-6 ધોરણથી જૂના બહારના વાહનોની એન્ટ્રી રોકી દેવામાં આવી છે.

દિલ્હીમાં 'નો PUC, નો ફ્યુઅલ' નિયમ પણ લાગુ થઈ ગયો છે, જે અંતર્ગત પોલ્યુશન અંડર કંટ્રોલ (PUC) સર્ટિફિકેટ વિના વાહનોને પેટ્રોલ, ડીઝલ કે CNG આપવામાં આવશે નહીં. 'નો PUC-નો ફ્યુઅલ' અંતર્ગત ગુરુવારે 3,700 વાહનોના મેમો આપવામાં આવ્યા. 570 વાહનોને બોર્ડર પરથી પાછા મોકલવામાં આવ્યા.

## મહેબૂબાની દીકરીની નીતિશને ધમકી : જો હવે નકાબને હાથ લગાવ્યો તો પાઠ ભણાવીશું, ચાર રાજ્યોમાં FIR

**શ્રીનગર, તા.19**

બિહારમાં એક મહિલા ડોક્ટરનો હિજાબ હટાવવા મામલે મુખ્યમંત્રી નીતિશ કુમારની અન્ય રાજ્યોમાં પણ ટીકા થઈ રહી છે. જમ્મુ-કાશ્મીરના પૂર્વ CM મહેબૂબા મુફ્તીની પુત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)ના નેતા ઈલ્તિજા મુફ્તીએ શુક્રવારે બિહારના CM સામે શ્રીનગરમાં FIR નોંધાવી છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર વિરુદ્ધ બેંગલુરુ, લખનઉ, ઝારખંડની રાજધાની રાંચી અને શ્રીનગરમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઈલ્તિજા મુફ્તીએ મીડિયા સાથે વાત કરતા નીતિશ કુમારને ચેતવણી આપી અને કહ્યું- તમને (નીતિશ) કોઈ હક નથી કે તમે અમારા નકાબ કે હિજાબને હાથ લગાવો. જો હવે તમે અમારા હિજાબને હાથ લગાવ્યો, તો અમે મુસ્લિમ મહિલાઓ તમને એવો પાઠ ભણાવીશું કે આખી જીંદગી ભૂલશો નહીં.

ઈલ્તિજાએ કહ્યું- નીતિશ કુમારે જે કૃત્ય કર્યું છે, તેના માટે તેમણે માફી માંગવી જોઈએ. પરંતુ માફી માંગવાને બદલે ભાજપના નેતાઓ અશ્લીલ નિવેદનબાજી કરી રહ્યા છે. ગિરિરાજ સિંહ કહે છે કે મુસલમાનો નરકમાં જાય. અમે નરકમાં શા માટે જઈએ? જો તમે મુસ્લિમ મહિલાનો હિજાબને હાથ લગાવ્યો છે, તો પરિણામ ભોગવવા તૈયાર રહો.

ખરેખરમાં, બિહારના CM નીતિશ 15 ડિસેમ્બરે રાજધાની પટનામાં એક સમારોહમાં 1,283 આયુષ ડોકટરોને નિમણૂક પત્રો આપી રહ્યા હતા. આ દરમિયાન



એક મહિલા ડોક્ટર, નુસરત પરવીન હિજાબ પહેરીને મંચ પર આવી હતી. આ દરમિયાન નીતિશે નિમણૂક પત્ર આપતી વખતે અચાનક બધાની સામે મહિલાનો હિજાબ ખેંચી લીધો હતો.

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગુરુવારે હિજાબની ઘટના પર કહ્યું- એક ક્ષણ માટે ભૂલી જાઓ કે તે એક મુસ્લિમ મહિલા હતી અને હિજાબ પહેર્યો હતો. તેમ છતાં, કોઈ મહિલા સાથે આ રીતે વર્તવું કે તેના કપડાંને આ રીતે સ્પર્શ કરવો કેવી રીતે યોગ્ય છે? અબ્દુલ્લાએ કહ્યું- નીતિશ કુમારને એક મહિલાના કપડાં ખેંચવાની શું જરૂર પડી? મુખ્યમંત્રી નીતિશે પોતાની ભૂલ સ્વીકારવી જોઈએ. તે ડોક્ટરને બોલાવીને માફી માંગવી જોઈએ. મહિલા મુસલમાન છે તેથી ભાજપ નીતિશનું સમર્થન કરી રહ્યું છે. તેમની પાસેથી બીજી શું અપેક્ષા રાખી શકાય?

નુસરતની મિત્રએ કહ્યું- કાલે નોકરી જોઈન કરશે નુસરત, તે હંમેશા હિજાબમાં જ રહે છે, CMએ જે કર્યું તે ખોટું- કોઈને પણ શરીરને ટચ કરવાનો હક નથી મુસ્લિમ મહિલા ડો. નુસરત પરવીનનો હિજાબ ખેંચવા પર એક તરફ જ્યાં બિહારમાં રાજકારણ ગરમાયું છે. ત્યાં બીજી તરફ ડો. નુસરત પરવીનને CM નીતિશ કુમારથી કોઈ નારાજગી નથી.

રાજકીય તિબ્બી કોલેજના પ્રિન્સિપાલ પ્રો.(ડો.) મોહમ્મદ મહફુઝુર રહેમાને નોકરી ન જોઈન કરવાની અટકળો પર વિરામ મૂકતા કહ્યું, 'ડો. નુસરત પરવીનની તેની મિત્ર સાથે વાત થઈ છે. તેણે કહ્યું છે કે તે મુખ્યમંત્રીથી નારાજ નથી. આવતીકાલે 20 ડિસેમ્બરે નોકરી જોઈન કરશે.'

ખરેખરમાં, 15 ડિસેમ્બરે જોઈનિંગ લેટર વિતરણ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી નીતિશ કુમારે નુસરતનો હિજાબ ખેંચ્યો હતો. ત્યારથી આ મામલો ગરમાઈ રહ્યો છે, કેટલાક લોકો નારાજગી પણ વ્યક્ત કરી રહ્યા છે. નુસરત પરવીનને કોલેજમાં ભણાવતા તેના એક શિક્ષકે જણાવ્યું 'નુસરત ભણવામાં ઘણી હોશિયાર છે.



# ત્રિ-દિવસીય 'સશક્ત નારી મેળા'નો પ્રારંભ : ખાણી-પીણી, ક્રાફ્ટ ચીજ-વસ્તુ સહિતના 100 સ્ટોલ, ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને કૃષિ મંત્રીએ મુલાકાત લીધી....





**ભાવનગર, તા.19**

રાજ્ય સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત, મહિલા નેતૃત્વ વિકાસ અને સ્વદેશી સશક્તિકરણના વિઝનને સાકાર કરવાના હેતુથી સમગ્ર ગુજરાતમાં 'સશક્ત નારી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પહેલના ભાગરૂપે, ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા 19થી 21 ડિસેમ્બર દરમિયાન જવાહર મેદાન ખાતે ત્રિ-દિવસીય સશક્ત નારી મેળાનો ભાવનગર જિલ્લાના પ્રભારી કૌશિક વેકરિયાના હસ્તે પ્રારંભ થયો છે. મેળાના ઉદઘાટન બાદ મંત્રી કૌશિક વેકરિયા તથા કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ મેળામાં ઊભા કરાયેલા વિવિધ સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

ભાવનગર જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિક વેકરિયાના હસ્તે જવાહર મેદાન ખાતે 'સશક્ત નારી મેળા'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણી ઉપસ્થિત રહ્યાં હતાં. મંત્રી કૌશિક વેકરિયાએ મેળામાં ઊભા કરાયેલા વિવિધ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી અને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

ત્રિ-દિવસીય 'સશક્ત નારી મેળા'માં 100 સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યાં છે. સ્ટોલમાં ક્રાફ્ટ ચીજ-વસ્તુઓ જેવી કે હેન્ડીક્રાફ્ટ, જવેલરી, હર્બલ પ્રોડક્ટ, વુડન ટોઈઝ, ડેરી પ્રોડક્ટ, આયુર્વેદિક પ્રોડક્ટનું સ્વસહાય જૂથના મહિલાઓ અને ઉદ્યોગ સાહસિકો દ્વારા વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત દુધની પ્રોડક્ટ, હેલ્ધી ફૂડ મિલેટ, ખાખરા પાપડ અથાણા, મસાલા વગેરે પ્રોડક્ટનું પણ વેચાણ કરવામાં આવશે. આમ આ મેળામાં જિલ્લાની મહિલા ઉદ્યોગ સાહસિકો દ્વારા તૈયાર કરાયેલા વિવિધ સ્વદેશી ઉત્પાદનો, હસ્તકલા સામગ્રી અને અન્ય ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ થશે.

સશક્ત નારી મેળામા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના- 48, કૃષિ વિભાગના-13, મહિલા આર્થિક વિકાસ નિગમના -7, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર-9, મહિલા આર્થિક વિકાસ નિગમ-7, ભાવનગર મહાનગર પાલિકા-15, કો-ઓપરેટીવ -3 અને વન વિભાગમાંથી 1 સ્ટોલનું રાખવામાં આવ્યા છે. આ મેળા થકી ભાવનગર જિલ્લાની અનેક મહિલાઓ માટે પ્રેરણાદાયી બનશે. આ મેળાનો મુખ્ય હેતુ સ્વસહાય જૂથની મહિલાઓને 'લોકલ ફોર વોકલ' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાન અંતર્ગત સ્વદેશી વસ્તુઓનું વેચાણ કરીને આત્મનિર્ભર બનાવવાનો છે.

આ વેળાએ જિલ્લા કલેક્ટર ડો.મનીષ કુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરૂ, અગ્રણી દિગ્વિજયસિંહ ગોહિલ, દિવ્યેશ સોલંકી સહિત જિલ્લા અધિકારીઓ-પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં સ્વસહાય જુથ તેમજ ઉદ્યોગ સાહસિક મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# 31st ડિસેમ્બર પર સુરત પોલીસનો માસ્ટર પ્લાન:ફાર્મ હાઉસની ખાનગી પાર્ટીઓ પર 'ડ્રોન'થી નજર રાખશે, મુંબઈ-દિલ્હીથી આવેલા 18 લાખના 'ગ્લેમરસ' હુક્કા પોલીસના કબજામાં....

**સુરત, તા.19**

વર્ષ 2025ને વિદાય આપવા અને નવા વર્ષ 2026ને આવકારવા માટે સુરત તૈયાર થઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ સુરત પોલીસ પણ અસામાજિક તત્વો અને નશાના સોદાગરોને પકડવા માટે સજ્જ થઈ છે. સામાન્ય રીતે 31મી ડિસેમ્બરની રાત્રે દારૂની મહેફિલો પર પોલીસ ત્રાટકતી હોય છે, પરંતુ આ વર્ષે સુરત પોલીસનું ધ્યાન માત્ર દારૂ જ નહીં પણ 'હુક્કા પાર્ટી' પર પણ કેન્દ્રિત થયું છે. શહેરમાં વધી રહેલા હુક્કાના ક્રેઝ અને તેના કારણે બરબાદ થઈ રહેલા યુવાધનને બચાવવા સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ અત્યારથી જ કમરકસી છે.

સુરત શહેરની આસપાસ આવેલા લક્ઝરી ફાર્મ હાઉસો અને ઓપન પ્લોટમાં થતી ખાનગી પાર્ટીઓ પર આ વખતે પોલીસ ડ્રોન દ્વારા નજર રાખશે. જો તમે એમ વિચારતા હોવ કે ચારેય બાજુ ઊંચી દીવાલો કે જંગલ જેવા વિસ્તારમાં હુક્કાના ધુમાડા કાઢીને બચી જશો, તો તે તમારી ભૂલ હશે. પોલીસ કમિશનરની સૂચના મુજબ, શહેરના ડુમસ, વેસુ, અડાજણ અને હાઈવે પરના વિસ્તારોમાં ડ્રોન ઉડાવી ચેકિંગ કરવામાં આવશે. જ્યાં પણ હુક્કાના ચલણ જોવા મળશે ત્યાં તુરંત જ પોલીસની ટીમ રેડ પાડશે.



છેલ્લા ત્રણ દિવસથી સુરત SOG દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. પોલીસને બાતમી મળી હતી કે, કેટલીક દુકાનોમાં પ્રતિબંધિત હુક્કા અને વિદેશી તમાકુનું વેચાણ થઈ રહ્યું છે. આ ડ્રાઈવ દરમિયાન SOG એ 4 મોટી હુક્કા શોપ પર દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને આશ્ચર્ય થયું હતું કે, આ દુકાનોમાંથી બિનહિસાબી અને ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલો અંદાજે 18 લાખ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો છે.

આ હુક્કાઓ અને ફ્લેવર્સ મોટેભાગે મુંબઈ અને દિલ્હીના બજારોમાંથી લાવીને સુરતમાં વેચવામાં આવતા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ તમામ વેચાણ કોઈપણ પ્રકારના પાકા બિલ વગર કરવામાં આવતું હતું. જેને પગલે હવે પોલીસ જીએસટી અને આવકવેરા વિભાગને પણ જાણ કરવાની તૈયારી કરી રહી છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, શહેરનું યુવાધન વ્યસન તરફ ન વળે તે માટે પોલીસ સતર્ક છે. ખાસ કરીને જે રીતે 'ગોગો પેપર' વિરુદ્ધ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, તે જ રીતે હુક્કાનું વેચાણ ન થાય તે માટે પણ પોલીસ કાર્ય કરી રહી છે. હાલ ચાર જગ્યાએ તપાસ કરી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને અલગ-અલગ ફ્લેવરના તમાકુના નમૂના એફ.એસ.એલ. (FSL) માં પણ મોકલવામાં આવ્યા છે. વિદેશી ભાષામાં લખેલા તમાકુના પેકેટો પણ મળી આવ્યા છે, જેની તપાસ ચાલુ છે. બિલ વગરના જેટલા પણ હુક્કા અને અન્ય પદાર્થો છે તેની તપાસ કરવામાં આવી રહી છે અને જી.એસ.ટી. તથા આવકવેરા વિભાગને પણ આ અંગે જાણ કરવામાં આવી શકે છે.

હુક્કા માટે વપરાતા તમાકુમાં ફળ આધારિત, મિન્ટ, સ્વીટ તથા મિક્સ ફ્લેવરનો સમાવેશ થાય છે. ફળ આધારિત ફ્લેવરમાં એપલ, ડબલ એપલ, દ્રાક્ષ, કેરી, સ્ટ્રોબેરી, નારંગી, અનાનાસ, તરબૂચ, લીચી, બ્લૂબેરી અને ચેરી જેવા સ્વાદ વધુ લોકપ્રિય છે. મિન્ટ અને ફ્રેશ ફ્લેવરમાં મિન્ટ, આઈસ મિન્ટ, લેમન મિન્ટ અને ગ્રેપ મિન્ટનો ઉપયોગ થાય છે, જે હુક્કાને ઠંડક આપે છે. સ્વીટ અને ડેઝર્ટ પ્રકારના ફ્લેવરમાં ચોકલેટ, વેનિલા, કોફી, કેરેમલ, કોકોનટ અને હનીનો સમાવેશ થાય છે; જ્યારે ખાસ પ્રકારના ફ્લેવરમાં પાન, ગુલાબ, લેવેન્ડર તથા વિવિધ મસાલા મિક્સ ફ્લેવર પણ મળે છે. આજકાલ બ્લૂબેરી મિન્ટ, એપલ મિન્ટ અને ટ્રોપિકલ મિક્સ જેવા કોમ્બિનેશન યુવાનોમાં ખૂબ પસંદ કરવામાં આવે છે.

હુક્કા અત્યારે વિવિધ પ્રકારમાં ઉપલબ્ધ છે, જેમાં મુખ્યત્વે કાચના અને બેટરીથી ચાલતા હુક્કાનો સમાવેશ થાય છે. કાચના હુક્કામાં બેઝ અને ક્યારેક આખી બોડી કાચની બનેલી હોય છે, જેથી ફ્લેવર શુદ્ધ મળે છે અને દેખાવ આકર્ષક લાગે છે. કેટલાક મોડેલમાં સ્ટીલ અથવા મેટલ સ્ટેમ સાથે કાચનો બેઝ હોય છે, જે વધુ મજબૂત ગણાય છે. બીજી તરફ, બેટરીથી ચાલતા પોર્ટેબલ અથવા ઈલેક્ટ્રિક હુક્કા પણ મળે છે, જે યુ.એસ.બી. (USB) દ્વારા ચાર્જ થાય છે અને કોલસા વગર સરળતાથી ઉપયોગમાં લઈ શકાય છે; તેથી મુસાફરી કે બહારના વપરાશ માટે તે વધુ અનુકૂળ છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં વિદેશી તમાકુ મુખ્યત્વે મધ્ય પૂર્વ, યુરોપ અને કેટલાક એશિયન દેશોમાંથી આવે છે. ખાસ કરીને યુનાઈટેડ આરબ અમીરાત (દુબઈ), તુર્કી, ઈરાન, જોર્ડન અને ઈજિપ્ત જેવા દેશોમાંથી શીશા અને હુક્કા તમાકુ વધુ પ્રમાણમાં આવે છે, કારણ કે ત્યાં તેના ઉત્પાદનની મોટી કંપનીઓ આવેલી છે. ઉપરાંત અમેરિકા, જર્મની અને રશિયા જેવા દેશોમાંથી પણ બ્રાન્ડેડ ફ્લેવરવાળો વિદેશી તમાકુ આયાત થતો જોવા મળે છે. આ તમાકુ કાયદેસર રીતે આયાત-નિકાસના નિયમો હેઠળ આવે છે, પરંતુ કેટલીકવાર તે ગેરકાયદેસર રીતે સ્મગલિંગ દ્વારા પણ દેશમાં પ્રવેશ કરે છે.

**ગુજરાત વિજ વિભાગનાં એન્જીનીયર્સ એસોસીએશનનું 27મુ અધિવેશન જુનાગઢમાં યોજાશે**

# સરકારનાં પદાધિકારીઓની ઉપસ્થિતીમાં ઈજનેરોનાં અધિવેશનમાં થશે ઠરાવો, નવા ત્રિવાર્ષિક સમયની કોર કમીટીની થશે રચના....

**રાજકોટ, તા.19**

ગુજરાત રાજ્યનાં વિજ વિભાગનાં એન્જીનીયર્સ એસોસીએશન એટલે કે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમિટેડ હેઠળની વીજ કંપનીઓ GETCO, GSECL, PGVCL, DGVCL, MGVCL અને UGVCLના તમામ કંપનીઓમાં કામ કરતા વીજ ઈજનેરો જુનિયર ઈજનેરથી લઈને ચીફ ઈજનેર સુધીના મેમ્બરો મળીને અંદાજે સાત હજારથી વધુ સભ્યો આ એસોસીએશન સાથે જોડાયેલા છે. અધિવેશનમાં આગામી ત્રણ વર્ષ એટલે કે 2026થી 2028 દરમ્યાનનાં સમયગાળા માટે GEBEA સંગઠનના હોદ્દેદારોની વરણી કરવામાં આવશે.

ગુજરાત ઈલેક્ટ્રીક બોર્ડ એન્જીનીયર એશોસીયેશનનું 27મું ત્રિ-વાર્ષિક અધિવેશન જુનાગઢ ખાતે જુના બાયપાસ રોડ ઊપર ધોરાજી ચોકડી નજીક આવેલ સરદાર પટેલ શૈક્ષણિક સંકુલ જોષીપરાની વિશાળ જગ્યામાં આગામી તારીખ 27 અને 28 ડિસેમ્બરના રોજ યોજાનાર છે. અધિવેશનમાં ગુજરાત ભરમાંથી 5000થી વધુ ઈજનેરો પરિવાર સાથે ઉપસ્થિત રહેશે. હાલ GEBEAના પ્રેસિડેન્ટ ગોરધનભાઈ ઝડફિયાના માર્ગદર્શન નીચે સંપૂર્ણ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેબીનેટ ઊર્જામંત્રી



ઋષિકેશભાઈ પટેલ, તેમજ રાજ્યકક્ષાના ઊર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયા, ઉપરાંત જુનાગઢના સાંસદ, ધારાસભ્યો અને મેયર, તેમજ અન્ય અગ્રણીઓ ઉપરાંત ઊર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ તેમજ GUVNLના મેનેજીંગ ડીરેક્ટર અને તમામ ઉચ્ચ અધિકારીઓ અને તમામ સંલગ્ન કંપનીઓના મેનેજીંગ ડાયરેક્ટરો તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. આ માટે જુનાગઢ GETCO અને PGVCLના અધિકારીઓ દ્વારા દરેક વિભાગની કમિટીઓ નીમવામાં આવી છે. જેમાં એક્ઝીક્યુટીવ કમિટી તેમજ તેની નીચે 20 જેટલી અન્ય કમિટીઓની રચના કરવામાં આવી છે. અધીવેસન બે દિવસ ચાલનાર હોય જેમાં તારીખ 27 ડીસેમ્બરના રોજ GEBEA મેમ્બર તથા અધિકારીઓ બપોરના 3 વાગ્યાથી સેન્ટ્રલ મેનેજીંગ કમિટીની મીટીંગ મળશે જેમાં GEBEAને લગતા વિવિધ ઠરાવો પસાર થશે. રાત્રી ભોજન બાદ સંગીત સંધ્યા યોજાશે તા.28 ડીસેમ્બરના રોજ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ઊર્જામંત્રી કેબીનેટ અને રાજ્યકક્ષાના તેમજ GEBEAના પ્રેસિડેન્ટ ગોરધનભાઈ ઝડફિયા તેમજ આમંત્રિત રાજકીય મહેમાનો તેમજ ઉચ્ચ અધિકારીઓ અને GEBEA કોર બોડીની હાજરીમાં મુખ્ય કાર્યક્રમ થશે. ત્યારબાદ બપોરે 3 થી 5 વાગ્યા સુધી GEBEA જનરલ બોડી મીટીંગમાં GEBEAની કામગીરીની ચર્ચા વિચારણા તેમજ GEBEAના બંધારણને લગતા સુધારા વધારા વગેરે ઠરાવો કરવામાં આવશે.

ત્યારબાદ નવી કોર બોડી તેમજ સેન્ટ્રલ મેનેજીંગ કમિટીના સભ્યો ગુજરાત ભરની તમામ વીજ કંપનીઓ માંથી ઉમેદવારી કરનાર ઉમેદવારોનું લોકશાહી ઢબે ચૂંટણી પ્રક્રિયા ચાલુ થશે. અને મુખ્ય ચુંટણી અધિકારી ચૂંટણીનું પરિણામ જાહેર કરશે. અને તેમાંથી ચૂંટાયેલા ઉમેદવારો આગામી 2026 થી 2028 સુધી GEBEA સંગઠનનું નેતૃત્વ કરશે. આ ગુજરાતનું સૌથી મોટું ઓફીસર્સ એસોસીએશનનું અધિવેશન હાઈટેક ટેકનોલોજી દ્વારા આયોજીત થઇ રહ્યુ છે. રાજકોટ ઝોનલ નીચે આવતા GETCOના તમામ સર્કલો તેમજ PGVCLના તમામ સર્કાલોમાંથી ઈજનેરોની પણ આ કમિટીમાં કામગીરી માટે સહયોગ લેવાઈ રહ્યો છે.

# કુખ્યાત શિવા ટકલા ગેંગ પર ગુજસીટોકનો સકંજો

## આરોપીઓ 2013થી અત્યાર સુધીમાં હત્યા, લૂંટ, આર્મ્સ એક્ટ અને પ્રોહિબિશનના 17થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા

**સુરત, તા.19**

સુરત શહેરના ગોડાદરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકનાર શિવા ટકલા ગેંગ વિરુદ્ધ સુરત પોલીસે મોટી કાર્યવાહી કરી છે. તાજેતરમાં થયેલા ડબલ મર્ડર અને અપહરણના ગંભીર ગુના બાદ, સુરત પોલીસે આ સંગઠિત ટોળકીના લીડર શિવાકાંત ઉર્ફે શિવા ટકલા અને તેના સાગરીતો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ગેંગના મૂળિયાં ઉખેડી નાખવાની કવાયત હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહીના પાયામાં ગત 3 ડિસેમ્બર 2025ના રોજ બનેલી એક ક્રૂર ઘટના છે. શિવા ટકલા અને તેની ગેંગે માત્ર 20,000 રૂપિયાની ખંડણી માટે નાઝીમ ઉર્ફે ભાંજા અને તેના સાથીઓ પર લોખંડના પાઈપ અને લાકડાના ફટકા વડે ઘાતક હુમલો કર્યો હતો. આ હુમલામાં સોયેબ નામના યુવાનનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે નાઝીમ અને ઈર્શાદનું અપહરણ કરી તેમને મહારાષ્ટ્ર તરફ લઈ જવામાં આવ્યા હતા. રસ્તામાં નાઝીમનું પણ કરુણ મોત નીપજતા આરોપીઓ તેની



લાશ હોસ્પિટલ પાસે ફેંકીને ફરાર થઈ ગયા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, શિવાકાંત લલન યાદવે આર્થિક રીતે સદ્ધર થવા માટે શિવા ટકલા ગેંગ નામની એક ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટ બનાવી હતી. આ ગેંગના સભ્યોમાં અમિત ઉર્ફે પ્રધ્યુમન યાદવ, આસીફ શેખ, જગદીશ મેવાડા, મેહુલ ખૈર, પવનકુમાર ચૌહાણ, બીપીન ગડરીયા અને શુભમ નાવીક જેવા રીઢા ગુનેગારોનો સમાવેશ થાય છે. આ ટોળકી ગોડાદરા વિસ્તારમાં ગેરકાયદે દારૂ, ખંડણી અને હત્યા જેવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં આતંક મચાવતી હતી.

મુખ્ય આરોપી શિવા ટકલાનો ગુનાહિત ઈતિહાસ અત્યંત ચોંકાવનારો છે. વર્ષ 2013થી અત્યાર સુધીમાં તેની વિરુદ્ધ હત્યા, હત્યાની કોશિશ, લૂંટ, આર્મ્સ એક્ટ અને પ્રોહિબિશનના 17થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તેની ક્રૂરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તે અગાઉ ચાર વખત પાસા (PASA) હેઠળ જેલવાસ ભોગવી ચુક્યો છે અને સુરતમાંથી તડીપાર થયા હોવા છતાં તેની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી. તેવી જ રીતે સહ-આરોપી અમિત યાદવ પણ હત્યાના કેસમાં સંડોવાયેલો છે અને પાસા ભોગવી ચૂક્યો છે.

ગોડાદરા ડબલ મર્ડર કેસના મુખ્ય આરોપી અને કુખ્યાત 'શિવા ટકલા ગેંગ'ના લીડર શિવાકાંત ઉર્ફે શિવા ટકલાને પકડવા ગયેલી પોલીસ પર આરોપીએ હુમલો કરવાનો પ્રયાસ કરતા, પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી. દેવત ગામ પાસે સર્જાયેલા આ હાઈ-વોલ્ટેજ ડ્રામા બાદ પોલીસે ઘાયલ શિવા ટકલાને સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો, જ્યાં સારવાર બાદ તેની વિધિવત ધરપકડ કરવામાં આવી છે.

# રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી : 16 પદ માટે 40 ઉમેદવારો મેદાનમાં....

## ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ અને આરબીએ પેનલ વચ્ચે કાંટે કી ટક્કર, 4200 મતદારો કરશે મતદાન

**રાજકોટ, તા.19**

રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી માટે મતદાન આજે(19 ડિસેમ્બર) સવારે 9 વાગ્યાથી શરૂ થઇ ચૂક્યું છે. તેમાં ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલ વર્સિસ આરબીએ પેનલ વચ્ચે કાંટે કી ટક્કર છે. 16 પદ માટે કુલ 40 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે અને 4200 જેટલા મતદારો છે જે આજની ચૂંટણીના ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. ઉલ્લેખનીય છે કે ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા આજે બપોરે 3 વાગ્યા સુધી ચાલુ રહેશે અને 4 વાગ્યા બાદ મતગણતરી શરૂ થશે જે મોડી રાત સુધી ચાલશે. ત્યારે ભાજપ વર્સીસ ભાજપની પેનલમાં કોની થશે જીત અને કોનો થશે પરાજય તેના પર સૌકોઈની નજર મંડાયેલી છે.

રાજકોટના જામનગર રોડ પર આવેલા કોર્ટ બિલ્ડિંગમાં આજે બાર એસોસિએશનની ચૂંટણી માટે મતદાન સવારે 9 વાગ્યાથી શરૂ થઇ ચૂક્યું છે જે બપોરે 3 વાગ્યા સુધી ચાલુ રહેશે. આજની આ ચૂંટણીમાં ભાજપ વર્સીસ ભાજપ એટલે ભાજપ લીગલ સેલ પ્રેરિત બન્ને પેનલો આમને-સામને ટકરાશે. જેમાં એકબાજુ ભાજપ લીગલ સેલ પ્રેરિત સુરેશભાઈ ફળદુની સમરસ પેનલ મેદાનમાં ઉતરી છે તો બીજીબાજુ બીસીઆઇના સભ્ય દિલીપ પટેલના સમર્થનવાળી આરબીએ પેનલ મેદાનમાં ઉતરી છે.

સવારે 9 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી મતદાન થશે અને ત્યારબાદ બપોરે 4 વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે જે મોડી રાત સુધી ચાલશે. આ ચૂંટણીમાં પ્રમુખપદ માટે 4, ઉપપ્રમુખ પદ માટે 2, સેક્રેટરી પદ માટે 4, જોઈન્ટ સેક્રેટરીમાં 3, ટ્રેઝરર (મહિલા અનામત)માં 2 અને



લાઈબ્રેરી સેક્રેટરીમાં 4 ઉમેદવાર છે. જ્યારે કારોબારીમાં મહિલા અનામતમાં 8 અને જનરલ કેટેગરીમાં 15 ઉમેદવાર મેદાનમાં છે. રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણીમાં RBA પેનલના ઉમેદવારમાં પ્રમુખ ઉમેદવાર તરીકે સુમિત વોરા, ઉપપ્રમુખ તરીકે બિમલ જાની, સેક્રેટરી તરીકે નિલેશ પટેલ, જો.સેક્રેટરી તરીકે જયેન્દ્ર ગોંડલીયા, ટ્રેઝરર તરીકે પ્રગતિ માકડીયા, લાઈબ્રેરી સેક્રેટરી તરીકે કેતન મંડ અને કારોબારી સભ્ય (સામાન્ય) તરીકે સંજય ડાંગર, સ્તવન મહેતા, ભાર્ગવ પંડ્યા, વિજય રૈયાણી, અશ્વિન રામાણી, હસમુખ સાગઠીયા, કલ્પેશ સાકરીયા જયારે કારોબારી સભ્ય (મહિલા અનામત) તરીકે નિશાબેન લુણાગરીયા, મિનલબેન સોનપાલ અને રક્ષાબેન ઉપાધ્યાય ઉમેદવારી નોંધાવી છે.

બીજી બાજુ સમરસ પેનલના ઉમેદવારમાં પ્રમુખ તરીકે સુરેશ ફળદુ, ઉપપ્રમુખ તરીકે સિધ્ધરાજસિંહ જાડેજા, સેક્રેટરી તરીકે મેહુલ મેહતા, જોઈન્ટ સેક્રેટરી તરીકે સંદિપ વેકરીયા, ટ્રેઝરર તરીકે રેખાબેન લીંબાસીયા, લાઈબ્રેરી સેક્રેટરી તરીકે સાગર હપાણી, કારોબારી સભ્ય (સામાન્ય) તરીકે અમિત વેકરીયા, કશ્યપ ઠાકર, દિપ વ્યાસ, જતીન ઠકકર, યશ ચોલેરા, કેતન જેઠવા, રણજીત મકવાણા જયારે કારોબારી સભ્ય (મહીલા અનામત) તરીકે હીરલબેન જોષી, મીતાબેન રાવ અને અલ્કાબેન પંડયાએ ઉમેદવારી નોંધાવી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૮

## પાકિસ્તાને કહ્યું- ભારતમાં મુસ્લિમ મહિલાનો હિજાબ ઉતારવો ખોટું : મુસ્લિમો પ્રત્યે નફરત વધી, CM નીતિશે ડોક્ટરનો હિજાબ ખેંચ્યો હતો

**ઇસ્લામાબાદ, તા.19**

પાકિસ્તાને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર દ્વારા મહિલા ડોક્ટરનો હિજાબ હટાવવા પર પ્રતિક્રિયા આપી છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે હિજાબ ઉતારવાને ખોટું ગણાવ્યું છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા તાહિર હુસૈન અંદ્રાબીએ પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે એક વરિષ્ઠ નેતા દ્વારા મુસ્લિમ મહિલાનો બળજબરીથી હિજાબ હટાવવો અત્યંત ખોટું છે. ભારતમાં મુસ્લિમ સમુદાય વિરુદ્ધ નફરત વધી રહી છે. અંદ્રાબીએ આરોપ લગાવ્યો કે આવી ઘટનાઓ ભારતમાં મુસ્લિમ મહિલાઓના અપમાનને સામાન્ય બનાવવાનું જોખમ ઊભું કરે છે. સાથે જ મુસ્લિમો પ્રત્યે અસહિષ્ણુતાને પ્રોત્સાહન આપે છે.

સોમવારે બિહારમાં આયુષ ડોકટરોને નિમણૂક પત્રોનું વિતરણ કરતી વખતે મુખ્યમંત્રી નીતિશ કુમારે મહિલા ડોક્ટર નુસરતને હિજાબ વિશે પૂછ્યું અને બાદમાં પોતે જ તેનો હિજાબ હટાવી દીધો હતો. પાકિસ્તાની ડોન શહઝાદ ભટ્ટીએ વીડિયો જાહેર કરીને નીતિશ કુમારને ધમકી આપી છે. ભટ્ટીએ કહ્યું કે નીતિશ કુમાર જાહેરમાં માફી માંગે, નહીં તો પછી એમ ન કહેતા કે ચેતવણી આપવામાં



આવી ન હતી. શહઝાદ વિરુદ્ધ પટનાના સાયબર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે.

શહઝાદ ભટ્ટી તાજેતરમાં કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈને ધમકી આપીને ચર્ચામાં આવ્યો હતો. ભટ્ટીથી જીવનું જોખમ હોવાનું જણાવતા તિહાર જેલમાં બંધ લોરેન્સના ભાઈ અનમોલ બિશ્નોઈએ પણ દિલ્હી કોર્ટમાં બુલેટપ્રૂફ જેકેટ અને ગાડીની માંગણી કરી હતી.

પાકિસ્તાને ભારત પર કોઈ પૂર્વ સૂચના વિના ચિનાબ નદીમાં પાણી છોડવાનો આરોપ લગાવ્યો છે. ઈસ્લામાબાદે તેને સિંધુ જળ કરાર (IWT)નું ઉલ્લંઘન ગણાવ્યું છે. તેનાથી નીચાણવાળા વિસ્તારોમાં પૂરનો ખતરો વધી ગયો છે.

પ્રવક્તા અંદ્રાબીએ જણાવ્યું કે ડિસેમ્બરથી ચિનાબ નદીના જળસ્તરમાં અચાનક અને અસામાન્ય ફેરફારો જોવા મળી રહ્યા છે. તેમના મતે, ભારત દ્વારા અચાનક પાણી છોડવાને કારણે નદીના પ્રવાહમાં ઝડપી ઉતાર-ચઢાવ આવ્યો, જેની પહેલા કોઈ જાણકારી આપવામાં આવી ન હતી.

અંદ્રાબીએ કહ્યું કે સિંધુ જળ સંધિ હેઠળ સામાન્ય નદીઓ સાથે સંકળાયેલા કોઈપણ પગલાની અગાઉથી જાણ કરવી ફરજિયાત છે, પરંતુ ભારતે આ નિયમનું પાલન કર્યું નથી. તેમણે તેને આંતરરાષ્ટ્રીય કાયદા વિરુદ્ધ ગણાવતા કહ્યું કે આવા પગલાં પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે ખતરો છે.

પાકિસ્તાને ચિનાબ નદીમાં અચાનક પાણી છોડવા અંગે ભારતને પત્ર લખ્યો છે. આ પત્રમાં ભારત પાસેથી સ્પષ્ટતા માંગવામાં આવી છે. અંદ્રાબીએ કહ્યું કે 1960ની સિંધુ જળ સંધિ એક બંધનકર્તા આંતરરાષ્ટ્રીય કરાર છે, જે અત્યાર સુધી આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાનો આધાર રહ્યો છે.

અંદ્રાબીએ કહ્યું કે ખેતીના મહત્વના સમયે નદીના પાણી સાથે ચેડાં કરવા એ પાકિસ્તાનના લોકોના જીવન, આજીવિકા, ખાદ્ય સુરક્ષા અને આર્થિક સુરક્ષા માટે ખતરો છે.

ભારતે પહેલગામમાં 22 એપ્રિલે થયેલા આતંકી હુમલાના બીજા દિવસે 24 એપ્રિલના રોજ પાકિસ્તાન સાથે 65 વર્ષ જૂનો સિંધુ જળ કરાર રોકી દીધો હતો. આ આતંકી હુમલામાં 26 લોકો માર્યા ગયા હતા.

સિંધુ નદી પ્રણાલીમાં કુલ 6 નદીઓ છે - સિંધુ, ઝેલમ, ચિનાબ, રાવી, બિયાસ અને સતલુજ. આ નદીઓના કિનારાનો વિસ્તાર લગભગ 11.2 લાખ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે.

તેમાં 47% જમીન પાકિસ્તાનમાં, 39% જમીન ભારતમાં, 8% જમીન ચીનમાં અને 6% જમીન અફઘાનિસ્તાનમાં છે. આ તમામ દેશના લગભગ 30 કરોડ લોકો આ વિસ્તારોમાં રહે છે.

1947માં ભારત અને પાકિસ્તાનના ભાગલા પહેલાથી જ ભારતના પંજાબ અને પાકિસ્તાનના સિંધ પ્રાંત વચ્ચે નદીઓના પાણીની વહેંચણીનો વિવાદ શરૂ થઈ ગયો હતો.

1947માં ભારત અને પાકિસ્તાનના ઈજનેરો વચ્ચે 'સ્ટેન્ડસ્ટિલ કરાર' થયો. આ અંતર્ગત પાકિસ્તાનને બે મુખ્ય નહેરોમાંથી પાણી મળતું રહ્યું. આ કરાર 31 માર્ચ 1948 સુધી ચાલ્યો.

1 એપ્રિલ 1948ના રોજ જ્યારે કરાર લાગુ ન રહ્યો ત્યારે ભારતે બંને નહેરોનું પાણી રોકી દીધું. તેનાથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતની 17 લાખ એકર જમીન પર ખેતી બરબાદ થઈ ગઈ. ફરીથી થયેલા કરારમાં ભારત પાણી આપવા સંમત થયો.

આ પછી 1951 થી 1960 સુધી વર્લ્ડ બેંકની મધ્યસ્થીમાં ભારત-પાકિસ્તાન વચ્ચે પાણીની વહેંચણી અંગે વાતચીત ચાલી અને આખરે 19 સપ્ટેમ્બર 1960ના રોજ કરાચીમાં ભારતના તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ અયુબ ખાન વચ્ચે હસ્તાક્ષર થયા હતા. તેને ઈન્ડસ વોટર ટ્રીટી અથવા સિંધુ જળ સંધિ કહેવામાં આવે છે.


## આગની સાથે જ રનવે પર લેન્ડ થયું પ્લેન : નોર્થ કેરોલિનામાં ફેમસ કાર રેસરનો આખો પરિવાર ભડથું થયો, આખે આખું પ્રાઈવેટ જેટ ભડકે બળ્યું

**વોશિંગ્ટન, તા.19**

અમેરિકાના ઉત્તર કેરોલિનામાં ગુરુવારે સવારે સ્ટેટ્સવિલે એરપોર્ટ પર સેસ્ના C550 બિઝનેસ પ્લેન ક્રેશ થયું હતું, જેમાં ઘણા લોકો માર્યા ગયા હતા. વિમાન ટેકઓફ થયાના થોડી મિનિટો પછી બેઝ પર પાછા ફરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. આ સમય દરમિયાન, વિમાન ક્રેશ થયું. અકસ્માત સમયે, હળવો વરસાદ અને વાદળો છવાયેલા હતા, જેના કારણે વિઝિબિલિટી ઘટી ગઈ હતી, જે અકસ્માતનું સંભવિત કારણ માનવામાં આવે છે.નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને તપાસ શરૂ કરી છે. વિમાન દુર્ઘટનામાં નિવૃત્ત NASCAR ડ્રાઈવર ગ્રેગ બિફલ, તેમની પત્ની અને તેમના બે બાળકો સહિત સાત લોકોના મોત થયા હતા. અકસ્માતની તપાસ ચાલુ છે.

આ વિમાનમાં ગ્રેગ બિફલની સાથે તેમની પત્ની ક્રિસ્ટીના, તેમનો પાંચ વર્ષનો પુત્ર રાયડર અને તેમની 14 વર્ષની પુત્રી એમ્મા પણ સવાર હતા. ડેનિસ ડટન, તેમનો પુત્ર જેક અને ક્રેગ વેડ્સવર્થ પણ સવાર હતા. પરિવાર તરફથી એક સંયુક્ત નિવેદનમાં જણાવાયું છે કે તેમની ખોટ ક્યારેય પૂરી નહીં થાય. એમ . ગ્રેગ બિફલ 55 વર્ષના હતા.

તેમણે ત્રણેય મુખ્ય NASCAR સર્કિટમાં 50થી વધુ રેસ જીતી. તેમણે 19 કપ સિરીઝ જીત્યા છે.



તેમણે 2000માં ટ્રક્સ સિરીઝ અને 2002માં એક્સફિનિટી સિરીઝ પણ જીતી હતી.NASCARએ તેમના નિધન પર સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે ગ્રેગ માત્ર એક ચેમ્પિયન ડ્રાઈવર જ નહોતા પરંતુ સમગ્ર સમુદાયના પ્રિય સભ્ય હતા.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ગુરુવારે ઉત્તર કેરોલિનાના એક પ્રાદેશિક એરપોર્ટ પર એક બિઝનેસ પ્લેન ક્રેશ થયું હતું, જેનો ઉપયોગ NASCAR ટીમો અને ફોર્ચ્યુન 500 કંપનીઓ દ્વારા કરવામાં આવતો હતો. આ અકસ્માતના પરિણામે ભીષણ આગ લાગી અને અનેક લોકોના મોત થયા.

સ્ટેટસવિલે એરપોર્ટ કોર્પોરેટ એવિએશન માટેનું કેન્દ્ર તરીકે સેવા આપે છે, અને ક્રેશ સ્થળ સ્ટેટસવિલે શહેરથી આશરે 10 મિનિટના અંતરે છે. વિમાન દુર્ઘટનાનો એક વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. તેમાં, વિમાન અથડાતા જ આગની લપેટમાં આવતું જોઈ શકાય છે. સ્થાનિક અધિકારીઓએ ક્રેશની પુષ્ટિ કરી છે.જોકે, હજુ સુધી કોઈ સત્તાવાર જાનહાનિના આંકડા જાહેર કરવામાં આવ્યા નથી.

એરપોર્ટ નજીક ગોલ્ફ રમતા પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે વિમાન ક્રેશ થયા પછી તરત જ તેમાં આગ લાગી ગઈ હતી, જેના કારણે આકાશમાં ધુમાડાના ગોટા છવાઈ ગયા હતા. એક પ્રત્યક્ષદર્શી જોશુઆ ગ્રીને કહ્યું, 'અમે ચોંકી ગયા. અમે વિમાનને ખૂબ જ નીચે ઉડતું જોયું. તે ડરામણું હતું.'

ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર, સેસ્ના C550 વિમાન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું હતું. આ અકસ્માત સ્થાનિક સમય મુજબ સવારે 10:15 થી 10:20 વાગ્યાની વચ્ચે થયો હતો. FAAએ જણાવ્યું હતું કે વિમાને સવારે 10:06 વાગ્યે ઉડાન ભરી હતી, પરંતુ થોડીવારમાં જ પાછા ફરવાનો પ્રયાસ કર્યો અને ક્રેશ થયું. ફ્લાઈટ ટ્રેકિંગ ડેટા દર્શાવે છે કે વિમાન વધુ ઊંચાઈ પર જઈ શક્યું ન હતું અને થોડા માઈલ ઉડાન ભર્યા પછી તરત જ પાછું વળી ગયું. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને જણાવ્યું હતું કે સેસ્ના C550 વિમાન શાર્લોટથી લગભગ 45 માઈલ (72 કિલોમીટર) ઉત્તરમાં સ્ટેટ્સવિલે પ્રાદેશિક એરપોર્ટ પર લેન્ડ કરતી વખતે ક્રેશ થયું હતું.

## ભારે વરસાદ બાદ દુબઈ, અબુ ધાબી જળમગ્ન, એક ભારતીયનું મોત, બુર્જ ખલીફા પર વીજળી પડી....

**અબુ ધાબી, તા.19**

ખાડી દેશ UAE ( સંયુક્ત આરબ અમીરાત )માં કુદરતનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. રણ ધરાવતા આ દેશમાં શુક્રવારે ઘણા વિસ્તારોમાં અતિભારે વરસાદ વરસ્યો. જેનાજેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

વીજળીના કડાકા ભડાકા સાથે થતાં વરસાદના કારણે લોકોને ઘરોમાં જ રહેવા સલાહ આપવામાં આવી છે. મિડલ ઈસ્ટમાં આટલો વરસાદ ભાગ્યે જ જોવા મળે છે. એવામાં વેકેશનના સિઝનમાં વરસાદના કારણે ચિંતા વધી છે. ગયા વર્ષ 2024માં જ દુબઈ આબે અબુ ધાબીમાં આવો જ વરસાદ જોવા મળ્યો હતો.

દુબઈમાં ગુરુવાર રાતથી જ ભારે વરસાદ શરૂ થઈ ગયો હતો. જ્યારે UAEના પાટનગર અબુધાબીમાં આખી રાત વાવાઝોડું આવ્યું. શુક્રવાર સવાર સુધીમાં અનેક વિસ્તારો જળમગ્ન થઈ ગયા હતા. દુબઈમાં તમામ સરકારી



કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમના આદેશ અપાયા હતા. અબુધાબીમાં પણ તંત્રએ સૂચના આપી હતી કે બપોરે 2 વાગ્યા સુધી જરૂરી કામ ન હોય તો સૌ કોઈ ઘરે જ રહો.

ભારે વરસાદમાં ભારતના એક યુવકનું દુ:ખદ મૃત્યુ પણ થયું છે. રાસ અલ ખૈમાહમાં દીવાલ ધરાશાયી થતાં 27 વર્ષના સલમાન ફરીઝનું નિધન થયું છે. સલમાન કેરળના મલ્લપુરમનો વતની હતો. ગલ્ફ ન્યૂઝના અહેવાલ અનુસાર સલમાન કેફેમાં કામ કરતો હતો અને રાત્રિના 3 વાગ્યે ઓર્ડર ડિલિવર કરવા માટે ગયો હતો. જોકે ભારે વરસાદના કારણે બાઈક બંધ પડી જતાં તેણે મેનેજરને ફોન કર્યો. જે બાદ એક નિર્માણાધીન ઈમારતની દીવાલ ધરાશાયી થતાં સલમાનનું નિધન થયું.

સાવચેતીના ભાગરૂપે બીચ, પાર્ક અને પર્યટન સ્થળો પણ બંધ કરી દેવામાં આવ્યા હતા. ભારે વરસાદના અનેક ફ્લાઈટ્સ રદ થતાં ક્રિસમસ વેકેશનમાં ઘરે જતાં લોકો હેરાન પરેશાન થયા હતા. નોંધનીય છે કે છેલ્લા કેટલાક સમયથી દુબઈ જેવા શહેરોમાં વાદળ ફાટવા જેવી ઘટનાઓ વધી રહી છે. એપ્રિલ 2024માં જ આ જ પ્રકારે અતિભારે વરસાદ વરસતા રસ્તાઓ પાણીમાં ડૂબ્યાં હતા.

દુબઈમાં ભારે વરસાદ વચ્ચે બુર્જ ખલીફા પર વીજળી પણ પડી હતી. દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદ બિન રાશિ અલ મકતૂમે વીજળી પડવાનો વીડિયો સોશિયલ મીડિયામાં પોસ્ટ કર્યો છે.

## બાંગ્લાદેશમાં એક પત્રકારની ગોળી મારીને હત્યા : વિરોધી નેતા હાદીના મોત બાદ 2 મીડિયા ચેનલ, અવામી લીગની ઓફિસને આગ ચાંપી, હિન્દુ યુવકને જીવતો સળગાવ્યો

**ઢાકા, તા.19**

બાંગ્લાદેશમાં શેખ હસીનાના વિરોધી નેતા ઉસ્માન હાદીના મોત બાદ હિંસા ફાટી નીકળી છે. આ દરમિયાન ઢાકા નજીક ભાલુકામાં ધર્મનું અપમાન કરવાના આરોપમાં એક હિન્દુ યુવકને મારી મારીને તેની હત્યા કરી દેવામાં આવી.

બીબીસી બાંગ્લાના રિપોર્ટ મુજબ, યુવકના મૃતદેહને નગ્ન કરીને એક ઝાડ પર લટકાવી આગ લગાવી દીધી. મૃતકની ઓળખ દીપુ ચંદ્ર દાસ તરીકે થઈ છે. પોલીસે જણાવ્યું કે આ ઘટના ગુરુવાર રાત્રે ભાલુકામાં બની હતી. સોશિયલ મીડિયા પર તેનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં લોકો 'અલ્લાહ-હુ-અકબર'ના નારા લગાવતા જોવા મળી રહ્યા છે.

આ પહેલા પ્રદર્શનકારીઓએ ગુરુવાર મોડી રાત્રે દેશના સૌથી મોટા અખબાર ડેલી સ્ટાર અને પ્રોથોમ આલોની ઓફિસમાં જબરદસ્તી ઘૂસીને તોડફોડ અને આગજની કરી હતી. આ સિવાય પૂર્વ રાષ્ટ્રપતિ શેખ મુજીબુર્રહમાનના





આવાસમાં પણ તોડફોડ કરવામાં આવી છે અને શેખ હસીનાની પાર્ટી અવામી લીગની ઓફિસને પણ સળગાવી દેવામાં આવી છે.

ઉસ્માન હાદી શેખ હસીના વિરુદ્ધ જુલાઈ 2024માં થયેલા વિદ્યાર્થી આંદોલનના મુખ્ય નેતાઓમાંથી એક હતા. તેમને 12 ડિસેમ્બરે ચૂંટણી પ્રચાર દરમિયાન માથામાં ગોળી મારવામાં આવી હતી. ત્યારબાદ તેમને વધુ સારી સારવાર માટે સિંગાપુર લઈ જવામાં આવ્યા હતા. 6 દિવસ બાદ તેમનું મોત નીપજ્યું હતું. બાંગ્લાદેશની વચગાળાની સરકારે દેશમાં તાજેતરમાં થયેલી હિંસા અને પત્રકારો પર થયેલા હુમલાની કડક નિંદા કરી છે. સરકારે જણાવ્યું કે તે હિંસા, ધમકી, આગજની અને સંપત્તિને નુકસાન પહોંચાડવાની દરેક ઘટનાની સ્પષ્ટ અને કોઈપણ શરત વગર નિંદા કરે છે.

સરકારે જણાવ્યું કે આ સમયે બાંગ્લાદેશ એક ઐતિહાસિક લોકશાહી પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, જેને નફરત અને અરાજકતાથી નુકસાન ન પહોંચવું જોઈએ. વચગાળાની સરકારે લોકોને અપીલ કરી કે તેઓ ભીડની હિંસાનો વિરોધ કરે. સરકારે કહ્યું કે કેટલાક કટ્ટર અને હાંસિયામાં રહેલા તત્વો દેશને અસ્થિર કરવા માગે છે.

બાંગ્લાદેશમાં મુહમ્મદ યુનુસે શુક્રવારે વિદ્યાર્થી નેતા ઉસ્માનના મૃત્યુ બાદ ફાટી નીકળેલા હિંસક પ્રદર્શનો વચ્ચે એક હિંદુ વ્યક્તિને માર મારવા અને તેની હત્યા કરવાની સખત નિંદા કરી. યુનુસે ભારપૂર્વક જણાવ્યું કે 'નવા બાંગ્લાદેશમાં આવી હિંસા માટે કોઈ સ્થાન નથી'. તેમણે કહ્યું કે આ ગુનામાં સામેલ કોઈપણને છોડવામાં આવશે નહીં.

હાદીના મૃત્યુના વિરોધમાં શુક્રવારે રાજધાનીના વિવિધ ભાગોમાંથી વિદ્યાર્થીઓ અને સામાન્ય લોકો શાહબાગ ચોક પર એકઠા થતા જોવા મળ્યા. પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ ધ્વજ લઈને ઉભા છે. તેઓ 'અમે હાદી ભાઈના લોહીને વ્યર્થ નહીં જવા દઈએ.' જેવા નારા લગાવી રહ્યા છે. વિદ્યાર્થી અશફકુર રહેમાન શનિએ કહ્યું, 'અમે એક સાચા દેશભક્તને ગુમાવ્યા છે. મને રાત્રે ઊંઘ ન આવી. હું સવારે વિરોધ પ્રદર્શન કરવા અહીં આવ્યો છું. શહીદ ઉસ્માન હાડી જેવા દેશભક્ત અને બહાદુર વ્યક્તિના જવાથી અમે ખૂબ દુ:ખી છીએ.'

## અમેરિકાના એપસ્ટીન સેક્સ સ્કેન્ડલમાં કોણ-કોણ સામેલ : 68 ફોટા જાહેર થયા હતા, અત્યાર સુધી બિલ ગેટ્સ સહિત 5 હસ્તીઓના નામ આવ્યા....

**વોશિંગ્ટન, તા.19**

અમેરિકાના કુખ્યાત એપસ્ટીન સેક્સ સ્કેન્ડલની ફાઈલો આજે ખુલવાની છે. આ ફાઈલો રિલીઝ થતાં જ આ સ્કેન્ડલમાં સામેલ લોકોના નામ સામે આવી શકે છે.

એવું માનવામાં આવે છે કે વિશ્વના અગ્રણી ઉદ્યોગપતિઓ અને નેતાઓના નામ આ ફાઈલોમાં નોંધાયેલા છે. ફાઈલોમાં હજારો પાનાના દસ્તાવેજો, 95 હજાર ફોટા અને બેંક રેકોર્ડ્સ શામેલ છે.


આ કૌભાંડમાં બ્રિટનના પૂર્વ પ્રિન્સ એન્ડ્રુનું નામ સામે આવી ચૂક્યું છે. આના કારણે કિંગ ચાર્લ્સે નાના ભાઈ એન્ડ્રુ પાસેથી 'પ્રિન્સ'નો ખિતાબ અને તમામ શાહી ઉપાધિઓ છીનવી લીધી હતી. એન્ડ્રુ પર 2001માં 17 વર્ષની સગીર વર્જિનિયા ગિફ્રેનું યૌન શોષણ કરવાનો આરોપ લાગ્યો હતો.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટનનું નામ પણ આ કેસ સાથે જોડાયેલું છે. 12 ડિસેમ્બરે જાહેર થયેલા કૌભાંડ સંબંધિત 19 તસવીરોમાં ટ્રમ્પ અને ક્લિન્ટન પણ જોવા મળ્યા હતા. ટ્રમ્પ ઘણી છોકરીઓ સાથે જોવા મળ્યા હતા.

ફાઈલો જાહેર કર્યા પછી, સરકારે જનતાને કેટલીક બાબતો સ્પષ્ટપણે જણાવવી પડશે. જેમ કે, દસ્તાવેજોના કયા ભાગો કાળા કરવામાં આવ્યા છે અને શા માટે કરવામાં આવ્યા છે તે જણાવવું પડશે. આ ઉપરાંત, કયા પ્રકારની સામગ્રી જનતા સમક્ષ રજૂ કરવામાં આવી અને કયા પ્રકારની સામગ્રી જાહેર કરવામાં આવી નથી તે પણ જણાવવું પડશે.

આ ઉપરાંત, સરકારે તે તમામ સરકારી અધિકારીઓ અને રાજકીય રીતે પ્રભાવશાળી લોકોની સંપૂર્ણ યાદી પણ આપવી પડશે, જેમનું નામ અથવા કોઈપણ પ્રકારનો ઉલ્લેખ આ ફાઈલોમાં આવે છે. આ બધી માહિતી ફાઈલો જાહેર થયાના 15 દિવસની અંદર સાર્વજનિક કરવી ફરજિયાત રહેશે.

હજુ સ્પષ્ટ નથી કે ખરેખર કયા દસ્તાવેજો સાર્વજનિક કરવામાં આવશે અને તેમાંથી કેટલા નવા હશે. છેલ્લા લગભગ 20 વર્ષમાં, એપસ્ટીનના જાતીય ગુનાઓ સંબંધિત હજારો દસ્તાવેજો દીવાની કેસો અને માહિતી અધિકાર જેવી માંગણીઓ દ્વારા પહેલાથી જ સામે




આવી ચૂક્યા છે.

એપસ્ટીન કેસ સાથે સંકળાયેલા ઘણા દસ્તાવેજો પહેલાથી જ સામે આવી ચૂક્યા છે. તેમાં મેક્સવેલનો 2021નો ફોજદારી ટ્રાયલ, જસ્ટિસ ડિપાર્ટમેન્ટના રિપોર્ટ્સ અને ઘણા દીવાની કેસોના કાગળો શામેલ છે.

આ વર્ષની શરૂઆતમાં, જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને FBIમાં ટ્રમ્પ દ્વારા નિયુક્ત અધિકારીઓએ એપસ્ટીન સંબંધિત કેટલીક ગુપ્ત ફાઈલો બહાર પાડી હતી, પરંતુ તેમાંની મોટાભાગની માહિતી પહેલેથી જ સાર્વજનિક હતી. આ રિલીઝને લઈને ટ્રમ્પ વહીવટીતંત્રની સખત ટીકા પણ થઈ હતી.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટે આ વર્ષે મેક્સવેલ સાથે થયેલા તેના વિવાદાસ્પદ ઈન્ટરવ્યુના સેંકડો પાના પણ જાહેર કર્યા, જેમાં તેણે પોતાના બચાવમાં નિવેદનો આપ્યા અને કેટલાક પીડિતોની ટીકા પણ કરી.

તાજેતરમાં હાઉસ ઓવરસાઈટ કમિટીના ડેમોક્રેટ સભ્યોએ 12 ડિસેમ્બર અને 18 ડિસેમ્બરના રોજ એપસ્ટીનની સંપત્તિ સાથે સંબંધિત ઘણા દસ્તાવેજો અને તસવીરો જાહેર કરી હતી. આ તસવીરોમાં અબજોપતિ બિલ ગેટ્સ પણ જોવા મળ્યા હતા.

આની શરૂઆત 2005માં શરૂ થઈ. જ્યારે ફ્લોરિડામાં એક 14 વર્ષની છોકરીની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો કે તેની પુત્રીને 'મસાજ' ના આડમાં એપસ્ટેઈનના વૈભવી ઘરમાં લલચાવીને લઈ જવામાં આવી હતી, પરંતુ તે આવ્યા પછી તેને સેક્સ કરવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

જ્યારે તેણે ઘરે પાછા ફરીને આ વાત તેના માતા-પિતાને કહી, ત્યારે તેઓએ તરત જ પોલીસમાં ફરિયાદ કરી. ત્યારે પહેલીવાર જેફ્રી એપસ્ટીન વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાઈ. પોલીસ તપાસ દરમિયાન એવું સામે આવ્યું કે આ એકલો કિસ્સો નથી.

ધીમે ધીમે લગભગ 50 સગીર છોકરીઓની ઓળખ થઈ, જેમણે એપસ્ટીન પર આવા જ આરોપો લગાવ્યા હતા. પામ બીચ પોલીસ ડિપાર્ટમેન્ટે આ મામલાને ગંભીરતાથી લીધો અને ઘણા મહિનાઓ સુધી તપાસ કરી. આ પછી એપસ્ટીન વિરુદ્ધ ફોજદારી તપાસ શરૂ થઈ.

કેસની તપાસમાં જાણવા મળ્યું કે એપસ્ટીન પાસે મેનહટન અને પામ બીચમાં આલીશાન વિલા છે. એપસ્ટીન અહીં હાઈ-પ્રોફાઈલ પાર્ટીઓ કરતો હતો, જેમાં ઘણી મોટી હસ્તીઓ સામેલ થતી હતી.

એપસ્ટીન પોતાના ખાનગી જેટ 'લોલિતા એક્સપ્રેસ'થી પાર્ટીઓમાં નાની ઉંમરની છોકરીઓ લઈને આવતો હતો. તે છોકરીઓને પૈસા-દાગીનાની લાલચ અને ધમકી આપીને મજબૂર કરતો હતો. આમાં એપસ્ટીનની ગર્લફ્રેન્ડ અને પાર્ટનર ગિસ્લીન મેક્સવેલ તેનો સાથ આપતી હતી.

જોકે, પ્રારંભિક તપાસ પછી પણ એપસ્ટીનને લાંબા સમય સુધી જેલ થઈ ન હતી. તેનો પ્રભાવ એટલો હતો કે 2008માં તેને માત્ર 13 મહિનાની સજા ફટકારવામાં આવી હતી, જેમાં તે જેલની બહાર જઈને કામ પણ કરી શકતો હતો.

વર્ષ 2009માં જેલમાંથી બહાર આવ્યા પછી એપસ્ટીન લો પ્રોફાઈલ રહેવા લાગ્યો. બરાબર 8 વર્ષ પછી અમેરિકામાં મી ટુ મૂવમેન્ટ શરૂ થયું. વર્ષ 2017માં અમેરિકી અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સે હોલીવુડ પ્રોડ્યુસર હાર્વે વાઈન્સ્ટાઈન વિરુદ્ધ ઘણા અહેવાલો પ્રકાશિત કર્યા.

એમાં જણાવાયું કે વાઈન્સ્ટિને દાયકાઓ સુધી અભિનેત્રીઓ, મોડેલો અને કર્મચારીઓનું જાતીય શોષણ કર્યું. આ ઘટનાએ આખી દુનિયામાં સનસનાટી મચાવી દીધી. 80 થી વધુ મહિલાઓએ વાઈન્સ્ટિન વિરુદ્ધ સોશિયલ મીડિયા પર મી ટુ (મારી સાથે પણ શોષણ થયું) ના આરોપો લગાવ્યા.

એમાં એન્જેલિના જોલી, સલમા હાયેક, ઉમા થરમન અને એશ્લે જુડ જેવા મોટા નામ હતા. એ પછી લાખો મહિલાઓએ સોશિયલ મીડિયા પર '★MeToo' લખીને પોતાના શોષણની વાર્તાઓ શેર કરી.

તેમાં વર્જિનિયા ગ્રિફી નામની યુવતી પણ હતી. તેણે એપ્સટીન વિરુદ્ધ ઘણા ગંભીર આરોપો લગાવ્યા. તેણે દાવો કર્યો કે તેની સાથે 3 વર્ષ સુધી યૌન શોષણ થયું હતું. ત્યારબાદ લગભગ 80 મહિલાઓએ તેની વિરુદ્ધ ફરિયાદ કરી.

## તંત્રી લેખ

## ભાડાના સોફ્ટવેરથી 50 સેકન્ડમાં તત્કાળ ટિકિટ બુક

ભાડાના સોફ્ટવેરથી ટ્રેનની ટિકિટો બુક થઈ રહી છે. આ સોફ્ટવેર માત્ર 50 સેકન્ડમાં તત્કાલ ટિકિટ બુક કરી દે છે, એટલે કે જેટલી વારમાં કોઈ મુસાફર IRCTCની એપ પર લોગિન કરશે, એટલી વારમાં આ સોફ્ટવેરથી ટિકિટ કન્ફર્મ થઈ જશે.એજન્ટ બનીને ગેંગનો સંપર્ક કર્યો. દલાલે માત્ર 50 સેકન્ડમાં આવા એક સોફ્ટવેરથી દિલ્હીથી પટનાની ટિકિટ બુક કરી આપી એટલું જ નહીં, પરંતુ રિપોર્ટરને સોફ્ટવેર ચલાવવાની ઓનલાઇન ટ્રેનિંગ પણ આપી. સોફ્ટવેર ડેવલપર્સ તૈયાર કરે છે, ટિકિટ બુક કરવાનું કામ એજન્ટોનું છે. સોફ્ટવેરનું માસિક ભાડું 1200 રૂપિયાથી લઈને 3200 રૂપિયા સુધીનું છે. તપાસ એજન્સીઓને છેતરવા માટે સોફ્ટવેર વેચનારા દલાલો ટિકિટ વેચનારા દલાલોને આઈપી (IP) એડ્રેસ પણ પૂરા પાડે છે. જેની કિંમત પ્રતિ IP 600 રૂપિયા છે. IP એડ્રેસ અલગ હોવાથી એજન્ટો પકડાતા નથી.

ટેસ્લા, ગદર, બ્રહ્મોસ, સુપર તત્કાલ, એવેન્જર નામે ઓનલાઇન સોફ્ટવેર મળી રહ્યા છે. ટેસ્લા, ગદર અને એવેન્જરનો ઉપયોગ વધુ કરવામાં આવી રહ્યો છે. યુટ્યુબ પર તમામ વીડિયો તપાસ્યા પછી અમને બલરામ નામના એજન્ટની લિંક મળી. અમે તેને કહ્યું કે, 'અમે તત્કાલ ટિકિટ બુકિંગનું કામ શરૂ કરવા માંગીએ છીએ.' વિશ્વાસ આવ્યા પછી એજન્ટે આખી પ્રક્રિયા સમજાવી અને ઓનલાઇન ટ્રેનિંગ આપી. રૂબરૂ મળવાનો ઈનકાર કરી દીધો.

એજન્ટે સૌથી પહેલા સિસ્ટમ પર અલ્ટ્રા વ્યુઅર ડાઉનલોડ કરવા કહ્યું. (અલ્ટ્રા વ્યુઅરની મદદથી કોઈની પણ સિસ્ટમ રિમોટ પર લઈ શકાય છે). અલ્ટ્રા વ્યુઅર ડાઉનલોડ કર્યા પછી પાસવર્ડ શેર કરવા કહ્યું. ત્યારબાદ બલરામે અમારી સિસ્ટમમાં સોફ્ટવેર ઈન્સ્ટોલ કર્યું. સોફ્ટવેર ઈન્સ્ટોલ કરતા પહેલા બલરામે અમારા લેપટોપમાંથી એન્ટી વાયરસ ડિલીટ કર્યો. ત્યારબાદ રિપોર્ટરને ઓનલાઇન ટેસ્લા સોફ્ટવેરથી તત્કાલ ટિકિટ બુક કરવાની ટ્રેનિંગ આપી. અમે બલરામને કહ્યું કે તે અમને એક ટિકિટ બુક કરીને બતાવે, કારણ કે અમે જોવા માંગતા હતા કે ટેસ્લા સોફ્ટવેરથી કેવી રીતે ટિકિટ બુક કરવામાં આવી રહી છે. ઘણી મહેનત પછી બલરામે ટેસ્લા સોફ્ટવેરથી એક ટિકિટ બુક કરીને બતાવી. ટિકિટ બુકિંગ માટે IRCTCની એપ ખોલવામાં પણ ન આવી છતાં તત્કાલ ટિકિટ બુક થઈ ગઈ. સવાલ એ ઊભો થાય છે કે જ્યારે IRCTC એ તેના દરેક યુઝર માટે આધાર કાર્ડ ફરજિયાત કર્યું છે, તો દલાલો પાસે આટલા બધા IRCTCના લોગિન પાસવર્ડ ક્યાંથી આવે છે? બલરામે જણાવ્યું કે એક લોગિન આઈડીની કિંમત સાડા ત્રણસો રૂપિયા છે, તમે ઈચ્છો એટલા લઈ શકો છો. બલરામે અમને એજન્ટ અભિજીતનો નંબર આપ્યો. અભિજીત ટેસ્લા અને ગદરથી ટિકિટ બુકિંગનું કામ કરે છે. અમે પૂછ્યું કે ફેક લોગિન આઈડી માટે નંબર ક્યાંથી લાવો છો, તો તેણે જણાવ્યું કે પાછળથી લોગિન આઈડી બનાવીને આપવામાં આવે છે. ટિકિટ બુક કરતી વખતે એવા નંબરનો ઉપયોગ કરવામાં આવે છે જે બંધ થઈ ગયો હોય, ગ્રાહકને બસ લોગિન આઈડીથી ટિકિટ પ્રિન્ટ કરીને આપવાની હોય છે. આવી રીતે બુક કરાયેલી તત્કાલ ટિકિટનો મેસેજ આવતો નથી કારણ કે બુકિંગમાં ખોટો નંબર નાખવામાં આવે છે.

# બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય, કે જેનો અર્થ "વાતુલ "થાય છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.
આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અન્ય પ્રજાની સરખામણીમાં ગુજરાતની પ્રજા ઉત્સાહી ખરી! એટલે કે એને જીવનમાં કંઈક કારણ જોઈએ પછી તે ધાર્મિક હોય, સામાજિક હોય, કે રાજકીય હોય, એ એને ઉત્સાહથી જ ઉજવે! ટૂંકમાં જીવન જીવવા માટે છે એવો એક મર્મ એના જીવનમાં જોવા મળે. અન્ય રાજ્યોની પ્રજા કર્મપ્રધાન, અને ધર્મ પ્રધાન ભૂમિકામાં જીવે. જ્યારે ગુજરાત એ રીતે રંગીલુ કહી શકાય, કે જે થવાનું હોય એ સમયે થઈને જ રહેશે! એવી પણ એક વિચારધારા ગુજરાતીઓની ખરી. બાપુ કોઈ નો શેર કહે છે એમ, 'મરના લગા રહેગા, અબ જી તો લીજીયે! જોકે આવું વિચારવું એ કંઈ ખોટી વાત નથી, પરંતુ અધિકતમ ભોગ અને પોતાના પ્રત્યેનો લગાવ કે મમતા એ એને અનાચરણ પણ કરાવી જાય! ત્યારે નિષ્ઠા ડગમગી જાય, નીતિ ચૂકાઈ જાય! બસ આ વાતનો ખ્યાલ રાખવામાં આવે તો બહુ વાંધો ન આવે. પરંતુ મોટેભાગે જીવનનાં અંત સમયે જ અમુક પ્રકારના જ્ઞાન થતાં હોય છે, જે પછી કંઈ કામનું નથી હોતું હા હરિનામ જપીએ તો મરણ સુધરી જાય, પણ જીવન તો નકામું જ ગયું એ અફસોસ લઈને જવું પડે છે.

હમણાં જ આપણે વાત કરી હતી કે ભક્તિ પરાકાષ્ઠા એ પહોંચે તો એ જ્ઞાન તરફ દોરી જાય છે, અને જ્ઞાન પણ પરિપક્વ થતા ભક્તિ તરફ દોરી જાય છે. ટૂંકમાં જ્ઞાન અને ભક્તિ એ બંને રીતે ઈશ્વર તત્વની પ્રાપ્તિ થાય છે, અને અંતે તો બંને છેડા એક જ ચરણોમાં મળે છે! પરંતુ આપણને ખબર હોવી જોઈએ કે આપણી ઉપાસના ભક્તિ સંગત છે કે જ્ઞાનસંગત! આપણે ત્યાં વિવિધ રીતે સાધકોને અધ્યાત્મ પ્રેરિત કરાતા હોય છે.પરંતુ સાંપ્રત સમયમાં જુદી જુદી કેટલીય પ્રકારની માનસિકતા ધરાવતા સમાજ હોય છે, અને એ દરેકને સમજાવી શકાય એ માટે આપણે ક્યારેક દ્રષ્ટાંતનો ઉપયોગ કરીએ છીએ, તો એવી જ એક પરંપરા બાઉલની પણ રહી.

મૂળમાં આ બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય. આ સંપ્રદાયનાં અનુયાયી સાધકો બંગાળનાં ગામોમાંગીત ગાઈને જીવન ગાળનારા હિંદુ તથા મુસલમાન બંને પ્રકારના હોય છે. તેઓ કાપડના ટુકડાઓ સાંધીને શરીરને ઢાંકે છે, બંગાળી ભાષા બોલે છે અને બંગાળી ભાષામાં રચેલાં દિવ્ય પ્રેમનાં ગીતો ગાય છે. હકીકતમાં 'બાઉલ' શબ્દ 'વાતુલ' પરથી આવ્યાની એક માન્યતા છે. 'વાતુલ'નો અર્થ પાગલ અથવા અમુક પ્રકારનું રટણ એટલે કે 'વાતોડિયો' પણ કરવામાં આવે છે. તેઓ જીવન વ્યવહારને ગણકારતા નથી, અને પાગલની જેમ, અલગારીની રીતે જીવે છે. બીજી માન્યતા 'બાઉલ'ના મૂળમાં વ્યાકુળ શબ્દ હોવાની છે. તેઓ 'મનેર માનુષ' એટલે માનવદેહ અને મનમાં વધુ આસ્થા રાખી તેને આદર્શ બનાવવા વ્યાકુળ હોય છે. તેઓ વાળ વધારે છે, અને ઝોળી, લાકડી, અને તુંબીપાત્ર લઈ ફરે છે. બાઉલ સંપ્રદાયના અનુયાયીઓ સમાજના નીચલા ગણાતા સ્તરમાં જન્મેલા અને નિરક્ષર હોય છે. હિંદુ બાઉલો ચૈતન્યના વૈષ્ણવ સંપ્રદાયના અને પ્રેમલક્ષણા ભક્તિ ધરાવનારા હોય છે; જ્યારે મુસલમાન બાઉલો સૂફી પંથને અનુસરનારા હોય છે. હિંદુ બાઉલ, હિંદુ જેવો અને મુસલમાન બાઉલ મુસલમાન જેવો પોશાક પહેરે છે.



એકવાર એક સાધક એનાથી ઉચ્ચ કક્ષાએ પહોંચેલા બાઉલ સાધુ સંત પાસે જાય છે, અને ઈશ્વર વિશે કે બ્રહ્મજ્ઞાન વિશે જાણવાની ઈન્તઝારી બતાવે છે. બાઉલ સાધુ એની માનસિકતા પારખી જાય છે, અને હજી પરિપક્વતામાં ઉણપ છે! એવું દેખાતા એને કોબીજ ના ઢગલા પાસે લઈ જાય છે અને કહે છે' કો બીજ' એટલે કે આમાંથી બીજ કાઢીને બતાવ! આમ કહી પેલાં બાઉલ સાધુ ચાલ્યાં જાય છે! પેલો બાઉલ સાધક એક પછી એક કોબીજના પાંદડા કાઢતો જાય છે! પરંતુ એમાંથી બીજ નીકળતું નથી! એક ઢગલો પૂરો થયો અને આમને આમ ત્રણ માસ સુધી એ બાઉલ સાધકે કોબીજ ના પાન કાઢ્યા ત્યારે તેને સમજાયું કે સાધુ મહાત્મા એમ કહેતા હતા કે કો બીજ? એટલે કે તારું બીજ ક્યાં છે?અને તત્વતઃ પ્રશ્ન સમજાઈ જતાં એ કો બીજ! કો બીજ! એમ કરી નાચવા લાગ્યાં!

મનુષ્યનું બીજ એટલે કે પ્રાણ એ આત્મા છે! અને તારો આત્મા તારા શરીરથી મુક્ત છે! કે શરીર સાથે એટલે કે ભોગ સાથે ઓતપ્રોત થઈ ગયેલો છે? આવો એક સીધો સાદો સવાલ સાધુ મહાત્માનો હતો. પરંતુ એને સમજતા એ સાધકને ત્રણ માસ થયાં! એ બાઉલ સાધુ તો એટલી ઊંચાઈએ પહોંચેલા હતાં. પરંતુ આપણે સ્થૂળ ભૂમિકાએ આ ઘટનાને જોઈએ તો સંસારમાં ઘટતી દરેક ઘટનાઓમાં કોઈ એવું તથ્ય હોતું નથી, છતાં આપણે એની આળપંપાળ માં પડ્યા રહીએ છીએ, અને કોબીજના પાંદડા કાઢવા એટલે કે એનું ખોટે ખોટું વિશ્લેષણ કરી સમયની બરબાદી કરતા હોઈએ છીએ. આ એક સર્વ સામાન્ય સર્વેક્ષણ છે, અને દરેક માનવીની ઓછેવત્તે અંશે આવી જ માનસિકતા છે. એટલે જ આપણે ત્યાં કહેવત પણ છે કે મરેલા મડદાં શું કામ ઉખાડવા!; આપણી ભૂલ ત્યાં થાય છે કે, આપણે પ્રાણ તત્વ એવા આત્માને બીજ માનવાની બદલે, મનને બીજ માની લઈએ છીએ, અને મન કહે એમ કરવામાં આત્મ સંદેશ કે આત્મવાણી સંભળાતી નથી, અને જીવન પતનની તરફ ક્યારે જતું રહે છે એનો ખ્યાલ રહેતો નથી. આ ઉપરાંત મનની એક ખાસિયત એ છે કે એની જેટલી આળપંપાળ કરીએ એમ એ વધુને વધુ ચંચળ બને છે, અને વારંવાર જુદી જુદી ઈચ્છાઓ વ્યક્ત કરે છે! એક પૂરી થઈ ત્યાં બીજી આમ આ ઈચ્છાઓ પૂરી કરવાના ચક્રવ્યુમાં બીજું કંઈ વિચારી શકાતું નથી!

આપણે તો એ સંપ્રદાય વિશે બહુ જાણતા નથી,પણ કહેવાય છે કે આવી કેટલીય બાઉલ કથાઓ છે. ટૂંકમાં ગીત ગાઇને પરમાત્મ તત્વની પ્રાપ્તિ કે અનૂભૂતિ કરવી! તો નરસિંહ અને મીરા એ બંને પણ પ્રેમ લક્ષણા ભક્તિથી ઈશ્વરત્વને પ્રાપ્ત કર્યું હતું. પુકારમાં પરમાત્માને પોતાની તરફ જોવા માટે મજબૂર કરવાની તાકાત રહેલી છે, અને એટલે જ આપણે ત્યાં પ્રાર્થનાનો પ્રકલ્પ પણ છે. વિકટ પરિસ્થિતિમાં અંતર મનથી આદ્ર ભાવે ઈશ્વરને પોકારવામાં આવે તો, એ કોઈને કોઈ રૂપે આવી જરૂર મદદ કરતો હોય છે. ચાહે બુદ્ધ ને સ્મરીએ, નરસિંહને ગાઈએ, કે બાઉલ સંપ્રદાયના તથ્યને યાદ રાખીએ! પણ મૂળમાં આપણું બીજ આત્મા છે! અને એને પોષણ આપવાથી જ આપણો ઉદ્ધાર છે! એ વાત સૌ પોતાની ગાંઠે બાંધીને જીવન જીવે તો જીવન પ્રમાણમાં સમતાથી જીવાય. સાંપ્રત સમયમાં માનવીય માનસિકતાનું પતન એટલી હદે વધી ગયું છે, કે કોઈને કોઈ રીતે વળી પાછા આપણી સંસ્કૃતિ તરફ પાછા ફરાતું હોય, તો એ બોધ લઇ લેવો, એમાં જ આપણું અને આપણા સમાજનું હીત સમાયેલું છે. ગઈકાલે ગીતા જયંતી હતી, અને ભગવાન યોગેશ્વર એ પોતાના મુખે માનવીએ કઈ રીતે જીવવું જોઈએ એનું 700 શ્લોકમાં ખુબ સુંદર રીતે વિવેચન કરેલું છે! તો આપણે પણ ગીતાનો બોધ ગ્રહણ કરી જીવનને નવેસરથી સ્થાપિત કરી, અર્જુન જેમ ધર્મ સ્થાપના માટે કટિબદ્ધ થઇ શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## SIR 2026, તા.19.12.2025ના રોજ પ્રસિધ્ધ થશે SIRની મુસદ્દા મતદારયાદી

**અમદાવાદ, તા. 19**

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ભારતના ચૂંટણીપંચની સુચના અનુસાર ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (ખાસ સઘન સુધારણા) ઝુંબેશના રાજ્યભરમાં ગણતરીના તબક્કાની 100 % કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે.તા.19-12-2025ના રોજ મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. રાજ્ય કક્ષાએ મુખ્ય નિર્વાચન અધિકારીની અધ્યક્ષતામાં માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મિટિંગ યોજાશે. તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મિટિંગ કરીને મુસદ્દા મતદારયાદીની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી સુપ્રત કરશે. ભારતના ચૂંટણી પંચની સુચના મુજબ બુથ લેવલ એજન્ટો સાથે બુથ લેવલ ઓફિસર્સની તમામ મતદાન મથકોએ મિટિંગ પૂર્ણ કરવામાં આવેલી છે, તથા તેઓને ASD (ગેરહાજર, સ્થાંળતરિત, મૃત) મતદારોની યાદી પણ આપવામાં આવેલ છે. સમગ્ર SIRની પ્રક્રિયા દરમિયાન ચૂંટણી તંત્ર દ્વારા, માન્ય રાજકીય પક્ષો સાથે અવાર નવાર મિટિંગ કરીને તેમના પ્રશ્નો અન્વયે હકારાત્મક અભિગમ સાથે મુસદ્દારૂપ મતદારયાદી પ્રસિધ્ધ થવા જઇ રહી છે. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા બાદ, તા.19-12-2025 થી તા.18-01-2026 સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે. મતદારોને ખાસ જણાવવાનું કે, આપનું નામ મુસદ્દા મતદારયાદીમાં નીચે દર્શાવેલ માધ્યમ વડે ચકાસી શકો છો. તમામ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે મિટિંગ કરીને મુસદ્દા મતદારયાદીની હાર્ડ કોપી તથા સોફ્ટ કોપી સુપ્રત કરશે. ભારતના ચૂંટણી પંચની સુચના મુજબ બુથ લેવલ એજન્ટો સાથે બુથ લેવલ ઓફિસર્સની તમામ મતદાન મથકોએ મિટિંગ પૂર્ણ કરવામાં આવેલી છે, તથા તેઓને ASD (ગેરહાજર, સ્થાંળતરિત, મૃત) મતદારોની યાદી પણ આપવામાં આવેલ છે. સમગ્ર SIRની પ્રક્રિયા દરમિયાન ચૂંટણી તંત્ર દ્વારા, માન્ય રાજકીય પક્ષો સાથે અવાર નવાર મિટિંગ કરીને તેમના પ્રશ્નો અન્વયે હકારાત્મક અભિગમ સાથે મુસદ્દારૂપ મતદારયાદી પ્રસિધ્ધ થવા જઇ રહી છે. મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા બાદ, તા.19-12-2025 થી તા.18-01-2026 સુધી મતદારયાદી સબંધી વાંધા-દાવા રજૂ કરી શકાશે. મતદારોને ખાસ જણાવવાનું કે, આપનું નામ મુસદ્દા મતદારયાદીમાં નીચે દર્શાવેલ માધ્યમ વડે ચકાસી શકો છો. વેબસાઈટ http://ceo.gujarat.gov.in, વોટર પોર્ટલ : voters.eci.gov.in, ECINET App, BLO પાસેથી, જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી/ERO/AERO કચેરી ખાતેથી જો આપનું નામ મુસદ્દા મતદાર યાદીમાં ન હોય તો મતદારયાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નં.6 ભરીને તેની સાથે સોગંદનામું રજૂ કરીને તથા જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઇન/ઓફ લાઇન અરજી કરી શકો છો. જો મુસદ્દા મતદારયાદીમાં દર્શાવેલ વિગતોમાં કોઇ ભૂલ હોય તો ફોર્મ નં.8 ભરીને જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઇન/ઓફ લાઇન અરજી કરી શકાય છે. મુસદ્દા મતદારયાદીમાં કોઇ પણ પ્રકારનો વાંધો રજૂ કરવા માટે ફોર્મ નં.7 ભરીને અરજી કરી શકાશે. "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય".

# સારો અને સાચો માણસ કોઇ દિવસ નાસ્તિક કે આસ્તિક હોતો જ નથી,બસ એ હંમેશા વાસ્તવિક હોય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજના લેખની શરૂઆત કરીએ તો,જીવનના કોઈપણ તબક્કે કશુંક નવું શીખવામાં અગવડ તો પડે જ છે,ભય પણ લાગે છે. કારણ તમારી દ્રષ્ટિ તમારા ધ્યેય પર નહીં પણ લોકો તરફ હોય છે. તમારૂં ધ્યેયસિદ્ધ કરવા માટે તમારે લોકોની ટીકાનો તેમજ નિષ્ફળતા ની તૈયારી રાખી કમીટેડ રહેવું જ પડશે. સફળતાના માર્ગે આગળ વધવું હશે તો નિષ્ફળ જતાં શીખી લેવું પડશે.તમે ક્રિકેટના કોઈ ટોપ હીટર બેટસ મેનનો દાખલો લઈ લો. દસ ઈનીંગમાંથી માંડ બે-ત્રણઈનીંગ એ રમે છે. છતાં ગેઈમ ચેન્જર ગણાય છે. સિત્તેર ટકા નિષ્ફળતા મળવા છતાં વર્ષે કરોડો રૂપિયા કમાય છે. ટૂંકમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા ટકી રહેવાથી અને મંડયારહેવાથી જ મળે છે.એટલે પ્રયત્નો ચાલુ રાખો,તમારીજાતનો વિકાસ કર્યા કરો.જરૂર પડે નાના મોટા ફેરફારો કર્યા કરો એટલે એક દિવસ તમે સફળ જરૂર થવાના.

સુપર સ્ટાર અમિતાભ બચ્ચનની સફળતા અને નિષ્ફળતાની ગાથા સર્વ વિદિત છે.કેરિયરની શરૂઆત માં કલકત્તા રેડીયો સ્ટેશનના એનાઉન્સરની નોકરી માટે પણ રીજેક્ટ થનાર અમિતાભ અનેક સફળતા અને નિષ્ફળતા પછી સ્ટાર તો બન્યો. સફળતાની ટોચે પહોંચી તેને એ.બી.સી.એલ. અમિતાભ બચ્ચન કોર્પોરેશન લીમીટેડ નામે પ્રોડકશન હાઉસ સ્થાપ્યું.જેમાં તેને ઘોર નિષ્ફળતા મળી અને તે દેવાદાર બની ગયો. અમિતાભ તેના કપરા કાળમાં ટકી રહેવા વલખાં મારતો હતો ત્યાં કૌન બનેગા કરોડપતિ સીરીયલ શરૂ થઈ અનેએ ફરીથી ટોચ પર પહોંચ્યો.ગમે તેટલી ઉંચાઈએ પહોંચવા છતાંએ પાન-મસાલા અને હેરઓઇલની જાહેરાત પણ કરતો રહે છે.તે કોઈપણ પ્રકારના કામને મહત્વ આપે છે અને હર હંમેશ પ્રયત્નશીલ રહે છે.શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે આગળ જોઈએ તો રાજ્યાભિષેકની ઉતાવળ શું છે? કૌશલ્યાના કહેવાથી ભરત-શત્રુઘ્નને મોસાળ મોકલ્યા છે.બધા રાજાઓને આમંત્રણ આપ્યું છે, પણ ભરત-શત્રુઘ્નને કોઈ યાદ કરતુંનથી.ભરત-શત્રુઘ્નની ગેરહાજરીમાં રાજ્યાભિષેક થાય છે એટલા પરથી જ સમજી જાને!

કૈકેયીનું મન હાલી ગયું. તેના મન માં શંકાનો કીડો સળવળ્યો.

મંથરા સમજાવે છે,રામનો રાજ્યા ભિષેક થયા પછી લક્ષ્મણ રામના ખાસ મંત્રી થવાના છેઅને ભરતને કેદખાનામાં રાખશે. પછી તું કેવળ કૌશલ્યાની દાસી તરીકે અહીંરહી શકશે,રાણી તરીકે નહીં.ઉદાસ સ્વરે કૈકેયી કહે છે કે,હું શું કરી શકું?મને ત્રણ દિવસથી ખરાબ સ્વપ્નાં આવે છે!અરેરે, શું થશે?

મંથરા કહે, હજુ બાજી તમારા હાથમાં છે. રાજા પાસે થાપણ તરીકે બે વરદાન તમે રાખ્યાં છે, તે વરદાન આજે માગી લો. પ્રથમ વરદાનમાં ભરતજીને રાજ્ય મળે તેવું માગો, અને બીજા વરદાનમાં ચૌદ વર્ષ સુધી રામનો વનવાસ માગો!તમે વસ્ત્ર-આભૂષણ ફેંકી ક્રોધભવનમાં દાખલ થાઓ!પણ જો જો,રાજા લાડ કરે તેથી ભોળવાતાં નહીં રામજીના સોગન ખાઈ માગવાનું કહે ત્યારેજ જીભ ખોલજો,નહીં તો



રાજા ફરીજશે, ને બાજી બગડી જશે!કૈકેયી ક્રોધ ભવનમાં દાખલ થાય છે.જઈને ધરતી ઉપર પડે છે.રોજ દરબાર પૂરો થાય પછી મહારાજ કૈકેયી પાસે આવે છે. આજે કૈકેયીના મહેલમાં આવ્યા છે.કૈકેયી દેખાતી નથી.જાણવા મળ્યું કે,રાણી ક્રોધ ભવનમાં પડયાં છે.મહારાજને ફાળ પડી. આજે ક્રોધભવનમાં?આવા સુખના સમયે વખતે કૈકેયી ને શા સારું ક્રોધભવનમાં જવું પડે? ચાલ, ઝટ એનો ક્રોધ ઉતારી નાખું. ધૈર્ય ધારણ કરીમહારાજે ક્રોધભવનમાં પ્રવેશ કર્યો.મહારાજા દશરથ કૈકેયી નજીક આવ્યા ત્યાં કૈકેયીએ કહ્યું, ખબરદાર,મને સ્પર્શ કર્યો છે તો. કૈકેયી તિરસ્કાર કરે છે. દશરથજી કહે છે,કૈકેયી,તેં મને એક વખત કહેલું કે, તમે વૃદ્ધ થયો છો, તેથી રામને ગાદી ઉપર બેસાડો.મેં તારું કહેવું કર્યું છે.આવતીકાલે રામનો રાજ્યાભિષેક છે.તને આનંદના ખબર કહેવા આવ્યો છું.

ભરત એ વૈરાગ્યનું સ્વરૂપ છે, શત્રુઘ્નએ સદ્વિચાર છે.આ બંને દશરથ પાસે હોય તો દશરથ કેકેયીને આધીન ન થાય.આ બંને દશરથથી દૂર ગયા છે. ખાવાનું ન મળે અને ઉપવાસ કરે તેનું મહત્ત્વ નથી,પણ ખૂબ મળ્યું હોય તેમ છતાં જે સંયમ રાખે તે વૈરાગી છે. વૈરાગ્યનું એ રહસ્ય છે.જેની પાસે કશું નથી,એણે બધું છોડ્યું એમ નહીં કહેવાય.કારણકે મનમાં કામના ઘણી છે.આ તો કશું નથી,એનો વૈરાગ્ય છે.ખરો વૈરાગ્ય, તે જે સર્વ અનુકૂળતા છતાં છોડે,ભરતજી એવા વૈરાગ્યનું પ્રતીક છે.

કૈકેયીનો ક્રોધ ઊતરતો નથી, ત્યારે દશરથજી કહે છે કે, તારે માગવું હોય તે માગ. કૈકેયી, મેં મારા રામજીના સોગન કોઈ દિવસ લીધા નથી.હું આજે રામ ના સોગન લઈ કહું છું, તું જે માગીશ તે આપીશ.

દશરથ રામના શપથમાં બંધાયા એટલે કૈકેયી બોલી,મારાં બે વરદાન અનામત છે,તે આજે માગવાં છે.

દશરથ કહે, કૈકેયી, બેને બદલે ચાર વરદાન માગ! કૈકેથી કહે, માગ્યા પછી ના પાડો તો?ત્યારે દશરથ કહે છે કે,પ્રાણ જાય પણ વચન ન જાય એવી આરઘુકુળની રીત છે.વચન એટલે વચન. બોલ્યા પછી હું નહીં ફરું.તું માગ, માગ.મારું વચન મિથ્યા નહીં થાય

કૈકેયી બોલી,પહેલું હું એ માગું, મારા ભરતનો રાજ્યાભિષેક થાય મંથરાએ કૈકેયીને કહી રાખ્યું હતું કે,પહેલા રામનો વનવાસ માગીશ તો રાજાને મૂર્છા આવશે,અને કદાચ બીજું વરદાન માગવાનું રહી જશે.દશરથ કહે, ભલે, તારી ઈચ્છાનુસાર ભરતનો રાજ્યાભિષેક કરીશું.

કૈકેયીએ બીજું વરદાન માગ્યું, રામને ચૌદ વર્ષ વનમાં મોકલો!

બીજું વરદાન સાંભળી દશરથજી નિસ્તેજ થયા. મૂર્છા આવી ગઈ. ભાન આવ્યું ત્યારે દશરથજી કહે, કૈકેયી, તેં બીજું વરદાન બરાબર માગ્યું નથી. તું મારા રામને વનમાં કેમ મોકલે છે?તેણે તારો શું અપરાધ કર્યો છે? તું મારા રામને મારી આંખોથી દૂર ન કર. રામ વગર હું જીવી શકીશ નહીં.

પાણી વિના માછલી કદાચ જીવી શકે, મણિ વિના સર્પ દુઃખથી દીન થઈ ભલે જીવી શકે, પરંતુ હું સાચે જ કહું છું કે, રામ વિના મારું જીવવું શક્ય જ નથી.

કૈકેયી, ભરતનો રાજ્યાભિષેક કરીશ પણ રામને અયોધ્યામાં રાખ. કૈકેયી,મેં તને પૂછ્યા વગર રાજ્યાભિષેકની તૈયારી કરી એટલે તું ગુસ્સે થઈ લાગે છે,પણ કૌશલ્યાના કહેવાથી હું એ નથી કરતો.

કૈકેયી કહે,કૌશલ્યા કેવી છે, અને રામજી કેવા છે તે હું જાણું છું. વચન નહીં પાળો તો તમારે નરક માં જવું પડશે.તમારી રઘુકુળ રીતિ ક્યાં ગઈ?દશરથ રાજાએ કૈકેયીને મનાવવા પ્રયત્ન કર્યો, પણ કૈકેયી માનતી નથી. છેવટે દશરથ કહે છે,કૈકેયી, મારો કાળ તારામાં આવ્યો છે. રામ વગર હું જીવીશ નહીં,તું માની જા પરંતુ કૈકેયી એકની બે થતી નથી. નિષ્ઠુર બનીને બેઠી છે.રાજા બેભાન બની પડી ગયા.વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકી અસ્તુ.

કૈકેયી બોલી,પહેલું હું એ માગું, મારા ભરતનો રાજ્યાભિષેક થાય મંથરાએ કૈકેયીને કહી રાખ્યું હતું કે,પહેલા રામનો વનવાસ માગીશ તો રાજાને મૂર્છા આવશે,અને કદાચ બીજું વરદાન માગવાનું રહી જશે.દશરથ કહે, ભલે, તારી ઈચ્છાનુસાર ભરતનો રાજ્યાભિષેક કરીશું. કૈકેયીએ બીજું વરદાન માગ્યું, રામને ચૌદ વર્ષ વનમાં મોકલો! બીજું વરદાન સાંભળી દશરથજી નિસ્તેજ થયા. મૂર્છા આવી ગઈ. ભાન આવ્યું ત્યારે દશરથજી કહે, કૈકેયી, તેં બીજું વરદાન બરાબર માગ્યું નથી. તું મારા રામને વનમાં કેમ મોકલે છે?તેણે તારો શું અપરાધ કર્યો છે? તું મારા રામને મારી આંખોથી દૂર ન કર. રામ વગર હું જીવી શકીશ નહીં. પાણી વિના માછલી કદાચ જીવી શકે, મણિ વિના સર્પ દુઃખથી દીન થઈ ભલે જીવી શકે, પરંતુ હું સાચે જ કહું છું કે, રામ વિના મારું જીવવું શક્ય જ નથી. કૈકેયી, ભરતનો રાજ્યાભિષેક કરીશ પણ રામને અયોધ્યામાં રાખ. કૈકેયી,મેં તને પૂછ્યા વગર રાજ્યાભિષેકની તૈયારી કરી એટલે તું ગુસ્સે થઈ લાગે છે,પણ કૌશલ્યાના કહેવાથી હું એ નથી કરતો. કૈકેયી કહે,કૌશલ્યા કેવી છે, અને રામજી કેવા છે તે હું જાણું છું. વચન નહીં પાળો તો તમારે નરક માં જવું પડશે.તમારી રઘુકુળ રીતિ ક્યાં ગઈ?દશરથ રાજાએ કૈકેયીને મનાવવા પ્રયત્ન કર્યો, પણ કૈકેયી માનતી નથી.છેવટે દશરથ કહે છે,કૈકેયી, મારો કાળ તારામાં આવ્યો છે.રામ વગર હું જીવીશ નહીં,તું માની જા પરંતુ કૈકેયી એકની બે થતી નથી. નિષ્ઠુર બનીને બેઠી છે.રાજા બેભાન બની પડી ગયા.વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકી અસ્તુ.

# સૂખસર પોલીસની સરાહનીય કામગીરી "તેરા તુઝકો અર્પણ" અભિયાન હેઠળ ચોરાયેલા મોબાઈલ ફોન અને બાઈક મૂળ માલિકને પરત

ઝાલોદ-પ્રતિનિધિ દ્વારા, તા. 19

દાહોદ જિલ્લાના ઝાલોદ ડિવિઝન હેઠળના સૂખસર પોલીસ સ્ટેશન દ્વારા જનતા માટે વિશ્વાસ જગાવતી અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. રાજ્ય સરકાર તથા ગુજરાત પોલીસ દ્વારા અમલમાં મૂકાયેલા "તેરા તુઝકો અર્પણ" અભિયાન અંતર્ગત સૂખસર પોલીસે ચોરાઈ ગયેલા મોબાઈલ ફોન તેમજ એક બાઈક શોધી કાઢી તેના સાચા મૂળ માલિકોને પરત સોંપી સંવેદનશીલ અને માનવીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સફળ કાર્યવાહી**

આ સમગ્ર કામગીરી ડી. વાય.એસ.પી ડી.આર. પટેલના માર્ગદર્શન હેઠળ હાથ ધરાઈ હતી. જેમાં સૂખસર પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ.એસ. વરૂ, પી.એસ.આઈ. એમ.કે. દામા, આઈ.ટી. એક્સપર્ટ ડેઈઝીબેન સંગાડા સહીત સમગ્ર પોલીસ સ્ટાફની નોંધપાત્ર અને પ્રશંસનીય ભૂમિકા રહી હતી.

**1.55 લાખ રૂપિયાની મિલકત પરત અપાઈ**

સૂખસર પોલીસ દ્વારા ચોરાઈ ગયેલા છ નંગ મોબાઈલ ફોન તથા એક બાઈક, જેની અંદાજિત કિંમત રૂપિયા 1,55,495/- થાય છે, તે શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૂળ માલિકોને પરત આપવામાં આવી. પોતાના કિંમતી સામાન ફરી મળતા માલિકોના ચહેરા પર આનંદ અને સંતોષની લાગણી સ્પષ્ટ



જોવા મળી હતી.

**CEIR પોર્ટલથી ટેકનોલોજીનો અસરકારક ઉપયોગ**

ફરિયાદીઓ દ્વારા અગાઉ આપવામાં આવેલી વિગતોના આધારે સૂખસર પોલીસ સ્ટેશનની ટેકનિકલ ટીમે CEIR (Central Equipment Identity Register) પોર્ટલનો અસરકારક ઉપયોગ કરી ચોરાયેલા મોબાઈલ ફોન ટ્રેસ કરી શોધી કાઢ્યા હતા. આ ટેકનોલોજી આધારિત તપાસથી પોલીસની કાર્યક્ષમતા અને આધુનિક તપાસ પદ્ધતિ ફરી એકવાર સાબિત થઈ છે.

**ચોરાયેલ બાઈક પણ મળી સુરક્ષિત રીતે પરત**

મોબાઈલ ફોનની સાથે અગાઉ ચોરી થયેલ એક બાઈક પણ સૂખસર પોલીસ દ્વારા શોધી કાઢવામાં આવી હતી. જરૂરી કાનૂની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ બાઈક પણ તેના મૂળ માલિકને સુરક્ષિત રીતે પરત આપવામાં આવી, જેના કારણે માલિકોમાં વિશેષ સંતોષ જોવા મળ્યો હતો.

**જનતા-પોલીસ વચ્ચે વિશ્વાસમાં વધારો**

આ સમગ્ર કાર્યવાહીથી સ્થાનિક જનતામાં પોલીસ પ્રત્યે વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. "પોલીસ માત્ર કાયદાની અમલવારી માટે નહીં, પરંતુ જનતાની સેવા અને સુરક્ષા માટે સતત સતર્ક છે" એવો સંદેશ સૂખસર પોલીસની આ કામગીરી દ્વારા સમાજમાં પ્રસરી રહ્યો છે.

**સર્વત્ર પ્રશંસા, અન્ય મથકો માટે પ્રેરણારૂપ કામગીરી**

આ સફળ કામગીરી માટે સૂખસર પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ તથા સમગ્ર સ્ટાફની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. યોગ્ય માર્ગદર્શન, ટેકનિકલ કુશળતા અને સંકલિત પ્રયાસોના પરિણામે પ્રાપ્ત થયેલી આ સિદ્ધિ અન્ય પોલીસ મથકો માટે પણ પ્રેરણારૂપ સાબિત થઈ છે અને જનહિતમાં પોલીસની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.

## એડવોકેટ વંદના ભટ્ટ નર્મદા જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખપદે સતત ૧૨મી વાર વિજેતા બન્યા મંત્રીપદે આદિલ પઠાણ

**મતગણતરી બાદ અશ્વિન રોહિત ને ૪૧ મત અને પ્રમોદ વસાવા ને ૬૯ મત મળ્યા હતા જ્યારે ૨ મત રદ થયા હતા**



યશપાલસિંહ ટી વાઘેલા થરા, તા. 19

નર્મદા જિલ્લા બાર એસોસિએ શનની ચૂંટણી રાજપીપળા જિલ્લા ન્યાયાલય ખાતે બાર રૂમમાં યોજાઈ હતી.આ યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ પદે એડવોકેટ વંદના ભટ્ટ બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે.વંદના ભટ્ટ છેલ્લા અગિયાર વર્ષથી સતત પ્રમુખ પદે સેવારત રહી બાર એ સ ો િ સ એ શ ન ને માર્ગદર્શનઆપી રહ્યા છે.અને હાલ બારમી વાર તેઓ જીત્યા છે.અનેપોતાનો જ રેકોર્ડ તોડ્યો છે.તેમની સાથે મંત્રી (સેક્રેટરી) પદે આદિલ પઠાણ પણ બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે. આ સાથે ઉપપ્રમુખ પદની ચૂંટણી યોજાઈ હતી જેમા કુલ ૧૩૫ મતદારો માંથી ૧૧૨ મતદારો મતદારો એ મતદાન કર્યું હતું, મતગણતરી બાદ અશ્વિન રોહિત ને ૪૧ મત અને પ્રમોદ વસાવા ને ૬૯ મત મળ્યા હતા જ્યારે ૨ મત રદ થયા હતા.

## ઝાલોદ તાલુકામાં ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત નિશ્ચય પોષણ કીટનું વિતરણ



ઝાલોદ-પ્રતિનિધિ દ્વારા, તા. 19

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત "ટીબી મુક્ત ભારત અભિયાન" અંતે જેતપુર ગ્રામ પંચાયત ખાતે સરપંચશ્રી મીનાબેન ડામોરના હસ્તે ટીબી દર્દીઓને નિશ્ચય પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે ટીબી રોગ, તેની સારવાર, નિયમિત દવાઓના મહત્વ તેમજ પોષણની જરૂરિયાત અંગે વિસ્તૃત ચર્ચા અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સાહેબશ્રી, જિલ્લા ક્ષય અધિકારી સાહેબશ્રી તથા તાલુકા આરોગ્ય અધિકારી સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ PHC કળજી (સરસવાણી)ના મેડિકલ ઓફિસરશ્રી અને જેતપુર ગ્રામ પંચાયતના સહયોગથી કુલ 8 ટીબી દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કળજી-સરસવાણી PHCના મેડિકલ ઓફિસર, જેતપુર-1 AAMના CHO તથા MPHW દ્વારા પણ દર્દીઓને કીટ વિતરણ કરી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. ટીબી મુક્ત ભારત અભિયાન ભારત સરકાર દ્વારા માર્ચ 2018માં શરૂ કરવામાં આવ્યું છે, જેના અંતર્ગત વર્ષ 2025 સુધીમાં દેશમાં ટ્યુબરક્યુલોસિસ (ટીબી) રોગનો સંપૂર્ણ નાશ કરવાનો હેતુ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના લક્ષ્ય વર્ષ 2030ની તુલનામાં ભારતે પાંચ વર્ષ વહેલા ટીબી મુક્ત બનવાનો સંકલ્પ લીધો છે. આ કાર્યક્રમમાં જેતપુર ગ્રામ પંચાયતના સરપંચશ્રી મીનાબેન ડામોર, PHC કળજી-સરસવાણીના મેડિકલ ઓફિસર ડૉ. દિવ્યાંગી ડિંડોર, RBSK મેડિકલ ઓફિસર સંદીપભાઈ પારગી, જેતપુર-1 AAMના CHO અમિતભાઈ પરમાર, IMPACT INDIAની PSMRI ટીમ, KHPTના સહયોગથી પિરામલ સ્વાસ્થ્ય સંસ્થાની સેજલબેન રોઝ, MPHW ચીરાગભાઈ હઠીલા તેમજ આશા વર્કર બહેનો હાજર રહ્યા હતા. કાર્યક્રમ અંતે "ટીબી હરેગા, દેશ જીતેગા"નો સંદેશ આપીને સમાજના દરેક વર્ગને ટીબી સામે જાગૃત થવા અને સહયોગ આપવા અપીલ કરવામાં આવી હતી.

## શ્રી રામ જાનકી ઉ.બુ. આશ્રમ શાળામાં ધોરણ-10ના વિદ્યાર્થીનું શંકાસ્પદ મૃત્યુ

ઝાલોદ , તા. 19

પરિવારજનોના આક્રંદથી હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા, પોલીસ તપાસ ગતિમાન, ઝાલોદ તાલુકાના કલજીના-સરસવાણી રોડ ઉપર આવેલ શ્રી રામ જાનકી ઉચ્ચતર બુનિયાદી આશ્રમ શાળામાં આજે તારીખ *19-12-2025 (શુક્રવાર)*ના રોજ એક દુઃખદ અને ચકચારજનક ઘટના સામે આવી છે. આશ્રમ શાળામાં અભ્યાસ કરતો ધોરણ-10નો વિદ્યાર્થી ચરપોટ પવનકુમાર યશવંતભાઈ પંખા સાથે લટકેલ હાલતમાં મળતાં સમગ્ર આશ્રમ શાળા પરિસરમાં અફરાતફરી મચી ગઈ હતી.

## દેવગઢ બારીયા બાર એસોસિયન ના હોદ્દેદારોની બિનહરિફ વરણી

દેવગઢ બારિયા, તા. 19

ગુજરાત બાર કાઉન્સીલ ધ્વારા ગુજરાતની તમામ બાર એસોસીએશન માં હોદ્દાની પ્રમુખ, ઉપ પ્રમુખ, સેકરેટરી ખજાનચીના હોદ્દાની વરણી થતી હોય ૧૯/૧૨/૨૦૨૫ ના રોજ સમગ્ર ગુજરાતમાં દરેક બાર માં હોદ્દેદારની ચૂંટણી થતી હોય તેમાં દેવગઢ બારીઆ બાર એસોસીએશન માં પરંપરાગત મુજબ ચૂંટણી વગર હોદ્દાની નિમણુંક થતી હોય તેવી જ પરંપરા મુજબ આજ રોજ તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ દેવગઢ બારીઆના બાર એસોસીએશનના તમામ સભ્યોની સર્વસંમતીથી પ્રમુખ તરીકે મહેશકુમાર એન.રાણા, ઉપપ્રમુખ તરીકે ધર્મેન્દ્રસિંહ આર.ચૌહાણ સેક્રેટરી તરીકે કેતનકુમાર જી.પીપલોદીયા તથા ખજાનચી તરીકે રવિકુમાર એ. પટેલની વરણી કરવામાં આવી છે.તમામ હોદ્દેદારોને નગરજનો તથા બાર

## અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ થયેલા કુસુમબહેન માટે સરકારી યોજના બની સંજીવની

# કુસુમબહેનની હૃદયની ગંભીર બીમારીની મોંઘીદાટ સારવાર આયુષ્માન ભારત યોજના હેઠળ વિનામૂલ્યે થઈ

ગાંધીનગર, તા. 19

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના નાગરિકોને શ્રેષ્ઠ અને કિફાયતી આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના મક્કમ નિર્ધારને પરિણામે આજે હજારો પરિવારો મોંઘી તબીબી સારવારના આર્થિક બોજમાંથી મુક્ત બની રહ્યા છે. આયુષ્માન ભારત (PMJAY-મા) યોજના અને રાજ્યની અદ્યતન આરોગ્ય સુવિધાઓ કેવી રીતે સામાન્ય માનવી માટે આશીર્વાદરૂપ સાબિત થાય છે, તેનું જીવંત ઉદાહરણ 67 વર્ષીય કુસુમબેન ભીખુભાઈ ત્રિવેદીના કિસ્સામાં જોવા મળ્યું છે. હૃદયની ગંભીર બીમારીનો સામનો કરી રહેલા કુસુમબહેન માટે સરકારની સંવેદનશીલતા અને તબીબી નિષ્ણાતોની મહેનત નવજીવન લઈને આવી છે. વર્ષ 2023માં કુસુમબહેનને જ્યારે શ્વાસની તકલીફ સાથે 108 મારફતે પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા ત્યારે હોસ્પિટલના ડોક્ટર હાજર ન હતા. ત્યાર બાદ તે તાત્કાલિક અમદાવાદની યુ. એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે દાખલ થયા, ત્યારે તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેઓ રુમેટિક હાર્ટ ડિસીઝ અને કમ્પ્લીટ હાર્ટ બ્લોક જેવી જટિલ સમસ્યાથી પીડાઈ રહ્યા છે. અગાઉ હૃદયની સર્જરી કરાવી હોવા છતાં તેમની સ્થિતિ નાજુક હતી અને તબીબોએ તાત્કાલિક એઓર્ટિક વાલ્વ રિપ્લેસમેન્ટ અને ત્યારબાદ CRT-D (Cardiac Resynchronization Therapy with a Defibrillator) ઈમ્પ્લાન્ટેશન જેવી અત્યંત ખર્ચાળ અને જટિલ સર્જરીની સલાહ આપી હતી.

સામાન્ય પરિવાર માટે લાખો રૂપિયાનો આ ખર્ચ ચિંતાનો વિષય હતો, પરંતુ અહીં ગુજરાત સરકારની આ કલ્યાણકારી યોજના તેમની વ્હારે આવી હતી. રાજ્ય સરકારના સફળ સંચાલન હેઠળ કાર્યરત આયુષ્માન ભારત યોજના અંતર્ગત કુસુમબહેનની આ સંપૂર્ણ સારવાર વિનામૂલ્યે કરવામાં આવી હતી. અંદાજે 6,56,495 રૂપિયા જેટલો ખર્ચ સરકારે ભોગવીને પરિવારને આર્થિક સંકટમાંથી ઉગારી લીધો હતો. યુ. એન. મહેતા હોસ્પિટલના કુશળ તબીબો દ્વારા કરવામાં આવેલી સફળ શસ્ત્રક્રિયા અને ત્યારબાદની ઉત્કૃષ્ટ દેખભાળને કારણે કુસુમબહેન આજે સંપૂર્ણ સ્વસ્થ છે. રોજબરોજ નું કામ પણ તેઓ ખૂબ જ સ્ફૂર્તિ સાથે કરે છે. CRT-D ઈમ્પ્લાન્ટેશન કર્યું હોવા છતાં, આજે તેઓ કોઈપણ જાતની ચિંતા વગર આરામથી રોજના 3 કિલોમીટર જેટલું ચાલે છે.સરકારના આ પ્રયાસોએ સાબિત કર્યું છે કે, રાજ્યના છેવાડાના માનવીને પણ વિશ્વસ્તરીય સારવાર પૂરી પાડવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. આ સફળતા માત્ર એક તબીબી સિદ્ધિ નથી, પરંતુ 'સ્વસ્થ ગુજરાત'ના સંકલ્પને સાકાર કરતી એક પ્રેરણાદાયી ઘટના છે. રાજ્યમાં આરોગ્યલક્ષી માળખાગત સુવિધાઓના સુદ્રઢીકરણ અને આયુષ્માન કાર્ડ જેવી યોજનાઓના વ્યાપને કારણે આજે સામાન્ય નાગરિકો પણ જટિલ ઓપરેશનો ખાનગી હોસ્પિટલોના મોંઘા ખર્ચ વગર સરકારી સંસ્થાઓમાં કરાવી રહ્યા છે. કુસુમબહેન અને તેમનો પરિવાર આજે ગુજરાત સરકારનો આભાર માને છે. કારણ કે, સરકારી યોજનાના આ સથવારે તેમના ઘરમાં ફરી ખુશીઓ પરત આવી છે.

## તા.1-1-2026ની લાયકાતની તારીખના આધારે હાથ ધરવામાં આવેલી મતદાર યાદીની ખાસ સઘન સુધારણા (SIR)

# સતત દોઢ માસ ચાલેલી SIRની અસરકારક કામગીરી બાદ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી : 4.34 કરોડ મતદારો નોંધાયા

**50,963 BLOએ ઘરે ઘરે જઇને ગણતરી ફોર્મ આપી મતદારોના મેપીંગ-મેચીંગની કામગીરી સુપેરે પાર પાડી, હવે 18મી જાન્યુઆરી,2026 સુધીમાં મતદારો વાંધા-દાવા રજૂ કરી શકશે**

ગાંધીનગર, તા. 19

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) હાથ ધરવામાં આવી છે. ગત તા. 27 ઓક્ટોબર 2025થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની સતત દોઢ માસ સુધી હાથ ધરવામાં આવેલી ગણતરીના તબક્કાની અસરકારક કામગીરી બાદ આજ રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. હવે તા.18મી જાન્યુઆરી,2026 સુધીમાં જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ બાકાત થવા સબંધી જે કંઇ વાંધા-દાવા રજૂ કરવા માંગતા હોય તેઓ તે રજૂ કરી શકશે.ત્યારબાદ તા.10મી ફેબ્રુઆરી,2026 સુધીમાં ચૂંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેના નિકાલની પણ સાથે સાથે કામગીરી હાથ ધરવામાં આવશે. મુસદ્દા મતદાર યાદી પ્રસિધ્ધ કરવાના પ્રસંગે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાએ જણાવ્યું કે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે 33 જિલ્લા ચૂંટણી અધિકારી, 182 મતદાર નોંધણી અધિકારી, 855 સહાયક મતદાર નોંધણી અધિકારી, 50,963 BLO તથા 54,443 BLA તથા 30,833 જેટલા સ્વંય સેવકોની સક્રિય સહભાગિતા રહી છે.રાજ્યના મતદારોનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો છે. મીડિયા, રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનોનો પણ સહયોગ મળ્યો છે.જેના ફળ સ્વરૂપ નિયત સમયર્યાદામાં કુલ 5,08,43,436 મતદારો પૈકી 4,34,70,109 મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા છે.આ તમામ ગણતરી ફોર્મનું સંપૂર્ણ ડિજીટાઇઝેશન કરવામાં આવ્યું છે.શહેરી વિસ્તારોમાં મ હ ા ન ગ ર પ ા લિ ક ા , ન ગ ર પ ા લિ ક ા ન ા અધિકારીઓ,કર્મચારીઓને પણ જોડવામાં આવ્યાં હતા.ભારતના ચૂંટણી પંચ દ્વારા SIR માં સહયોગ માટે રાજ્યની તમામ મ હ ા ન ગ ર પ ા લિ ક ા ઓ ન ા કમિશનરોને પણ અધિક જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં અવસાન પામેલા, કાયમી ધોરણે સ્થળાંતર કરેલા તથા બે જગ્યાએ મતદાર તરીકે નોધાયેલા મતદારોને ઓળખવામાં આવ્યાં હતાં.મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયા પહેલા રાજ્યમાં કુલ 5,08,43,436 મતદાર નોંધાયેલા હતા.મુસદ્દા મતદારયાદી પ્રસિધ્ધ થયાં બાદ કુલ મતદારોની સંખ્યા 4,34,70,109 રહેવા પામી છે.એટલે કે, SIRની ઝંબેશ દરમિયાન કુલ 73,73,327 મતદારોના નામ મુસદ્દા મતદારયાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે.જેમાં,

અવસાન પામેલા મતદારો- 18,07,278

ગેરહાજર મતદારો- 9,69,662

કાયમી ધોરણે સ્થળાંતર કરી ચૂકેલા મતદારો- 40,25,553

બે જગ્યાએ નોંધાયેલા મતદારો- 3,81,470 હતા.

અન્ય- 1,89,364 હતા.

વ્યાપક પ્રચાર પ્રસિધ્ધિ બાદ તથા BLO દ્વારા સતત ડોર ટુ ડોર સર્વે કરવામાં આવ્યા છતાં BLOને ઉપર દર્શાવેલ મતદારો મળ્યાં નથી કે તેમના ગણતરી ફોર્મ પરત આવ્યા નથી. તેનું કારણ કદાચ તેઓ અન્ય સ્થળે સ્થાયી થઈને ત્યાનાં મતદાર બની ગયા હોય અથવા હયાત જ ન હોય અથવા નિયત સમયમાં ફોર્મ જમા ન કરાવી શક્યાં હોય અથવા તો મતદાર તરીકે નોંધણી કરાવવા ન માંગતા હોય.આવા મતદારોના નામ મુસદ્દા મતદાર યાદીમાં સામેલ નથી કરાયા. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં 5.08 કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન અવસાન પામેલા, કાયમી સ્થળાંતર કરી ગયેલા, ગણતરી દરમિયાન ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બૂથ લેવલ ઓફિસર અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે. 5.08 કરોડ ફોર્મ પૈકી ASD (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદીમાં ધ્યાને આવેલી 10.69 લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે. સતત દોઢ માસ ચાલેલી કવાયત બાદ તા.1-1-2026ની લાયકાતની તારીખના આધારે આજરોજ મુસદ્દા મતદાર યાદી તમામ મતદાન કેન્દ્રો સહિત દરેક નિર્ધારીત સ્થળોએ પ્રસિધ્ધ કરવામાં આવી છે.મુસદ્દા મતદાર યાદી મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ http://ceo.gujarat.gov.in ઉપર પણ પ્રસિધ્ધ કરવામાં આવી છે.જેની ઉપર મતદારો પોતાની વિગતો ચકાસી શકે છે. દરેક જિલ્લામાં મુસદ્દા મતદાર યાદીની બે નકલો (1 ફોટાવાળી પ્રિન્ટેડ તથા 1 ફોટા વગરની સોફ્ટ કોપી) તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને સુપ્રત કરવામાં આવી છે. સાથે સાથે એવા મતદારો કે જેમની પાસેથી ગણતરી ફોર્મ પ્રાપ્ત નથી થયાં તેઓની યાદી પણ સુપ્રત કરવામાં આવી છે. જેથી BLA પણ જરૂર પડ્યે આવા મતદારોની સત્યતા પ્રસ્થાપિત કરી શકે. તમામ માન્ય રાજકીય પક્ષોના પ્રતિનીધીઓને પણ અપીલ કરવામાં આવી છે કે આ બંને યાદીની બારીકાઈથી ચકાસણી કરે અને તા.18મી ફેબ્રુઆરી,2026 સુધીમાં જો કોઈ વાંધા-દાવા હોય તો નિયત પ્રક્રિયા અનુસરીને મતદારોને સહાયરૂપ બને.નિયત સમયમાં મળેલા વાંધા-દાવાઓ વિશે ચકાસણી કરીને સબંધીત ચૂંટણી અધિકારી દ્વારા મતદારને નોટીસ મોકલીને તેની રૂબરૂ રજૂઆત બાદ જ સ્પષ્ટ હુકમ મારફતે મતદાર યાદીમાં નામ દાખલ કરવા કે ન કરવા અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે. તા.1-1-2026ની લાયકાતની તારીખે 18 વર્ષ પુરા કરનાર યુવાનો ફોર્મ નં.6 ભરીને તેઓનું નામ આખરી મતદાર યાદી કે જે તા.17-2-2026ના રોજ પ્રસિધ્ધ થવાની છે તેમાં દાખલ કરાવી શકે છે. મતદારોને ખાસ જણાવવાનું કે, આપનું નામ મુસદ્દા મતદાર યાદીમાં નીચે દર્શાવેલ માધ્યમ વડે ચકાસી શકો છો.

વેબસાઈટ http://ceo.gujarat.gov.in


વોટર પોર્ટલ : voters.eci.gov.in

ECINET App

BLO પાસેથી

જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરી/ERO/AERO કચેરી ખાતેથી

જો આપનું નામ મુસદ્દા મતદાર યાદીમાં ન હોય તો મતદાર યાદીમાં નામ દાખલ કરાવવા માટે ફોર્મ નં.6 ભરીને તેની સાથે ડેક્લેરેશન રજૂ કરીને તથા જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઇન/ઓફ લાઇન અરજી કરી શકો છો. જો મુસદ્દા મતદાર યાદીમાં દર્શાવેલ વિગતોમાં કોઈ ભૂલ હોય તો ડેક્લેરેશન સાથે ફોર્મ નં.8 ભરીને જરૂરી આધાર પુરાવાના દસ્તાવેજ સામેલ રાખીને ઓન લાઇન/ઓફ લાઈન અરજી કરી શકાય છે. મુસદ્દા મતદાર યાદીમાં કોઈ પણ પ્રકારનો વાંધો રજૂ કરવા માટે ફોર્મ નં.7 ભરીને અરજી કરી શકાશે.




## કાઠિયાવાડી 'ચાઈનામેન'થી IPL બેટર્સ થથરશે!

# રાજકોટના ક્રેઈન્સ ફુલેત્રા પર ઘણી ટીમ આફરીન હતી, જાણો SRHના 'મિસ્ટ્રી પ્લેયર'ની કહાની

**મુંબઈ, તા. 19**

IPLનો ઑફિશિયલ મોટ્ટો (સૂત્ર) છે, જેનો મતલબ થાય છે...Where Talent Meets Opportunity (જ્યાં પ્રતિભાઓને તક મળે છે). આ જ વાતને આપણા સૌરાષ્ટ્રના જ માત્ર 20 વર્ષના ક્રેઈન્સ ફુલેત્રાએ સાર્થક કરી બતાડી છે. ગત IPL સીઝનમાં તે SRHનો નેટ બોલર હતો. ત્યારથી જ તે ઘણો ચર્ચામાં રહ્યો છે. હેનરિક ક્લાસેન જેવા વિસ્ફોટક બેટરને તેણે પરસેવો છોડાવી દીધો હતો. આ વાતનો ઉલ્લેખ ક્લાસેને જાતે જ એક પોડકાસ્ટ ઈન્ટરવ્યૂમાં કર્યો હતો. સૌરાષ્ટ્રના માળિયા હાટીના જેવા નાનકડા ગામમાંથી હવે તે IPLની સફર ખેડવા જઈ રહ્યો છે. ત્યારે તેની ક્રિકેટિંગ જર્ની, ફેમિલી સપોર્ટ, તે કઈ રીતે ચાઈનામેન બોલિંગ શીખ્યો અને હવે તેનો નેક્સ્ટ ગોલ શું છે, આ બધા જ વિશે તેની પાસેથી જાણ્યું...તો ચાલો જાણીએ યંગ સેન્સેશન ક્રેઈન્સ ફુલેત્રાને... 'ફેમિલીએ મને અઘરા સમયમાં ખૂબ સપોર્ટ કર્યો, બસ ઈન્ડિયા માટે રમવું છે હવે' ક્રિકેટ રમવાનું ક્યારે અને કેવી રીતે શરૂ કર્યું અને ફેમિલીનો સપોર્ટ કેવો હતો તેના સવાલના જવાબમાં ક્રેઈન્સે કહ્યું કે, 'પહેલા અમે આખી ફેમિલી માળિયા હાટીના રહેતા. ત્યાં ક્રિકેટ રમતો પણ પ્રોફેશનલી ક્રિકેટ રમતો નહોતો. એટલે મમ્મી-પપ્પાએ નક્કી કર્યું કે આપણે રાજકોટ શિફ્ટ થઈ જાઈએ. તો મારા ક્રિકેટ માટે અમે શિફ્ટ થઈ ગયા. અમારે ત્યાં સેટલ હતું બધું, ખેતીવાડી હતી એ બધુ મૂકીને અમે અહીં રાજકોટ આવ્યા હતા. સિટી લાઈફ અલગ હોય છે, એટલે શરૂઆતમાં થોડું અઘરું પડ્યું હતું.' 'મને ક્રિકેટર બનાવવામાં ફેમિલીએ મને ખૂબ જ સપોર્ટ કર્યો છે. મારા અઘરા સમયમાં પણ મને એમણે સપોર્ટ કર્યો છે, જ્યારે વચ્ચે હું ક્રિકેટ રમી નહોતો શકતો. પણ IPLમાં હવે તક મળી છે, તો લાગે છે ડ્રીમ પુરું થયું છે. મારે હવે આગળ ઈન્ડિયા માટે રમવું છે.' આગળ હવે ગોલ શું તેના જવાબમાં તેણે કહ્યું, 'IPLમાં સિલેક્ટ થયો છું, તો હવે નેક્સ્ટ ગોલ મારો એ રહેશે કે હું IPLમાં સારું પરફોર્મન્સ આપું અને ઈન્ડિયન ટીમ માટે સિલેક્ટ થઉં.' SRHમાં સિલેક્ટ થયો ત્યારે લિફ્ટમાં હતો, ઘરમાં સેલિબ્રેશન ચાલુ થઈ ગયું હતું IPLમાં સિલેક્ટ થયો ત્યારે ઘરમાં શું રિએક્શન હતું તેના જવાબમાં ક્રેઈન્સે જણાવ્યું, 'હું તો પ્રેક્ટિસમાં હતો, પછી મેં મારી પ્રેક્ટિસ પૂરી કરીને ત્યાં જ ઓક્શન જોતો હતો. તો ત્યારે હજું 120મો નંબર ચાલતો હતો. મારો નબંર 275 હતો. ત્યાં પહોંચતા હજુ વાર હતી. તો એક્સલેરશન રાઉન્ડમાં મારું નામ આવી ગયું. ઘરવાળાઓને તો ખબર પડી ગઈ કે સિલેક્ટ થયો છું, પણ હજુ હું તો લિફ્ટમાં જ હતો. બધાએ સેલિબ્રેશન ચાલુ કર્યું, ત્યારે મને ખ્યાલ આવ્યો કે હું સિલેક્ટ થઈ ગયો છું.' 'ચાઈનામેન એટલે શું એ મને ખ્યાલ જ નહોતો, પહેલા પેસ બોલર હતો' ચાઈનામેન બોલિંગની સ્કીલ્સ કેવી રીતે ડેવલોપ કરી, તેમાં ક્રેઈન્સે કહ્યું, 'ચાઈનામેન તો પહેલા મને ખબર નહોતી પડતી. હું પહેલા પેસ બોલર હતો. એક વર્ષ પછી હું એમ જ બોલ નાખતો હતો. તો મારા સર જોઈ ગયા કે આ ચાઈનામેન સારી રીતે નાખે છે. એમણે મને સમજાવ્યો કે આને ચાઈનામેન કહેવાય અને આ બહુ જ ઓછા લોકો નાખી શકે છે. એમણે કહ્યું કે આમાં એક્યુરસી અને કન્સીસટન્સી મેળવવા માટે દરરોજની 20 ઓવર બોલિંગ કરવી પડે. આ પછી હું પ્રેક્ટિસ કરતો ગયો અને હવે સારી રીતે ચાઈનામેન બોલિંગ કરી શકું છું.' એટલે શરૂઆતમાં થોડું અઘરું પડ્યું હતું.' 'મને ક્રિકેટર બનાવવામાં ફેમિલીએ મને ખૂબ જ સપોર્ટ કર્યો છે. મારા અઘરા સમયમાં પણ મને એમણે સપોર્ટ કર્યો છે, જ્યારે વચ્ચે હું ક્રિકેટ રમી નહોતો શકતો. પણ IPLમાં હવે તક મળી છે, તો લાગે છે ડ્રીમ પુરું થયું છે. મારે હવે આગળ ઈન્ડિયા માટે રમવું છે.' આગળ હવે ગોલ શું તેના જવાબમાં તેણે કહ્યું, 'IPLમાં સિલેક્ટ થયો છું, તો હવે નેક્સ્ટ ગોલ મારો એ રહેશે કે હું IPLમાં સારું પરફોર્મન્સ આપું અને ઈન્ડિયન ટીમ માટે સિલેક્ટ થઉં.' SRHમાં સિલેક્ટ થયો ત્યારે લિફ્ટમાં હતો, ઘરમાં સેલિબ્રેશન ચાલુ થઈ ગયું હતું IPLમાં સિલેક્ટ થયો ત્યારે ઘરમાં શું રિએક્શન હતું તેના જવાબમાં ક્રેઈન્સે જણાવ્યું, 'હું તો પ્રેક્ટિસમાં હતો, પછી મેં મારી પ્રેક્ટિસ પૂરી કરીને ત્યાં જ ઓક્શન જોતો હતો. તો ત્યારે હજું 120મો નંબર ચાલતો હતો. મારો નબંર 275 હતો. ત્યાં પહોંચતા હજુ વાર હતી. તો એક્સલેરશન રાઉન્ડમાં મારું નામ આવી ગયું. ઘરવાળાઓને તો ખબર પડી ગઈ કે સિલેક્ટ થયો છું, પણ હજુ હું તો લિફ્ટમાં જ હતો. બધાએ સેલિબ્રેશન ચાલુ કર્યું, ત્યારે મને ખ્યાલ આવ્યો કે હું સિલેક્ટ થઈ ગયો છું.' 'ચાઈનામેન એટલે શું એ મને ખ્યાલ જ નહોતો, પહેલા પેસ બોલર હતો' ચાઈનામેન બોલિંગની સ્કીલ્સ કેવી રીતે ડેવલોપ કરી, તેમાં ક્રેઈન્સે કહ્યું, 'ચાઈનામેન તો પહેલા મને ખબર નહોતી પડતી. હું પહેલા પેસ બોલર હતો. એક વર્ષ પછી હું એમ જ બોલ નાખતો હતો. તો મારા સર જોઈ ગયા કે આ ચાઈનામેન સારી રીતે નાખે છે. એમણે મને સમજાવ્યો કે આને ચાઈનામેન કહેવાય અને આ બહુ જ ઓછા લોકો નાખી શકે છે. એમણે કહ્યું કે આમાં એક્યુરસી અને કન્સીસટન્સી મેળવવા માટે દરરોજની 20 ઓવર બોલિંગ કરવી પડે. આ પછી હું પ્રેક્ટિસ કરતો ગયો અને હવે સારી રીતે ચાઈનામેન બોલિંગ કરી શકું છું.'

# પ્લેન ક્રેશમાં દિગ્ગજ ખેલાડીનું પત્ની-બાળકો સહિત નિધન! ખેલ જગતમાં શોકની લહેર



**મુંબઈ, તા. 19**

રેસિંગની દુનિયામાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અમેરિકામાં એક વિમાન દુર્ઘટનાએ NASCAR સમુદાયને એક ઊંડા શોકમાં નાંખી દીધો છે. ઉત્તરી કૈરોલિનાના સ્ટેટ્સવિલે રિજનલ એરપોર્ટ પાસે ગુરૂવારે (19 ડિસેમ્બર) સવારે એક ખાનગી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેમાં નિવૃત્ત NASCAR ડ્રાઈવર ગ્રેગ બિફલ, તેમની પત્ની અને બાળકો સહિત કુલ સાત લોકોના મોત નિપજ્યા છે. આ અકસ્માત બાદ રેસિંગ જગતમાં શોકની લહેર પ્રસરી છે. ટેકઑફના થોડા જ સમયમાં આગના ગોળામાં ફેરવાયું વિમાન, અધિકારીઓના જણાવ્યાનુસાર, સેસના C550 બિઝનેસ જેટ સવારે 10 વાગ્યે સ્ટેટ્સવિલે એરપોર્ટથી ફ્લોરિડા માટે રવાના થયું હતું. જોકે, ટેકઑફના થોડા જ સમય બાદ પાઈલટને કોઈ સમસ્યાનો આભાસ થયો અને વિમાન એરપોર્ટ પર પરત લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ દરમિયાન વિમાને સંતુલન ગુમાવ્યું અને જમીનથી અથડાઈ ગયું. ટક્કર સાથે જ વિમાનમાં ભીષણ આગ લાગી, જેનાથી ઘટનાસ્થળે હાજર તમામ મુસાફરોનું મોત નિપજ્યું. આ ભયાનક અકસ્માત ચાર્લોટથી લગભદ 72 કિલોમીટર ઉત્તરમાં થયો હતો. નૉર્થ કૈરોલિના સ્ટેટ હાઈવે પેટ્રોલ અનુસાર, વિમાન ખૂબ ઝડપથી નીચે આવ્યું અને નીચે પડતા જ આગના ગોળામાં ફેરવાઈ ગયું. તે સમયે વિસ્તારમાં વરસાદ થઈ રહ્યો હતો. વિમાન જે કંપનીના નામે રજિસ્ટર્ડ હતું, તે ગ્રેગ બિફલ સાથે જોડાયેલી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. આ વિમાનમાં ગ્રેગ બિફલ સાથે તેમની પત્ની ક્રિસ્ટીના, પાંચ વર્ષનો દીકરો રાઈડર અને 14 વર્ષની દીકરી એમ્મા હાજર હતા. તેમના પરિવારના નજીકના મિત્ર અને તેમના બાળકો પણ આ ઉડાનમાં હાજર હતા. પરિવાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમમાં કહેવામાં આવ્યું કે, આ તેમના જીવનની સૌથી મોટી દુર્ઘટના છે અને આ નુકસાનની ચૂકવણી અશક્ય છે.

# ભારતીય ટીમનો 'મિસ્ટ્રી સ્પિનર' એક સાથે બે બીમારીના ભરડામાં, દિવસે ને દિવસે કથળતું સ્વાસ્થ્ય

## ડોક્ટરોએ મને ફક્ત આરામ અને સ્વસ્થતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી છે

**મુંબઈ, તા. 19**

ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલને ડેન્ગ્યુ અને ચિકનગુનિયા થયો છે. આ જ કારણ છે કે તે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની ફાઈનલમાં ઝારખંડ સામે તેની ટીમ હરિયાણા માટે રમી શક્યો ન હતો. મોટી મેચ પહેલા લેગ-સ્પિનર ચહલની ગેરહાજરીએ હરિયાણાની બોલિંગ નબળી પાડી હતી, અને ઈશાન કિશનની શાનદાર બો લિંગને કારણે, ઝારખંડે પહેલી વાર 69 ર નથી જીત મેળવીને ટુર્નામેન્ટ જીતી હતી. ચ હ લની ગેરહાજરી હરિયાણાને ભારે પડી, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને યુ ઝ વેન્દ્ર ચહલે લખ્યું કે, 'SMAT ફાઈનલ માટે મા રી ટીમ, હરિયાણાને મારી હાર્દિક શુભેચ્છાઓ. હું ટીમનો ભાગ બનવા માંગતો હતો, પરંતુ ક મ નસીબે મને ડેન્ગ્યુ અને ચિકનગુનિયા થયો છે, જેના કારણે મારા સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી છે. ડોક્ટરોએ મને ફક્ત આરામ અને સ્વસ્થતા પર ધ્યાન કેન્દ્રિત કરવાની સલાહ આપી છે. હું ટૂંક સમયમાં મેદાન પર પાછો ફરીશ અને સંપૂર્ણ તાકાત સાથે બોલિંગ કરીશ.' હા ગયા વર્ષે T20 વ ર્લ્ડ કપ પછી યુઝવેન્દ્ર ચહલની ભારતીય ટીમમાં પ સંદગી કરવામાં આવી નથી અને ઓગસ્ટ 202 3 પછી તેણે સિનિયર રાષ્ટ્રીય ટીમ માટે કોઈ મેચ રમી નથી.ચહલ નોર્થમ્પ્ટનશાયર માટે કાઉન્ટી ક્રિકેટ અને વન ડે કપ રમવા માટે ઈંગ્લેન્ડ ગયો હતો, જ્યાં તેણે છ મેચમાં છ વિકેટ લીધી અને પ્રતિ ઓવર છ રનથી ઓછાનો ઈકોનોમી રેટ જાળવી રાખ્યો. ચહલે કાઉન્ટી ચેમ્પિયનશિપના ડિવિઝન ટુમાં ત્રણ મેચમાં 12 વિકેટ લઈને પોતાની રેડ-બોલ કુશળતા પણ દર્શાવી, જેમાં પાંચ વિકેટનો સમાવેશ થાય છે. આ મજબૂત પ્રદર્શન છતાં, તેને ભારતીય ટીમ માટે પસંદ કરવામાં આવ્યો ન હતો. લમાં ચહલ ક્યારે મેદાનમાં પાછા ફરવા માટે તૈયાર થશે તે અંગે કોઈ અપડેટ નથી, પરંતુ લેગ-સ્પિનર 24મી ડિસેમ્બરથી શરૂ થનારી વિજય હજારે ટ્રોફી દરમિયાન વાપસી કરવા માટે ઉત્સુક રહેશે.




# એક્ટ્રેસ પૂજા ચોપરાએ બાબા વિશ્વનાથના દર્શન કર્યા



**મુંબઈ, તા. 19**

બોલિવૂડ એક્ટ્રેસ પૂજા ચોપરા કાશી પહોંચી અને બાબા વિશ્વનાથના દર્શન કર્યા. તેણે કહ્યું- કાશીમાં આવીને મનને શાંતિ અને સુકૂન મળે છે. આ શહેરમાં આધ્યાત્મિક ઊર્જા છે. તેણે ગંગા નદીમાં બોટિંગ કરી અને ઘાટોની સુંદરતા પણ નિહાળી ત્યારબાદ બનારસની ગલીઓમાં પણ ફરતી રહી. તેણે બનારસી ટામેટા ચાટ પણ ખાધી. તે 15 થી 18 ડિસેમ્બર સુધી કાશીમાં રહી. તેણે 18 ડિસેમ્બરની રાત્રે કાશી યાત્રાની તસવીરો ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે. પૂજા ચોપરાએ બાબા વિશ્વનાથના દર્શન અને પૂજા-અર્ચના કરી. ત્યારબાદ તેણે કાલ ભૈરવ મંદિર અને અન્નપૂર્ણા મંદિરમાં પણ દર્શન કર્યા. મંદિરોમાં દર્શન કર્યા પછી તેણે કહ્યું- કાશી આવીને મનને ઊંડી શાંતિ અને સકારાત્મક ઊર્જા મળે છે. નવા વર્ષ પહેલાં આ પવિત્ર નગરીમાં આવીને તેણે કંઈક નવું કરવાનો સંકલ્પ લીધો છે. જો બાબાના આશીર્વાદ રહેશે તો તેના બધા સંકલ્પો ચોક્કસ પૂરા થશે. પૂજા ચોપરાએ બનારસની ચાટની લિજ્જત માણી ત્યારબાદ પૂજા ચોપરા કાશીની પ્રસિદ્ધ ચાટની દુકાન પર પણ પહોંચી અને બનારસની ચાટનો સ્વાદ લીધો. તેણે સ્થાનિક ખાણી-પીણીના ખૂબ વખાણ કર્યા અને કહ્યું કે બનારસનો સ્વાદ બીજે ક્યાંય મળતો નથી. આ દરમિયાન તેની માતા પણ તેની સાથે હાજર રહ્યાં. મા-દીકરીની આ યાત્રા આધ્યાત્મિક અનુભવની સાથે-સાથે ભાવનાત્મક રીતે પણ ખાસ રહી. પૂજા ચોપરાનો જન્મ 3 મે 1986ના રોજ કોલકાતા, પશ્ચિમ બંગાળમાં થયો હતો. તે એક ઈન્ડિયન એક્ટ્રેસ, મોડેલ અને સૌંદર્ય સ્પર્ધા વિજેતા છે. તેણે ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ 2009નો ખિતાબ જીત્યો અને તે જ વર્ષે મિસ વર્લ્ડ 2009માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. પૂજા ચોપરા મિસ વર્લ્ડ સ્પર્ધામાં "બ્યુટી વિથ એ પર્પઝ" નો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બની હતી. તેમને ફિલ્મ 'કમાન્ડો-એ-વન મેન આર્મી'થી ખાસ ઓળખ મળી. આ ઉપરાંત તેમને ટાઈમ્સ મોસ્ટ પાવરફુલ વુમન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે. તે એક ઈન્ડિયન એક્ટ્રેસ, મોડેલ અને સૌંદર્ય સ્પર્ધા વિજેતા છે. તેણે ફેમિના મિસ ઈન્ડિયા વર્લ્ડ 2009નો ખિતાબ જીત્યો અને તે જ વર્ષે મિસ વર્લ્ડ 2009માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. પૂજા ચોપરા મિસ વર્લ્ડ સ્પર્ધામાં "બ્યુટી વિથ એ પર્પઝ" નો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય બની હતી. તેમને ફિલ્મ 'કમાન્ડો-એ-વન મેન આર્મી'થી ખાસ ઓળખ મળી. આ ઉપરાંત તેમને ટાઈમ્સ મોસ્ટ પાવરફુલ વુમન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

# ક્રિસમસ પાર્ટીમાં આલિયાનું 'બ્લેક મેજિક'

## સાસુ નીતૂ, મમ્મી સોની અને બહેન શાહીન સાથે શાનદાર પાર્ટી કરી, ઓફ-શોલ્ડર ટોપ પર ફેન્સ ફિદા ; જાણો કિંમત



**મુંબઈ, તા. 19**

આલિયા ભટ્ટ દર વર્ષે ખૂબ જ ઉત્સાહથી ક્રિસમસ ઉજવે છે. તે તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર ખાસ ક્રિસમસ ફોટા પણ શેર કરે છે. દર વર્ષની જેમ, આ વર્ષે પણ ક્રિસમસની જોરદાર ઉજવણી થશે. જોકે, આલિયા, શાહીન અને સોની રાઝદાન પહેલાથી જ સેલિબ્રેશન શરૂ કરી દીધું છે. આલિયાની બહેન શાહીનની પોસ્ટ શાહીને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેના ક્રિસમસ સેલિબ્રેશનના ઘણા અદભુત ફોટા શેર કર્યા છે. આ ફોટામાં, શાહીન, તેની બહેન આલિયા ભટ્ટ અને માતા સોની રાઝદાન સાથે એકદમ સુંદર દેખાય છે. આલિયા બ્લેક ઓફ-શોલ્ડર ડ્રેસમાં ખૂબ જ સુંદર લાગે છે, ગ્લેમર ગ્લો તેની સ્માઈલમાં જોવા મળી રહ્યો છે. આલિયાએ તેની મમ્મી સાથે ટ્વિનિંગ કર્યું હતું. આ ખાસ અવસરની તસવીરો સામે આવતાં જ, સૌ કોઈની નજર આલિયાના સ્ટાઈલ અને ફેશન પર ટકી ગઈ. ઓલ-શોલ્ડર લૂકમાં આલિયાનું 'બ્લેક મેજિક' આ ક્રિસમસ પાર્ટી માટે આલિયાએ ઓલ-શોલ્ડર બ્લેક આઉટફિટ પસંદ કર્યું, જેમાં તે ખૂબ જ સુંદર દેખાઈ રહી હતી. એક્ટ્રેસે બ્લેક સ્ટ્રેપલેસ ટોપની સાથે મેચિંગ સ્કર્ટ પહેર્યું હતું, જે બોલ્ડ અને એલિગન્ટ લાગતું હતું. આલિયાએ 'summerway' બ્રાન્ડનો સ્ટ્રેપલેસ ઓફ શોલ્ડર કોસ્ટા ટોપ પહેર્યો હતો, જેમાં આપવામાં આવેલી ગોલ્ડન બટનની ડિટેલિંગ તેને બ્રાઈટ ટચ આપી રહી હતી. તેણે પોતાના આ બોલ્ડ ઓફ શોલ્ડર ટોપને 'lenora' મિની બ્લેક સ્કર્ટ સાથે પેર કર્યો હતો.

# 51 વર્ષીય હૃતિક ખભા પર બેગ ટાંગીને ફરવા નીકળી પડ્યો!

## પહાડોની સુંદર સફર શેર કરતાં લખ્યું- ટ્રેકિંગ કરવાથી દિલને ખુશી મળે છે; લોકોએ મજા લેતાં પૂછ્યું- ભાઈ, જાદુ મળ્યો?

**મુંબઈ, તા. 19**

બોલિવૂડ સુપરસ્ટાર હૃતિક રોશનની ઉત્તરાખંડમાં ટ્રેકિંગ કરતી તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યા છે. આમાંની કેટલીક તસવીરોમાં હૃતિક પહાડો પર ટ્રેકિંગ કરતો અને એક મંદિરમાં દર્શન કરતો પણ દેખાઈ રહ્યો છે.હૃતિકે સોશિયલ મીડિયા પર ટ્રેકિંગનો એક ફોટો પોસ્ટ કરીને એ પણ લખ્યું કે- ખરબચડા રસ્તાઓ પર ટ્રેકિંગ કરવાથી દિલને ખુશી મળે છે. બુધવારે હૃતિક કોઈ અંગત કામથી ઋષિકેશ પહોંચ્યો હતો, ત્યાંથી તે દેહરાદૂન પહોંચ્યો. અહીં તેણે સૌથી પહેલા સંતલા દેવી મંદિરમાં



માતાના દર્શન કર્યા. અહીં તેણે પૂજારીની સાથે સાથે મંદિરમાં પહોંચેલા ચાહકો સાથે ફોટો પડાવ્યો. આ પછી એક્ટર અહીંથી પીઠ પર બેગ અને હાથમાં સ્ટિક પકડીને ટ્રેકિંગ માટે નીકળી પડ્યો. તસવીરોમાં હૃતિક રોશન સ્પોર્ટ્સ શૂઝ, જીન્સ-શર્ટ અને જેકેટ પહેરેલા જોવા મળી રહ્યો છે. તેના બંને હાથમાં ટ્રેકિંગ સ્ટિક છે અને ખભા પર બેકપેક લટકાવેલું છે. પહાડી રસ્તાઓ પર ચાલતા તેમનો લુક સંપૂર્ણપણે એડવેન્ચર મોડમાં દેખાઈ રહ્યો છે. એક ફોટોમાં હૃતિક પહાડો તરફ જોતા જોવા મળી રહ્યા છે. ચહેરા પર થોડો થાક ચોક્કસ છે, પરંતુ તેની સાથે શાંતિ અને સંતોષ પણ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. કેપ્શનમાં દેખાયો પહાડો સાથેનો લગાવ, લખ્યું- પાછા એ જ રસ્તા પર ફર્યા તસવીરો શેર કરતા હૃતિક રોશને કેપ્શનમાં લખ્યું, "ખાડાટેકરાવાળા રસ્તાઓ પર ચાલવાથી મારા હૃદયને એક અનોખો આનંદ મળે છે. ચાલો, ફરી એ જ રસ્તા પર પાછા ફરીએ, જે જમીન મારા પગ નીચે હોવી જોઈતી હતી." આ સાથે જ તેણે હેશટેગમાં ★UttarakhandLoveYou પણ લખ્યું. તેના આ કેપ્શન પરથી સ્પષ્ટ થાય છે કે- હૃતિકને પહાડો અને પ્રકૃતિ વચ્ચે રહેવું કેટલું પસંદ છે.

## RRR સેમિકન્ડક્ટરનો શેર આખી દુનિયામાં સૌથી ઝડપી ઉછળ્યો : 15 રૂપિયાનો શેર ₹11,000 ને પાર, SEBI એ ટ્રેડિંગ પર પ્રતિબંધ મૂક્યો

**મુંબઈ, તા.19**

ભારતીય શેરબજારની એક વિચિત્ર ઘટનાએ સમગ્ર દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે. RRP સેમિકન્ડક્ટરના શેરના ભાવ માત્ર 20 મહિનામાં 793 ગણા એટલે કે 79,000% થી વધુ વધ્યા છે.

આટલું વધારે રિટર્ન આપનારી આ દુનિયાની એકમાત્ર કંપની છે. 2 એપ્રિલ 2024ના રોજ RRPનો 15 રૂપિયાનો આ શેર આ વર્ષે નવેમ્બરમાં 11,902 રૂપિયા સુધી પહોંચ્યો હતો, જે તેનો 52 વીક હાઈ પણ હતો.

તેથી, માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ શેરોમાં આ ઉછાળાની તપાસ શરૂ કરી દીધી છે. BSE એ પણ આ કંપનીને કડક દેખરેખ હેઠળ મૂકી છે.

આ શેરને હવે 1% પ્રાઈસ બેન્ડ સાથે અઠવાડિયામાં માત્ર એક દિવસ ટ્રેડિંગ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આ શેર તેના હાઈ લેવલથી લગભગ 6% ઘટી ગયો છે. BSEના લેટેસ્ટ ડેટા અનુસાર, કંપનીના શેરમાં દર અઠવાડિયે સરેરાશ માત્ર 19 શેરોમાં ટ્રેડિંગ થઈ રહ્યું હતું.



સેબીની તપાસ અને ટ્રેડિંગ પર કડકાઈના ઘણા કારણો છે. કંપનીનું ટર્નઓવર માત્ર 2 લાખ 11 હજાર રૂપિયા છે. જુલાઈ-સપ્ટેમ્બર 2025 ક્વાર્ટરમાં કંપનીને 7 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન થયું. જ્યારે, 15 ડિસેમ્બર પછી ટ્રેડિંગ રોકવામાં આવ્યું ત્યાં સુધી તેનું માર્કેટ કેપ 15,116 કરોડ રૂપિયા હતું. તે દિવસે આ શેર 11,095 રૂપિયા પર બંધ થયો હતો.

સપ્ટેમ્બર 2024માં RRPની નવી યુનિટ ઈલેક્ટ્રોનિક્સના ઉદ્ઘાટન સમારોહમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને સચિન તેંડુલકર હાજર હતા. સોશિયલ મીડિયા પર એવો માહોલ બન્યો કે તેંડુલકરે કંપનીમાં મોટું રોકાણ કર્યું છે અને તેને મહારાષ્ટ્ર સરકાર પાસેથી પ્લાન્ટ સ્થાપવા માટે જમીન મળી છે.

આ ઉપરાંત, સેમિકન્ડક્ટર કંપનીઓના શેરોમાં દુનિયાભરમાં આવેલા ઉછાળાએ પણ રોકાણકારોને આકર્ષ્યા. જોકે, કંપનીએ ઘણી એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવ્યું છે કે તેણે હજુ સુધી સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ શરૂ કર્યું નથી. સરકારી યોજના હેઠળ કોઈ અરજી કરી નથી અને કોઈ સેલિબ્રિટી સાથે સંબંધ નથી.

માત્ર 2 કર્મચારીઓ ધરાવતી RRPની કહાની એપ્રિલ 2024માં શરૂ થઈ. રાજેન્દ્ર ચોડણકરે GD ટ્રેડિંગ એન્ડ એજન્સીઝનું અધિગ્રહણ કર્યું. સ્થાપકોના 8 કરોડ રૂપિયાના દેવાને ઈક્વિટીમાં રૂપાંતરિત કર્યું. કંપનીમાં ચોડણકરની 74.5% શેર હોલ્ડિંગ છે.

બોર્ડે તેમને અને કેટલાક લોકોને બજાર ભાવથી 40% ઓછા, 12 રૂપિયાના ભાવે શેર વેચવાની મંજૂરી આપી. GD ટ્રેડિંગનું નામ બદલીને RRP સેમિકન્ડક્ટર થઈ ગયું. લગભગ 98% શેર ચોડણકર અને તેમના નજીકના લોકો પાસે છે. RRP સેમિકન્ડક્ટરના શેરમાં છેલ્લા એક મહિનામાં 2.97% નો ઘટાડો થયો છે. જોકે, 6 મહિનામાં 529.75% અને એક વર્ષમાં 6,897.76% નું રિટર્ન આપ્યું છે. જ્યારે, આ વર્ષે અત્યાર સુધીમાં તે 5,881.11% વધ્યો છે. કંપનીના શેર 15 ડિસેમ્બર સુધી રેગ્યુલર ટ્રેડિંગ કરી રહ્યા હતા, હાલમાં તેના પર તપાસ ચાલી રહી છે અને ટ્રેડિંગ પ્રતિબંધિત છે.

## જાપાનમાં વ્યાજદરોનો 30 વર્ષનો રેકોર્ડ તૂટ્યો, ભારત સહિત દુનિયાભરના શેરબજારો પર થશે અસર....

**મુંબઈ, તા.19**

વૈશ્વિક અર્થતંત્રના મહત્વના કેન્દ્ર ગણાતા જાપાનમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. જાપાનની સેન્ટ્રલ બેંક (Bank of Japan) એ વધતી જતી મોંઘવારીના દબાણને રોકવા માટે વ્યાજદરમાં મોટો વધારો કરવાની જાહેરાત કરી છે. બેંકે બેન્ચમાર્ક વ્યાજદરમાં પા ટકા (0.25%) નો વધારો કરીને તેને 0.75% પર પહોંચાડી દીધો છે. આ વધારા સાથે જાપાનમાં વ્યાજદર છેલ્લા 30 વર્ષના સૌથી ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે.




જાપાનના ગવર્નર કાઝુઓ ઉએદાના નેતૃત્વમાં લેવાયેલા આ નિર્ણયથી જાપાનમાં દાયકાઓથી ચાલી આવતી 'ઝીરો પર્સન્ટ' વ્યાજની નીતિનો અંત આવ્યો છે. અત્યાર સુધી જાપાનમાં લોન લેવી અત્યંત સસ્તી હતી, પરંતુ હવે ઉધાર લેવાની પડતર કિંમતમાં વધારો થશે. આ નિર્ણય વર્ષ 1995 પછીનો સૌથી મોટો નીતિગત ફેરફાર માનવામાં આવે છે.

જાપાનની નવી સરકાર અને વડાપ્રધાન સનાએ તાકાઈચી દેશમાં વધી રહેલી મોંઘવારી (Inflation) ને કાબૂમાં લેવા માટે પ્રયત્નશીલ છે. નિષ્ણાતો અગાઉથી જ અનુમાન લગાવી રહ્યા હતા કે ટૂંકા ગાળાના વ્યાજદરોમાં વધારો કરવામાં આવશે. આ પગલાથી જાપાની કરન્સી 'યેન' મજબૂત થઈ શકે છે, પરંતુ તેની અસર ગ્લોબલ માર્કેટ પર પણ જોવા મળશે.

જાપાનના આ નિર્ણયની સીધી અસર ક્રિપ્ટોકરન્સી માર્કેટથી લઈને ભારત સહિત વિશ્વભરના શેરબજારો પર જોવા મળી શકે છે. સામાન્ય રીતે જાપાનમાં વ્યાજદર વધે ત્યારે વૈશ્વિક સ્તરે 'કેરી ટ્રેડ' (Carry Trade) પ્રભાવિત થાય છે, જેના કારણે વિદેશી બજારોમાં વેચવાલી જોવા મળી શકે છે. ગવર્નર કાઝુઓ ઉએદા આજે બપોરે એક પ્રેસ કોન્ફરન્સ યોજશે, જેમાં તેઓ આ ઐતિહાસિક વધારા પાછળના કારણો અને ભવિષ્યની રણનીતિ અંગે વધુ સ્પષ્ટતા કરશે.

## ઊંચા મૂલ્યાંકન સાથેની AI કંપનીઓ સ્પર્ધા વચ્ચે ખોવાઈ જશે

### એઆઈ બબલ દિવસોદિવસ વધતુ જતું હોવાથી કરેકશનની ચેતવણી આપતા બિલ ગેટસ

**મુંબઈ, તા.19**

માઈક્રોસોફ્ટના સહસ્થાપક બિલ ગેટસે ચેતવણી ઉચ્ચારી છે કે, ઊંચા મૂલ્યાંકન સાથેની કેટલીક આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કંપનીઓ એઆઈ ઉદ્યોગમાં ભારે સ્પર્ધા વચ્ચે ખોવાઈ જશે.

એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે જણાવ્યું હતું કે, ઊંચા મૂલ્યાંકન સાથેની દરેક કંપનીઓ ભારે સ્પર્ધામાં વિજયી થઈ શકતી નથી.

એઆઈ બબલ દિવસોદિવસ વધતુ જાય છે એમ જણાવી તેમણે રોકાણકારોને કરેકશન માટે તૈયાર રહેવા સાવચેત કર્યા હતા. એઆઈ એકદમ ગહન ટેકનોલોજી છે જે વિશ્વને નવો આકાર આપશે.



એઆઈની જોરદાર સ્પર્ધાને ધ્યાનમાં રાખતા થોડીઘણી કંપનીઓ જ લાંબા ગાળાની વિજેતા બની રહેશે અને મોટી સંખ્યાની કંપનીઓનું અપેક્ષિત મૂલ્ય નહીં જોવા મળે.


અનેક એઆઈ કેન્દ્રીત કંપનીઓ ઐતિહાસિક ધોરણો કરતા ઊંચા મૂલ્યાંકને વેપાર થઈ રહી છે. શિક્ષણ, આરોગ્ય તથા કૃષિ જેવા ક્ષેત્રમાં એઆઈ લાભકારક બની રહેશે અને તેમાં કોઈએ શંકા કરવા જેવું નથી એમ તેમણે સદર મુલાકાતમાં એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

## આરઆરપી સેમીકન્ડક્ટર કંપનીનાં રૂ.10ના શેરનો ભાવ રૂ.11094

### RRP 2024માં રિયલ એસ્ટેટમાંથી સેમીકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીમાં આવી : ફાઉન્ડર અને પરિચિતો પાસે 98 ટકા શેર્સ

**મુંબઈ, તા.19**

એશિયાના સ્ટોક એક્સચેન્જ અને ચિપમેકિંગ કંપનીઓ હવે રોકાણકારોને એઆઈ સંબંધિત હોટ ગણાતા શેર્સ પાછળ આંધળી દોટના જોખમ અંગે ચેતવણી આપવા લાગ્યા છે. આ ચેતવણીનું તાજું ઉદાહરણ ભારતની આરઆરપી સેમીકન્ડક્ટર લિમિટેડ છે. આ કંપનીના શેરમાં ડિસેમ્બર ૧૭ સુધીના છેલ્લા ૨૦ મહિનામાં ૫૫,૦૦૦ ટકાનો વધારો જોવા મળ્યો હતો. કંપનીના શેરની મૂળ કિંમત રૂ. ૧૦ હતી. શેરની કિંમત ગુરુવારે રૂ. ૧૧,૦૯૪ નોંધવામાં આવી હતી. એક વર્ષ પહેલા રૂ. ૧૦૦૦નું રોકાણ રૂ. ૭૧,૩૭૩.૧૧ થઈ ગયું છે. ૧ અબજ ડોલરથી વધુ



માર્કેટ કેપ ધરાવતી કંપનીઓમાં આ દુનિયાભરનો સૌથી મોટો ઊછાળો છે. પરંતુ, તેજી પાછળના આંકડા ચિંતાજનક છે.

કંપનીએ તાજેતરના નાણાકીય પરિણામોમાં નેગેટિવ આવક દર્શાવી છે. સપ્ટેમ્બર ત્રિમાસિક માટે રૂ. ૬.૮૨ કરોડનો નેગેટિવ રેવન્યુ અને રૂ. ૭.૧૫ કરોડનું નુકસાન નોંધાવ્યું હતું. વાર્ષિક અહેવાલ મુજબ, કંપનીમાં ફક્ત બે ફૂલ ટાઈમ કર્મચારીઓ છે. હજી સુધી કંપનીએ ઉત્પાદન શરૂ કર્યું નથી. ઓનલાઈન હાઈપ, બહુ જ નાના ફ્રી ફ્લોટ અને ભારતના વધતા રિટેલ રોકાણકારોના આધારે શેરે સતત ૧૪૯ દિવસ સુધી અપર સર્કિટ લગાવી હતી. આ દરમિયાન એક્સચેન્જ તરફથી ચેતવણી જારી કરવામાં આવી હતી. સેબી આરઆરપીના શેરમાં આવેલા ઉછાળાની તપાસ કરી રહી છે.

બોમ્બે સ્ટોક એક્સચેન્જમાં ફાઈલિંગ મુજબ, આરઆરપી ગુરપના ફાઉન્ડર રાજેશ ચોડણકર અને તેના પરિચિતો પાસે કંપનીના ૯૮ ટકા શેર્સ છે. તેમાં, આરઆરપી ડિફેન્સ, ઈન્ડિયન લિંક ચેઈન મેન્યુફેક્ચર્સ, આરઆરપી ઈલેક્ટ્રોનિક્સ અને આરઆરપી એસ૪ઈ ઈનોવેશન છે. એપ્રિલ મહિનામાં બીએસઈએ કંપનીની શેર વેચવાની મંજૂરી પાછી ખેંચી હતી. જેને આરઆરપીએ કોર્ટમાં પડકારી છે. ઓક્ટોબર મહિનામાં ફરી એકવાર બોમ્બે સ્ટોક એક્સચેન્જે ચેતવણી આપી હતી.

આશરે ૧.૭ અબજ ડોલર માર્કેટ કેપ ધરાવતા શેરને હવે એક્સચેન્જ દ્વારા અઠવાડિયામાં ફક્ત એક જ વાર ટ્રેડિંગ માટે મર્યાદિત કરવામાં આવ્યો છે. તે નવેમ્બર ૭ની ટોચથી લગભગ ૬ ટકા ઘટયો છે. જાણકારોના મતે ચોંકાવનારી વાત એ છે કે,રોકાણકારો કોઈપણ એઆઈ નામવાળા શેરને તક તરીકે જોઈ રહ્યાં છે.

## સોનામાં આગેકૂચ: ચાંદીમાં રેકોર્ડ તેજી આગળ વધી : વધુ રૂ.5000નો ઉછાળો

### મુંબઈ ચાંદીમાં રૂ.૨૦૧૨૫૦, અમદાવાદમાં ૧૯૮૦૦૦નો નવો રેકોર્ડ, કિંમતી ધાતુઓની ઈફેકટીવ ડયુટીમાં થયેલો ઘટાડો

**મુંબઈ, તા.19**

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીમાં તેજી આગળ વધી હતી. ચાંદીમાં નવા ઉંચા ભાવ દેખાયા હતા. વિશ્વ બજારના સમાચાર કિંમતી ધાતુઓમાં આગેકૂચ બતાવી રહ્યા હતા તથા તેના પગલે ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધતાં દેશના ઝવેરી બજારોમાં તેજીનું તોફાન આજે પણ ચાલુ રહ્યું હતું. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૪૩૧૭થી ૪૩૧૮ વાળા વધી ઉંચામાં ભાવ ૪૩૪૩ થઈ ૪૩૨૩થી ૪૩૨૪ ડોલર રહ્યાના નિર્દેશો મળ્યા હતા.

દરમિયાન, ઘરઆંગણે આજે અમદાવાદ બજારમાં ચાંદીના ભાવ કિલોના ઝડપી રૂ.૫૦૦૦ ઉછળી રૂ.૧૯૮૦૦૦થી નવી ઉંચી રેકોર્ડ



સપાટીએ પહોંચ્યા હતા. દરમિયાન, અમદાવાદ સોનાના ભાવપ વધ્યા મથાળે અથડાતા રહ્યા હતા. અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના ૯૯૫ના રૂ.૧૩૬૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૩૬૫૦૦ બોલાતા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૬૫.૯૫થી ૬૫.૯૬ વાળા વધી ઉંચામાં ભાવ ૬૬.૬૨ની નવી ટોચે પહોંચી ત્યારબાદ ભાવ ૬૬.૧૨ થી ૬૬.૧૩ ડોલર રહ્યા હતા. અમદાવાદ બજારમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૫૦૦૦ વધી રૂ.૧૯૮૦૦૦ બોલાયા હતા.

મુંબઈ બુલીયન બજારમાં આજે જીએસટી વગર સોનાના ભાવ ૯૯૫ના રૂ.૧૩૧૭૮૭ વાળા રૂ.૧૩૧૯૪૪ રહ્યા હતા જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૧૩૨૩૧૭ વાળા રૂ.૧૩૨૪૭૪ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૧૯૯૬૪૧ વાળા રૂ.૨૦૧૨૫૦ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૨૦૧૧૨૦ના મથાળે બંધ રહ્યા હતા. દરમિયાન, મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

ભારત સરકારે આયાતકારો માટે ડોલરના કસ્ટમ એક્સચેન્જના દર રૂ.૯૧.૩૦થી ઘટાડી રૂ.૯૧.૨૫ કર્યાના નિર્દેશો હતા. આ નવા ભાવ ૧૯મી ડિસેમ્બરથી અમલમાં આવનાર છે. આના પગલે દેશમાં ઈમ્પોર્ટ થતા સોના-ચાંદીની ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં ધીમો ઘટાડો થવાની ઘમતરી ઝવેરી બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઉંચામાં ઔંશદીઠ ૧૯૮૧થી ૧૯૮૨ થઈ ૧૯૨૧થી ૧૯૨૨ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ઉંચામાં ૧૭૧૦ થઈ ૧૬૮૬ થી ૧૬૮૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૩૬ ટકા પ્લસમાં રહ્યા હતા.

દરમિયાન વિશ્વ બજારમાં આજે ક્રૂડ તેલના ભાવ વધ્યા મથાળે ફરી નરમ રહ્યા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ઉંચામાં ૬૦.૬૭ તથા નીચામાં ૫૯.૫૪ થઈ ૫૯.૭૪ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૫૭.૦૩ તથા નીચામાં ૫૫.૮૮ થઈ ૫૬.૦૬ ડોલર રહ્યા હતા.

## ઊચા ટેરિફ છતાં ટેકસટાઈલ નિકાસમાં નવેમ્બરમાં 9 ટકાથી વધુનો વધારો....


### અમેરિકા ભારતના રેડીમેડ ગારમેન્ટસનું મુખ્ય નિકાસ મથક છે

**મુંબઈ, તા.19**

અમેરિકા દ્વારા ઊંચા ટેરિફ લાગુ કરવામાં આવ્યા હોવા છતાં વર્તમાન વર્ષના નવેમ્બરમાં ભારતની ટેકસટાઈલ તથા એપરલ નિકાસ વાર્ષિક ધોરણે ૯.૪૦ ટકા વધી ૨૮૫.૫૮ કરોડ ડોલર રહેવા પામી છે. ગયા વર્ષના નવેમ્બરમાં આ આંક ૨૬૦.૧૫ કરોડ ડોલર રહ્યો હતો.

અમેરિકા ભારતના ટેકસટાઈલ તથા એપરલનું મુખ્ય નિકાસ મથક છે. વર્તમાન વર્ષના ઓગસ્ટથી ભારતના માલસામાન પર અમેરિકાએ ૫૦ ટકા ટેરિફ લાગુ કર્યા છે.

ગત નાણાં વર્ષમાં ભારતની ટેકસટાઈલ તથા એપરલ ક્ષેત્રનું કદ ૧૭૯ અબજ ડોલર રહ્યાનો અંદાજ



છે જેમાં ૩૭ અબજ ડોલરની નિકાસ થઈ હતી, જ્યારે ઘરઆંગણેની બજારનો આંક ૧૪૨ અબજ ડોલર રહ્યો હતો એમ ટેકસટાઈલ મંત્રાલય દ્વારા જારી કરાયેલા ડેટામાં જણાવાયું હતું.

ટેકસટાઈલમાં રેડીમેડ ગારમેન્ટસના વેચાણમાં ૧૧.૩૦ ટકા વધારો થયો છે જ્યારે કોટન યાર્ન, ફેબ્રિકસ તથા મેડ-અપ્સ તથા હેન્ડલુમ પ્રોડકટસની નિકાસમાં ૪ ટકા વધારો જોવા મળ્યો છે.

વર્તમાન વર્ષના જાન્યુઆરીથી નવેમ્બરના ગાળામાં ટેકસટાઈલ તથા એપરલની એકંદર નિકાસ ૦.૨૫ ટકા વધી ૩૨૫૬ કરોડ ડોલર રહી હોવાનું પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે.

અત્રે ઉલ્લેખનિય છે કે અમેરિકા દ્વારા જંગી ટેરિફ વચ્ચે પણ રેડીમેડ ગારમેન્ટસની નિકાસમાં વધારો થયો છે. રેડીમેડ ગારમેન્ટસ ક્ષેત્રે ભારતે મુખ્યત્વે બંગલાદેશનો સામનો કરવો પડી રહ્યો છે.

સસ્તા લેબર ખર્ચને કારણે અમેરિકા તથા યુરોપના દેશોમાં બંગલાદેશના માલ સામે ભારતે સ્પર્ધા કરવી પડે છે.

## સેન્સેક્સ 447 પોઈન્ટ વધીને 84,929 પર બંધ : નિફ્ટીમાં પણ 150 પોઈન્ટનો ઉછાળો, રિયલ્ટી, હેલ્થકેર અને ફાર્મામાં વધુ તેજી

**મુંબઈ, તા.19**

સતત ચાર દિવસના ઘટાડા પછી શેરબજારમાં આજે એટલે કે શુક્રવાર, 19 ડિસેમ્બરે તેજી જોવા મળી રહી છે. સેન્સેક્સ 447 પોઈન્ટ વધીને 84,929 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટનો ઉછાળો છે, તે 25,966ના સ્તરે બંધ થયો

સેન્સેક્સના 30 શેરોમાંથી 26માં તેજી અને 4માં ઘટાડો રહ્યો. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ, પાવર ગ્રીડ અને BELના શેરોમાં 2% સુધીનો ઉછાળો રહ્યો. નિફ્ટીના 50 શેરોમાંથી 41માં તેજી અને 9માં ઘટાડો રહ્યો. NSEના તમામ સેક્ટર્સમાં તેજી છે. ઓટો,રિયલ્ટી, હેલ્થકેર અને ફાર્મામાં સૌથી વધુ તેજી છે.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.51% વધીને 4,015 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ



1.16% વધીને 49,568 પર કારોબાર કરી રહ્યા છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.50% વધીને 25,625 પર છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.59% વધીને 3,899 પર કારોબાર કરી રહ્યો છે.

18 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.14% વધીને 47,952 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 1.38% અને S&P 500માં 0.79% નો ઉછાળો જોવા મળ્યો.

18 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 595.78 કરોડ અને ઘરેલું રોકાણકારો (DIIs) એ 2,700.36 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

ડિસેમ્બરમાં 18 તારીખ સુધી FIIs એ કુલ 21,688.26 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 46,309.23 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને ઘરેલું રોકાણકારોનો સપોર્ટ છે.

શેરબજારમાં 18 ડિસેમ્બરે ફ્લેટ કારોબાર જોવા મળ્યો. સેન્સેક્સ 78 અંક ઘટીને 84,482 પર બંધ થયો. નિફ્ટીમાં 3 અંકનો ઘટાડો રહ્યો, તે 25,816 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16 માં ઘટાડો અને 14 શેરોમાં વધારો જોવા મળ્યો. આજે ઓટો, ફાર્મા અને એનર્જી શેરોમાં ઘટાડો જોવા મળ્યો. જ્યારે IT અને મેટલ સેક્ટરના શેરોમાં વધારો જોવા મળ્યો.

## આગામી સાડાત્રણ મહિનામાં દેશમાં 24 અબજ ડોલર મૂલ્યના ઈક્વિટી શેરો અનલોક થશે....

**મુંબઈ, તા.19**

હાલમાં જ સેકન્ડરી બજારમાં લિસ્ટેડ થયેલી ૧૦૮ જેટલી કંપનીના અંદાજે ૨૪ અબજ ડોલરના (અંદાજે ૨૨૦૦ અબજ રૂપિયા) મૂલ્ય સાથેના શેરો ૧૮ ડિસેમ્બરથી ૩૦મી માર્ચ, ૨૦૨૬ના ગાળામાં વેપાર માટે અનલોક થઈ રહ્યા છે જેને પરિણામે સેકન્ડરી બજારમાં વોલેટિલિટી જોવા મળવાની સંભાવના છે. એનકર રોકાણકારોના લોક-ઈન સમયગાળો સમાપ્ત થવા સાથે આ શેરો છૂટા થઈ રહ્યા છે. જે કંપનીઓના શેરો છૂટા થઈ રહ્યા છે તેમાંની મોટાભાગની કંપનીઓનું લિસ્ટિંગ વર્તમાન વર્ષમાં જ થયું છે. એન્કર રોકાણકારોમાં મોટાભાગે મ્યુચ્યુઅલ ફન્ડસ, વિદેશી સંસ્થાકીય રોકાણકારો તથા વીમા કંપનીઓનો સમાવેશ થાય છે. લોક ઈન પીરિયડસ સામાન્ય રીતે શેર્સના લિસ્ટિંગ પછીના ૩૦,૯૦ અથવા ૧૮૦ દિવસના હોય છે. લોક ઈન સમયગાળો સમાપ્ત થઈ ગયા પછી આ સંસ્થાકીય રોકાણકારો તેમના હોલ્ડિંગ્સનું ખુલ્લા બજારમાં વેચાણ કરી શકે છે. જે કંપનીના સ્ટોકસના લોક ઈન સમયગાળા સમાપ્ત થઈ રહ્યા છે તેમાં ફુજીયામા, કેપિલેરી ટેકનો, એક્સેલસોફ્ટ ટેક, મીશુ, વિદ્યા વાયર્સ, નેફ્રોકેર વગેરેનો સમાવેશ થાય છે. જે શેરોનો લોક ઈન પીરિયડસ સમાપ્ત થઈ રહ્યા છે તેમાંના દરેક શેર ખુલ્લા બજારમાં વેચવા આવશે તે જરૂરી નથી. કારણ કે આમાંના નોંધપાત્ર શેર્સનું હોલ્ડિંગ પ્રમોટરો પાસે પણ હોય છે. વર્તમાન વર્ષમાં સેકન્ડરી માર્કેટની સાથોસાથ દેશની પ્રાઈમરી માર્કેટ પણ હાલમાં ધમધમી રહી છે અને વર્તમાન કેલેન્ડર વર્ષમાં જાહેર ભરણાં મારફત ઊભી કરાયેલી રકમનો આંક રૂપિયા ૧.૭૦ ટ્રિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે.


**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**નીચેના ટેન્ડર માટે ઇ-ટેન્ડર સૂચના નં. SR. DEE/ADI/34(25-26) તારીખ 21.11.2025 નો શુદ્ધિપત્ર**

**ટેન્ડર નં. EL-50-1-ADI-T-43-2025-26**

**કામનું નામ:** કાટોસન રોડ-કાટોસન રોડ સ્ટેશન પર પ્લેટફોર્મ નં. 2 અને 3 અને પ્લેટફોર્મ નં. 4 પર 2 નંબરની લિફ્ટ માટે 3 વર્ષ માટે સીએએમસી પૂરું પાડવુંનોંધપાત્ર ફેરફારો.

**નોંધ લેવા જેવા ફેરફારો: ટેન્ડર સમાપ્તિ તારીખ.**

**હાલની: 18/12/2025, 15:00 લંબાવવામાં આવેલ.: 30/12/2025, 15:00.**

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly ADI-231

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ડેઝર્ટ કૂલર પૂરા પાડવા સંબંધિત વિદ્યુત કાર્ય**

**ઇ- ટેન્ડર - સૂચના નંબર. Sr.DEE/ADI/40(25-26) તારીખ: 18.12.2025**

**ટેન્ડર નંબર: EL-50-1-ADI-T-49-2025-26;**

**કામનું નામ:** અમદાવાદ મંડળના વિવિધ સ્થળો પર 02 વર્ષના સમયગાળા માટે ભાડા પર ડેઝર્ટ કૂલર પૂરા પાડવા સંબંધિત વિદ્યુત કાર્ય.

**અંદાજિત ખર્ચ: ₹ 75,93.816/-** **અર્નેસ્ટ મની: ₹ 1,51,900/-**

**સબમિશનની તારીખ અને સમય:** 15.01.2026 ના 15:00 કલાકે પછી નહીં;

**ખુલવાની તારીખ અને સમય:** 15.01.2026 ના 15:30 કલાકે;

**ઓફિસનું સરનામું:** ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (ડબલ્યુ.આર.), ચામુંડા પુલ પાસે, જી.સી.એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ- 382345. **વેબસાઇટ વિગતો:** www.ireps.gov.in ADI – 234

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# 'ખાડિયાનો ડોન' મોન્ટુ નામદારને આજીવન કેદ

## કાકાની દીકરી સાથે પરણ્યો, ભાજપ કાર્યકર્તાને બેઝબોલ મારી પતાવી દીધો, અમદાવાદના ફાર્મ હાઉસમાંથી પોલીસને ચકમો આપીને ભાગ્યો હતો

અમદાવાદ, તા.19

'ખાડિયાના ડોન' મોન્ટુ નામદારને આજીવન કેદની સજા ફટકારાઈ છે. મોન્ટુએ વર્ષ 2022માં ભાજપ કાર્યકર્તાને બેઝબોલ મારી પતાવી દીધો હતો. આ કેસમાં તે 19 જૂન, 2023એ અસલાલી સર્કલ નજીકના નામદાર ફાર્મ હાઉસમાંથી પોલીસને ચકમો આપીને ભાગી ગયો હતો. જેને શોધવા ગુજરાત પોલીસે આકાશ-પાતાળ એક કર્યાં હતાં. આ નામચીન આરોપી અંદાજે 1 મહિના બાદ ફરીથી પકડાઈ ગયો હતો. મોન્ટુ જ્યારે ફરાર થયો ત્યારે તે પોલીસના જાપ્તામાં હતો. તેને મુદત માટે નડિયાદથી અમદાવાદની કોર્ટમાં લવાયો હતો જ્યાંથી પોલીસકર્મીઓ સાંજે તેને લઈને નડિયાદ પાછા જતા હતા.



ઉલ્લેખનીય છે કે વર્ષ 2022માં ખાડિયામાં ભાજપ કાર્યકર્તાની હત્યાના મામલે અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે આરોપી મોન્ટુ નામદાર સહિત વિશ્વ રામી, જયરાજ દેસાઈ અને સુનિલ બજાણિયાને આજીવન કેદની સજા ફટકારી છે.

ખાડિયા વિસ્તારના માથાભારે શખસ એવા જુગારના બૂટલેગર મોન્ટુ નામદારે પોતાની જુની અદાવતને અંજામ આપ્યો હતો. સાંજે સાડા ચાર વાગ્યે હજીરાની પોળમાં પોતાની ઓફિસ બહાર જ ફિલ્મી સ્ટાઈલે બેઝબોલ અને સાગરીતો સાથે મોન્ટુએ રાકેશ નામના યુવકને ઢોર માર માર્યો હતો. મોન્ટુએ સાગરીતો સાથે રાકેશને અસહ્ય માર મારતા તે ઘટનાસ્થળે જ મોતને ભેટ્યો હતો. માથાભારે મોન્ટુને IPS અધિકારીઓ અને વહિવટદારોનું પ્રોટેક્સન હોવાના કારણે તે કોઈનાથી ન ડરતો હોવાની ચર્ચા હતી. આ અંગે ખાડિયા પોલીસે હત્યા અને કાવતરા હેઠળ ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

સેટેલાઈટ શ્યામલ ચાર રસ્તા પાસેના હેતવી ટાવરમાં પવન ગાંધી પરિવાર સાથે રહે છે. તેમણે ખાડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી કે, આરોપી મોન્ટુ ઉર્ફે નામદાર સુરેશચંદ્ર ગાંધી અને પવનભાઈનો પિતરાઈ ભાઈ થાય છે. માથાભારે શખસ મોન્ટુ નામદાર વર્ષ 1992માં પવનની સગી બહેન નમ્રતા સાથે લગ્ન કર્યા હતા. આ સમયે કુટુંબ અને સમાજનો વિરોધ હોવા છતાં પણ લગ્ન કર્યા હતા. આમ મોન્ટુએ સમાજના વિરુદ્ધમાં લગ્ન કર્યા હોવાથી બંને પરિવાર વચ્ચે લાંબા સમયથી અદાવત ચાલી રહી હતી.

પવનભાઈના રાકેશભાઈ સુરેશભાઈ મહેતા ખાસ મિત્ર હતા અને તેમને છેલ્લા કેટલાય સમયથી મદદ કરતા હતા. સુરેશ મહેતા પવનને મદદ કરતો હોવાથી માથાભારે શખસ મોન્ટુ નામદારને તે પસંદ ન હતો અને તેની અદાવત રાખી આરોપીએ ગેરકાયદેસર મંડળી રચી હતી અને બેઝબોલના બેટ જેવા અન્ય હથિયારો ધારણ કરી ગંભીર રીતે રાકેશભાઈને ઢોર માર માર્યો હતો. રાકેશભાઈને ગંભીર રીતે એટલો બધો માર માર્યો કે, શરીર પર અસંખ્ય ઈજાઓ થઈ હતી. અમાનવીય ગંભીર મારના કારણે રાકેશભાઈનું કરુણ મોત નિપજ્યું હતુ. આ અંગે ખાડીયા પોલીસે માથાભારે શખસ મોન્ટુ નામદાર સામે ગુનો નોંધ્યો હતો. જોકે મોન્ટુ નામદાર પોલીસને બાતમીદાર અને જુગાર બુટલેગર હોવાથી તેના અન્ય મળતીયાઓના નામ ખુલ્યા ન હોવાની ખાડિયા વિસ્તારમાં ચર્ચા ચાલી રહી હતી.


ખાડિયા વિસ્તારમાં જુગારની મોટી કલબ ધરાવતો મોન્ટુ નામદાર ઉર્ફે મોન્ટુ ગાંધી માથાભારે તો હતો જ સાથે તેના વિરુદ્ધમાં અનેક ગુના દાખલ થયેલા છે. મોન્ટુ જુગારની મોટી ક્લબ ચલાવતો હતો અને મોટા ભાગના IPS અધિકારીઓ, સરકારી વકીલો, કર્મચારીઓએ તેની સેવા ભરપુર લીધી હોવાની ચર્ચા છે. તે અગાઉ પકડાય ત્યારે તેને છોડાવવા માટે પણ અમુક પોલીસ અધિકારીઓ તેને છોડાવવા માટે ધમપછાડા કરતા અને તેની પાસે મોટી સેવા લેતા હોવાની ચર્ચા છે. અગાઉ તેના અડ્ડા પર રેડ થઈ હતી ત્યારે ખાડિયા PI સસ્પેન્ડ થયા હતા અને તેની ઓફિસ તથા તેના સર્કલમાં અનેક વહીવટદારો અને પોલીસકર્મીઓ બેઠા રહેતા હતા.

# 80 કરોડની લાયસન્સ ફી ન ચૂકવનાર એજન્સીઓ સામે કાર્યવાહી.....

## AMCએ રાતોરાત 50થી વધુ જાહેરાતના હોર્ડિંગ્સ દૂર કર્યા, કરોડો કમાયા પણ પૈસા ના ચૂકવ્યા

અમદાવાદ, તા.19

જાહેર ખબર મારફતે કરોડો રૂપિયા કમાનાર જાહેરખબર એજન્સીઓ દ્વારા અમદાવાદ શહેરમાં ખાનગી મિલકતો પર લગાવવામાં આવેલા જાહેરાતના હોર્ડિંગ્સને મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. એજન્સીઓ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનને કરોડો રૂપિયાની લાયસન્સ ફી ચૂકવવામાં ન આવતા કોર્પોરેશન દ્વારા હવે કડક કાર્યવાહીના ભાગરૂપે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા વિશાળ જાહેરાતના હોર્ડિંગ્સ ઉતારી લેવામાં આવ્યા છે. આજે 19 ડિસેમ્બરના રોજ વહેલી સવાર સુધીમાં અંદાજે 50થી વધુ હોર્ડિંગ્સને દૂર કરી દેવામાં આવ્યા છે. બાકીના હોર્ડિંગ્સને પણ ઉતારી લેવાની કાર્યવાહી સમગ્ર દિવસ દરમિયાન ચાલશે.



મળતી માહિતી મુજબ, શહેરમાં ખાનગી મિલકતો પર જાહેર ખબર એજન્સીઓ દ્વારા જાહેરાતના વિશાળ હોર્ડિંગ્સ લગાવવામાં આવતા હોય છે. જેના માટે મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે મંજૂરી અને લાયસન્સ મેળવવાની પ્રક્રિયા કરવાની હોય છે. વાર્ષિક લાયસન્સ ફી જાહેર ખબર એજન્સીને કોર્પોરેશનને ચૂકવવાની હોય છે. જોકે જાહેર ખબર એજન્સીઓ દ્વારા છેલ્લા કેટલાય સમયથી મ્યુનિસિપલ કોર્પોરેશનને અંદાજિત 80 કરોડથી વધારેની લાયસન્સ ફીની રકમ ચૂકવવામાં આવી નથી. જેને લઈને અવારનવાર નોટિસો આપવા છતાં પણ કોઈ ફી ચૂકવવામાં આવી નહોતી. આ મામલે કોર્ટમાં પણ અરજી કરવામાં આવી હતી.

ટાઉન એન્ડ પ્લાનિંગ કમિટીના ચેરમેન પ્રીતિશ મહેતાએ જણાવ્યું હતું કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા જે જાહેર ખબર એજન્સીઓ દ્વારા વાર્ષિક લાયસન્સ ફી નથી ચૂકવવામાં આવી એવી ખાનગી મિલકતો પર લગાવેલા જાહેર ખબરના હોર્ડિંગ્સનું લિસ્ટ બનાવી 18 ડિસેમ્બરે મોડી રાત્રે શહેરના એલિસબ્રિજ, પાલડી, નવરંગપુરા, થલતેજ, વસ્ત્રાપુર સહિતના અલગ અલગ વિસ્તારોમાં લગાવેલા વિશાળ જાહેરાતના હોર્ડિંગ્સને ઉતારી લેવામાં આવ્યા હતા. વર્ષે લાખો રૂપિયા કમાનારી જાહેર ખબર એજન્સીઓ દ્વારા દર વર્ષે લાયસન્સથી ચૂકવવાની હોવા છતાં પણ કમાણી કરનારી એજન્સીઓ દ્વારા પૈસા ન ચૂકવવામાં આવતા હવે એસ્ટેટ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે.

# શિવ રેસિડેન્સીમાં 400 લોકોની 'ઘર વાપસી' થશે

## : પરિવારો આજે ફરી પોતાના આંગણે મલકાશે....

સુરત, તા.19

સુરત ભીમરાડ-અલથાણ વિસ્તારમાં આવેલી શિવ રેસિડેન્સીના સેંકડો પરિવારો માટે આખરે રાહતના સમાચાર આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી બિલ્ડરની બેદરકારીને કારણે બેઘર બનેલા લોકો આવતીકાલે શનિવાર સવારથી પોતાના 'સપનાના ઘરમાં' પુનઃ પ્રવેશ કરી શકશે. મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલના કડક આદેશ બાદ યુદ્ધના ધોરણે પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરી પૂર્ણતાના આરે છે. શિવ રેસિડેન્સીની બાજુમાં ચાલી રહેલા નવા પ્રોજેક્ટના ડેવલોપર દ્વારા કરવામાં આવેલા ઊંડા ખોદકામને કારણે સોસાયટીની પ્રોટેક્શન વોલ અને પાર્કિંગનો શેડ ધરાશાયી થયો હતો. સુરક્ષાના કારણોસર તંત્ર દ્વારા ચાર ટાવર તાત્કાલિક ખાલી કરાવવામાં આવ્યા હતા, જેના કારણે અંદાજે 400 પરિવારો રાતોરાત નિરાધાર બન્યા હતા. લોકો પોતાની જીવનભરની મૂડી સમાન ઘર છોડીને હોટલો અથવા સંબંધીઓને ત્યાં રહેવા મજબૂર બન્યા હતા.



પરિસ્થિતિની ગંભીરતા જોતા મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે આખી રાત કામગીરી ચાલુ રાખવાના આદેશ આપ્યા હતા. આ કામગીરી માટે સુરત મહાનગરપાલિકાની મશીનરીનો પણ મોટા પાયે ઉપયોગ કરવામાં આવ્યો છે. મનપાના ત્રણ ટોચના એન્જિનિયરોને આખી રાત ઘટનાસ્થળે સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા હતા. માટીના પુરાણ બાદ મજબૂત કોંક્રિટની દીવાલ બનાવવામાં આવી છે જેથી ભવિષ્યમાં આવી દુર્ઘટના ન સર્જાય.સમગ્ર કામગીરીનું ટેકનિકલ નિરીક્ષણ SVNIT ના નિષ્ણાત અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે. મ્યુનિસિપલ કમિશનર પોતે દર બે કલાકે પ્રગતિનો અહેવાલ મેળવી રહ્યા છે.

છેલ્લા ત્રણ દિવસથી અનિશ્ચિતતા અને ભયમાં જીવતા શિવ રેસિડેન્સીના લોકો માટે શનિવારની સવાર નવી આશા લઈને આવશે.

# 96 કલાકમાં ગુજરાતના બે PI લાંચ લેતા ઝડપાયા : કીમમાં હનીટ્રેપના ગુનામાં

## રૂ. 3 લાખ લેતો PI પ્રવિણસિંહ જાડેજા ઝડપાયો, મિલકતની તપાસ થશે....

સુરત, તા.19

ગુજરાત પોલીસ વિભાગ માટે છેલ્લા ચાર દિવસ અત્યંત શરમજનક સાબિત થયા છે. રાજ્યમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ આક્રમક વલણ અપનાવતા ટૂંકા ગાળામાં બે પોલીસ ઈન્સ્પેક્ટરને લાંચના છટકામાં ઝડપી લીધા છે. 15 ડિસેમ્બરે ગાંધીનગર CID ક્રાઈમના પીઆઈ ઝડપાયા બાદ, 18 ડિસેમ્બરને ગુરુવારે સુરત ગ્રામ્યના કીમ પોલીસ સ્ટેશનનો પીઆઈ પ્રવિણસિંહ જાડેજા 3 લાખની લાંચ લેતા રંગેહાથ પકડાઈ જતા સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. એટલું જ નહિ પીઆઈ પ્રવિણસિંહ જાડેજા સંપતિની પણ તપાસ સુરત એસીબી કરશે.



ઘટનાની વિગત મુજબ, સુરતના કીમ પોલીસ મથકની હદમાં એક મહિના અગાઉ હનીટ્રેપની ચોંકાવનારી ઘટના બની હતી. જેમાં ત્રણ શખ્સોએ પોલીસની ખોટી ઓળખ આપી બે વેપારી પાસેથી 13 લાખ રૂપિયા પડાવ્યા હતા. આ કેસની તપાસ કીમ પીઆઈ પ્રવિણસિંહ હરનાથસિંહ જાડેજા કરી રહ્યા હતા.

તપાસ દરમિયાન ઝડપાયેલા આરોપીઓને જેલમાંથી વહેલી મુક્તિ અપાવવા અને ગુનામાં 'ગુજસીટોક' જેવી કડક કલમોનો ઉમેરો ન કરવા માટે પીઆઈ જાડેજાએ વકીલ ચિરાગ રમણીકભાઈ ગોંડલીયા મારફત આરોપીના ભાઈ પાસે 10 લાખ રૂપિયાની મસમોટી લાંચ માંગી હતી.

એસીબીના આસિસ્ટનટ ડાયરેકર આર. આર. ચૌધરીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર એસીબી ઈન્ચાર્જ મદદનીશ નિયામક ડી. એન. પટેલના માર્ગદર્શન હેઠળ મહિલા પીઆઈ વી. ડી. ચૌધરીએ કીમ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ છટકું ગોઠવ્યું હતું. વકીલ ચિરાગ ગોંડલીયા મારફત જ્યારે 3 લાખ રૂપિયા સ્વીકારવામાં આવ્યા, ત્યારે જ એસીબીએ પીઆઈ પ્રવિણસિંહ જાડેજા અને વકીલને ઝડપી લીધા હતા.

પીઆઈ પ્રવિણસિંહ જાડેજા 2013માં પીએસઆઈ તરીકે પોલીસ વિભાગમાં ભરતી થયો હતો. તે હાલ કીમમાં પીઆઈ તરીકે ફરજ બજાવતો હતો. એસીબીની પ્રાથમિક તપાસમાં તેમની પાસેથી 90 હજારની જ્વેલરી મળી આવી છે. જોકે, એસીબીએ હવે આ મામલે વધુ આક્રમક તપાસ હાથ ધરી છે. પીઆઈના કીમ ખાતેના નિવાસસ્થાન અને તેમના વતન કચ્છ ખાતે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. તેમની અપ્રમાણસર મિલકતોની તપાસ કરવા માટે બેંક એકાઉન્ટ્સ અને અન્ય રોકાણોની વિગતો ખંગાળવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, 15મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર CID ક્રાઈમના પીઆઈ પણ લાંચ લેતા ઝડપાયા હતા. આમ, માત્ર 96 કલાકની અંદર રાજ્યના બે મહત્વના વિભાગોમાં ફરજ બજાવતા પીઆઈ સ્તરના અધિકારીઓ લાંચ લેતા પકડાતા પોલીસની છબી ખરડાઈ છે. સુરત ગ્રામ્ય વિસ્તારમાં આ ઘટનાને પગલે અન્ય પોલીસ અધિકારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીની આ કાર્યવાહી એ સાબિત કરે છે કે પોલીસ યુનિફોર્મની આડમાં ચાલતા ભ્રષ્ટાચારને હવે સહન કરવામાં આવશે નહીં.

# આજીનદીના કાંઠે સરકારી જમીન પર ખડકાયેલા

## 900 દબાણોને દૂર કરવા વહિવટી તંત્ર એલર્ટ મોડમાં!

રાજકોટ, તા.19

રાજકોટમાં આજીનદીના કાંઠે સરકારી જમીન પર દબાણરૂપ ગેરકાયદેસર બાંધકામોને હટાવવા માટે વહીવટી તંત્ર એલર્ટ મોડ પર છે. ગુરુવારે મકાનો અને દુકાનો સહિત 500 પ્રીમાઈસીસને હટાવવા માટે નોટિસ અપાઈ હતી. આજે વધુ 400 દબાણકારોને કલમ 61 પ્રાથમિક નોટિસ આપવામાં આવી છે કોર્પોરેશન દ્વારા સરકારને ફાળવેલા પ્લોટ ઉપર દબાણ થઈ ગયાનું તંત્રને વહીવટી તંત્રને મોંડે મોંડેથી ધ્યાનમાં આવ્યું છે.



હવે અહીંના 900 દબાણકારોને પ્રાથમિક નોટીસ બાદ આગામી 29 થી 31મી ડિસેમ્બર સુધી તેઓને રૂબરૂ સાંભળવામાં આવશે જેમાં તેઓ પોતાના મકાન કે દુકાનના ચોક્કસ આધાર પુરાવા રજૂ નહીં કરી શકે તો કલમ 202 હેઠળ નોટિસ આપી તેઓનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવામાં આવશે.

રાજકોટ પૂર્વ મામલતદાર નિલેશ અજમેરાએ જણાવ્યુ હતુ કે, શહેરના આજી નદીના કાંઠે જંગલેશ્વર વિસ્તારમાં ટીપી સ્કીમ નં.6માં આશરે 80,000 ચો.મી. જમીન ઉપર ગેરકાયદેસર 900 દબાણો ખડકાઈ ગયા છે. જેમા કોમર્શીયલ અને રહેણાંકના દબાણોને હટાવવા માટે ગુરુવારથી ઝૂંબેશ શરૂ કરી હતી. જેના ભાગરૂપે ગુરુવારે 500 બાદ શુક્રવારે 400 દબાણકારોને નોટિસ આપવામાં આવેલી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જંગલેશ્વર વિસ્તારની આ કરોડો રૂપિયાની સરકારી જમીન ઉપર વર્ષોથી ગેરકાયદેસર દબાણો ખડકાયા છે પરંતુ, રેવન્યુ તંત્રના ધ્યાને હવે આ બાબત આવતા તંત્રએ આળસ મરડી છે. આજથી જંગલેશ્વરમાં 900 દબાણકર્તાઓને નોટિસો ફટકારી હતી. જંગલેશ્વર સંવેદનશીલ વિસ્તાર હોય અત્રે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રેવન્યુ તંત્રની ટીમોએ નોટીસોની બજવણી કરી હતી. કલમ-61 હેઠળ અપાયેલી આ નોટિસો બાદ હવે રેવન્યુ તંત્ર દબાણકર્તાઓને સાંભળશે. જે પછી તેઓ યોગ્ય આધાર પુરાવા રજૂ નહીં કરી શકે તો કલમ-202 હેઠળ નોટિસ આપવામાં આવશે અને ત્યારબાદ દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી થશે.

# નવી કોર્ટ બિલ્ડિંગ અને 30% મહિલા અનામતના એજન્ડા સાથે જંગ જામ્યો, ઉમેદવારોનું વકીલ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર

સુરત, તા.19

સુરત કોર્ટ પરિસરમાં આજે વકીલોની દલીલોને બદલે ચૂંટણીના સ્લોગન અને જીતવા માટેના દાવપેચ જોવા મળ્યા હતા. સુરત જિલ્લા વકીલ મંડળની આગેવાની મેળવવા માટે મેદાને ઉતરેલા 46 ઉમેદવારો પૈકી 6 હોદ્દેદારો અને 11 કારોબારી મળીને કુલ 17 વકીલોના મંડળનું ભાવી નક્કી કરવા માટે વહેલી સવારથી મતદાન શરૂ થયું હતું. કોર્ટના પરિસરમાં ઉમેદવારો હાથમાં પેમ્પલેટ લઈને વકીલ મતદારોને રીઝવવા માટે એડીચોટીનું જોર લગાવતા નજરે પડ્યા હતા.

આ વર્ષની ચૂંટણીમાં સૌથી મહત્ત્વનો એજન્ડા નવી કોર્ટ બિલ્ડિંગના નિર્માણનો છે. વકીલોમાં આ પ્રશ્ન ચર્ચાનો વિષય છે કે, આગામી સમયમાં નવી કોર્ટ બિલ્ડિંગ ક્યાં આકાર લેશે અને તેમાં વકીલો માટે બેઠક વ્યવસ્થા કેવી હશે. આ સાથે જ સુરતમાં હાઈકોર્ટની એક બેન્ચ બને તેવી વર્ષો જૂની માગ પણ આ વખતે ચૂંટણી પ્રચારમાં મુખ્ય મુદ્દો રહી છે. વકીલોના પડતર પ્રશ્નો અને કોર્ટના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને વિવિધ પેનલો દ્વારા મોટા વચનો આપવામાં આવ્યા છે.



ચૂંટણી પ્રક્રિયામાં આ વર્ષે સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ 30% મહિલા અનામતનો ઐતિહાસિક અમલ કરવામાં આવ્યો છે. વકીલ મંડળના ઈતિહાસમાં પ્રથમવાર ખજાનચીનું પદ મહિલા વકીલને આપવાનો નિર્ણય લેવાયો છે. ખજાનચી અને એલઆરના પદ માટે મહિલા ઉમેદવારો વચ્ચે સીધો જંગ છે, જે સુરત બાર એસોસિએશનમાં મહિલા શક્તિના વધતા પ્રભાવને દર્શાવે છે. મતદાનની વ્યવસ્થામાં પણ આ વખતે મોટો ફેરફાર જોવા મળ્યો છે.

મતદાનનો આંકડો વધે અને સમયસર પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી મતદાનનો સમય 30 મિનિટ વધારવામાં આવ્યો છે. વહેલી સવારે 8:30 વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે 4:00 વાગ્યે પૂર્ણ થશે. વકીલોની ભીડને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા પણ ચુસ્ત કરવામાં આવી છે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને.

આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો આ વર્ષે મતદારોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે. ગત વર્ષના 4978 મતદારોની સામે આ વર્ષે કુલ 6433 મતદારો નોંધાયા છે, જેમાં 1500થી વધુ નવા યુવા મતદારો અને 1800થી વધુ મહિલા મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવશે. મતદારોની આટલી મોટી સંખ્યાને કારણે પરિણામો પણ ચોંકાવનારા આવી શકે છે તેવી ચર્ચા વકીલ આલમમાં ચાલી રહી છે. મતગણતરી માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના મુખ્ય 6 હોદ્દાઓ માટેની ગણતરી ચોથા માળે થશે, જ્યારે કારોબારી સભ્યોની ગણતરી 10th માળે કરવામાં આવશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

